RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 120 Dt. 13-02-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

રાહુલ જ્યોર્જ સોરોસ ફાઉન્ડેશન, ફોર્ડ ફાઉન્ડેશન અને USAID જેવી સંસ્થાઓ સાથે મળીને ભારત વિરોધી એજન્ડા ચલાવતા હોવાનો આરોપ

# રાહુલ ગાંધીનું સભ્યપદ રદ કરો : નિશિકાંત દુબે

## રાહુલ ગાંધી દેશને ગેરમાર્ગે દોરી રહ્યાનો આરોપ : ચૂંટણી લડવા આજીવન પ્રતિબંધ લગાવવાની પણ કરી માંગ



નવી દિલ્હી, તા.૧૨ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ ભાજપે આક્રમક વલણ અપનાવ્યું છે. ગુરુવારે ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ લોકસભા સ્પીકર ઓમ બિરલાને રાહુલ ગાંધી વિરુદ્ધ 'સબસ્ટેન્ટિવ મોશન' (Substantive Motion) માટે નોટિસ આપી છે. દુબેએ આરોપ લગાવ્યો છે કે, રાહુલ ગાંધી દેશને ગેરમાર્ગે દોરી રહ્યા છે અને તેમના સંબંધો ભારત વિરોધી શક્તિઓ સાથે છે.ઝારખંડના ગોડ્ડાથી સાંસદ નિશિકાંત દુબેએ નોટિસ આપ્યા બાદ મીડિયાને જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીની ભારત વિરોધી સંગઠનો સાથે સાંઠગાંઠ છે. દુબેનો દાવો છે કે, રાહુલ ગાંધી જ્યોર્જ સોરોસ ફાઉન્ડેશન, ફોર્ડ ફાઉન્ડેશન અને ઞજઅઈઉ જેવી સંસ્થાઓ સાથે મળીને ભારત વિરોધી એજન્ડા ચલાવી રહ્યા છે. દુબેએ ગાંધીના વિદેશ પ્રવાસ પર પણ સવાલો ઉઠાવ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે, રાહુલ ગાંધી થાઈલેન્ડ, કંબોડિયા, વિયેતનામ અને અમેરિકા જઈને ભારત વિરોધી શક્તિઓ સાથે મુલાકાત કરે છે.

દુબેએ ગાંધી પર આજીવન પ્રતિબંધની માગ કરી હતી. નિશિકાંત દુબેએ માગ કરી છે કે, રાહુલ ગાંધીનું સંસદ સભ્યપદ રદ કરવામાં આવે અને તેમના પર ચૂંટણી લડવા માટે આજીવન પ્રતિબંધ મૂકવામાં આવે તે ખૂબ જ જરૂરી છે. રાહુલ ગાંધી હાલમાં બજેટ સત્ર દરમિયાન મોદી સરકાર પર સતત આક્રમક પ્રહારો કરી રહ્યા છે. હાલમાં જ તેમણે ભારત-અમેરિકા ટ્રેડ ડીલ મામલે સરકાર પર 'દેશ વેચી દેવાનો' ગંભીર આરોપ લગાવ્યો હતો. જે બાદ ભાજપ અને કોંગ્રેસ સામસામે આવી ગયા છે. સંસદીય પ્રક્રિયામાં આ એક અત્યંત મહત્ત્વનો અને સ્વતંત્ર પ્રસ્તાવ છે.

આ પ્રસ્તાવ કોઈ ખાસ ગંભીર મુદ્દા કે વ્યક્તિ વિરુદ્ધ લાવવામાં આવે છે. આનો ઉપયોગ રાષ્ટ્રપતિ પર મહાભિયોગ ચલાવવા, મુખ્ય ચૂંટણી કમિશ્નરને હટાવવા અથવા સાંસદોનું સભ્યપદ રદ કરવા જેવી ગંભીર બાબતો માટે થાય છે.આ મોશન સ્વીકારવો કે નહીં તેનો અંતિમ નિર્ણય લોકસભા સ્પીકર ઓમ બિરલા લેશે. જો સ્પીકર મંજૂરી આપે, તો ગૃહમાં તેના પર ચર્ચા અને મતદાન થઈ શકે છે. જો મતદાન થાય તો ભાજપ પાસે રહેલું સાંસદોનું બળ જોતાં તે ગૃહમાંથી પસાર થઈ જાય તો પણ નવાઈ નહી. જો કે શું થાય છે તે તો આગામી સમય જ કહેશે.

શા માટે નિશિકાંત દુબેએ સબસ્ટેન્ટિવ મોશન પસંદ કર્યો?

નિશિકાંત દુબે માત્ર રાહુલ ગાંધીને સસ્પેન્ડ કરવા નથી માંગતા, પરંતુ તેઓ ઈચ્છે છે કે રાહુલ ગાંધીનું સભ્યપદ કાયમ માટે રદ થાય અને તેમના પર ચૂંટણી લડવાનો આજીવન પ્રતિબંધ લાગે. પ્રિવિલેજ મોશનમાં આજીવન પ્રતિબંધની જોગવાઈ મુશ્કેલ છે, તેથી તેમણે વધુ શક્તિશાળી ગણાતા 'સબસ્ટેન્ટિવ મોશન'નો સહારો લીધો છે.

## FIR કરો કે વિશેષાધિકાર હનનનો પ્રસ્તાવ લાવો : ખેડૂતો માટે લડતો રહીશ : રાહુલ ગાંધી

નવી દિલ્હી, તા.૧૨

કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્રીય સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજુ અને ભાજપ સાંસદ નિશિકાંત દુબેને જાહેરમાં પડકાર ફેંક્યો છે. તેમણે કહ્યું છે કે, મારા વિરુદ્ધ એફઆઈઆર કરો કે પછી સંસદમાં વિશેષાધિકાર હનનો પ્રસ્તાવ લાવો, હું ખેડૂતો માટે લડતો રહીશ.



વાસ્તવમાં રાહુલ ગાંધીએ સંસદમાં ભાષણ આપતી વખતે ટેરિફનો ઉલ્લેખ કરીને ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા, ત્યારબાદ કિરણ રિજિજુ (Kiren Rijiju) એ કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર રાહુલ વિરુદ્ધ વિશેષાધિકાર હનનનો પ્રસ્તાવ લાવી રહી છે, કારણ કે તેમણે ગૃહને ગેરમાર્ગે દોરી છે અને કોઈપણ આધાર વગર ગંભીર આક્ષેપો કર્યા છે. બીજીતરફ ભાજપ સાંસદ નિશિકાંત દુબે (Nishikant Dubey)એ ગુરુવારે (૧૨ ફેબ્રુઆરી) કહ્યું હતું કે, તેમણે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ 'વિશિષ્ટ પ્રસ્તાવ' માટે એક નોટિસ આપી છે. આ ઉપરાંત તેમણે રાહુલ ગાંધીની લોકસભાની સદસ્યતા રદ કરવાની અને આજીવન ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવાની પણ રજૂઆત કરી છે.

રિજિજુ અને દુબેનું નિવેદન સામે આવ્યા બાદ રાહુલ ગાંધીએ ગુરુવારે સાંજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર વળતો જવાબ આપતી પોસ્ટ કરી છે. તેમણે લખ્યું છે કે, 'FIR કરો, કેસ કરો કે પછી વિશેષાધિકાર હનનનો પ્રસ્તાવ લાવો, હું ખેડૂતો માટે લડતો રહીશ. કોઈપણ ટ્રેડ ડીલ ખેડૂતોની રોજગારી છિનવશે અથવા દેશની અન્ન સુરક્ષાને નબળો પાડશે તો તે કિસાન વિરોધી છે. ખેડૂત વિરોધી મોદી સરકારને અન્નદાતાઓના હિતો સાથે સમજૂતી નહીં કરવા દઈએ.' ઉલ્લેખનીય છે કે, સત્તાધારી પાર્ટીએ સંસદમાં રાહુલ ગાંધીના ભાષણ મામલે વિશેષાધિકાર હનનનો પ્રસ્તાવ લાવવાની તૈયારીઓ કરી હોવાની ચર્ચાઓ શરૂ થઈ હતી. જોકે બાદમાં સત્તાધારી પક્ષે આ પ્રસ્તાવ લાવવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો છે. જ્યારે રાહુલને વિશેષાધિકાર હનન પ્રસ્તાવ અંગે પૂછવામાં આવ્યું ત્યારે તેઓ મીડિયાના કેટલાક લોકો પર ભડકી ગયા હતા. તેમણે પત્રકારોને પોતાના કાર્યમાં 'ઉદ્દેશ્યપૂર્ણ બની રહેવા' અને પોતાના વ્યવસાયની પવિત્રતા જાળવી રાખવા જણાવ્યું હતું. લોકસભામાં સોમવારે ભાષણ આપતી વખતે રાહુલ ગાંધીએ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કેન્દ્ર સરકાર વિદેશી શક્તિઓ સામે સરેન્ડર થવાનો અને ભારત માતાને વેંચી દેવાનો આરોપ લગાવ્યો હતો. રાહુલના આ નિવેદનના કારણે ગૃહમાં હોબાળો મચી ગયો હતો અને સત્તાધારી પાર્ટીએ વિરોધ કર્યો હતો. તેઓએ વિપક્ષી નેતાની ભાષાને અસંસદીય ગણાવી વાંધો ઉઠાવ્યો હતો. ભાજપ નેતાઓએ માંગ કરી હતી કે, તેમના ભાષણને ગૃહની કાર્યવાહીમાંથી કાઢી નાખવામાં આવે.

---

૩.૨૫ લાખ રૂપિયાનો ફ્રાંસમાં થશે સોદો : સંરક્ષણ ક્ષેત્રે સર્જાશે ક્રાંતિ

# સરકાર ખરીદશે ૧૧૪ રાફેલ

નવીદિલ્હી, તા. ૧૨



ભારતીય વાયુસેના તાકાતમાં વધારો કરવા માટે તૈયાર છે. આ હાંસલ કરવા માટે, મોદી સરકારે ફ્રાન્સ પાસેથી નવા રાફેલ જેટ ખરીદવાને મંજૂરી આપી છે. ગયા વર્ષે ઓપરેશન સિંદૂર દરમિયાન સમગ્ર વિશ્વએ રાફેલ ફાઈટર જેટની શક્તિ જોઈ હતી, જે દર્શાવે છે કે ભારતે પાકિસ્તાન પર હવાઈ પ્રભુત્વ કેવી રીતે જાળવી રાખ્યું હતું. આંખના પલકારામાં, નૂર ખાન સહિત પાકિસ્તાનના એરબેઝ પર હુમલો કરવામાં આવ્યો હતો. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં નવા રાફેલ જેટની ખરીદીને મંજૂરી આપવામાં આવી હતી.

સંરક્ષણ સંપાદન પરિષદ (DAC) એ મુખ્ય ઉચ્ચ-મૂલ્ય સંરક્ષણ ખરીદી માટે આવશ્યકતાની સ્વીકૃતિ આપી છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં સંરક્ષણ સંપાદન પરિષદ (DAC) એ આશરે ૩.૬૦ લાખ કરોડના અંદાજિત ખર્ચ સાથે સશસ્ત્ર દળો તરફથી વિવિધ દરખાસ્તોને મંજૂરી આપી છે. ફ્રાન્સ સાથે રાફેલ સોદો આશરે ૩.૨૫ લાખ કરોડનો મંજૂર કરવામાં આવ્યો છે. આમાંથી, ₹૨.૫ લાખ કરોડ ૧૧૪ રાફેલ ફાઈટર જેટ માટે છે, અને બાકીની રકમ શસ્ત્રો, ઘટકો અને સહાયક પેકેજો માટે છે. ખરીદવામાં આવનારા મોટાભાગના ખછ્ઞ્રઅ રાફેલ વિમાન ભારતમાં બનાવવામાં આવશે. આ લડાયક મિસાઈલો ઊંડા ઘૂસપેંઠ અને ઉચ્ચ ચોકસાઈ સાથે સ્ટેન્ડ-ઓફ ગ્રાઉન્ડ એટેક ક્ષમતાઓને મજબૂત બનાવશે. દરમિયાન, અજ-ઈઅઙ્જ નો ઉપયોગ લશ્કરી હેતુઓ માટે સતત ગુપ્ત માહિતી, દેખરેખ અને રિકોનિસન્સ (ISR), ઈલેક્ટ્રોનિક ઈન્ટેલિજન્સ, ટેલિકોમ્યુનિકેશન અને રિમોટ સેન્સિંગ માટે કરવામાં આવશે. ભારતીય સેના માટે 'વિભાવ' એન્ટી-ટેન્ક માઈન્સની ખરીદી અને અછ્ઠત, ઝ-૭૨ ટેન્કો અને ઈન્ફન્ટ્રી કોમ્બેટ વ્હીકલ્સ (BMP-II) વાહન પ્લેટફોર્મના ઓવરઓલને મંજૂરી આપવામાં આવી છે. દુશ્મન યાંત્રિક દળોની આગળ વધવાની ગતિ ધીમી કરવા માટે 'વિભાવ' ખાણોને એન્ટી-ટેન્ક અવરોધ સિસ્ટમ તરીકે તૈનાત કરવામાં આવશે. ARVs, T-72 ટેન્કો અને BMP-IIs ના ઓવરઓલથી સાધનોની સેવા જીવન વધશે.

ભારતીય નૌકાદળ માટે ૪-મેગાવોટ મરીન ગેસ ટર્બાઈન-આધારિત ઈલેક્ટ્રિક પાવર જનરેટર અને ડ્ર્ઈ લાંબા અંતરના દરિયાઈ રિકોનિસન્સ એરક્રાફ્ટને મંજૂરી આપવામાં આવી છે. ઈલેક્ટ્રિક પાવર જનરેટરની સ્વદેશી ખરીદી વિદેશી ઉત્પાદકો પરની આપણી નિર્ભરતા ઘટાડશે અને નૌકાદળની વીજ ઉત્પાદન જરૂરિયાતોમાં આત્મનિર્ભરતા સુનિશ્ચિત કરશે. તે જ સમયે, P8I વિમાનોની ખરીદી નૌકાદળની લાંબા અંતરની સબમરીન વિરોધી યુદ્ધ, દરિયાઈ દેખરેખ અને દરિયાઈ હડતાલ ક્ષમતાઓમાં વધારો કરશે.

# ટોલ ટેક્સના નિયમોમાં રવિવારથી ફેરફાર

## અધુરા રહેલા એક્સપ્રેસ હાઈવે પર મળશે મુસાફરોને ટોલટેક્સમાં રાહત

નવીદિલ્હી, તા. ૧૨

દેશભરમાં એક્સપ્રેસવેના ઝડપી નિર્માણથી લાંબા અંતરની મુસાફરી સરળ અને ઝડપી બની છે. કેન્દ્ર સરકાર રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા માટે સતત રોકાણ કરી રહી છે. જોકે, મુસાફરોમાં એક મોટી ફરિયાદ એ હતી કે એક્સપ્રેસવે સંપૂર્ણ રીતે પૂર્ણ ન થયા હોય ત્યારે પણ તેમની પાસેથી સંપૂર્ણ અને ક્યારેક વધુ પડતો ટોલ વસૂલવામાં આવતો હતો. સરકારે હવે આ સિસ્ટમમાં નોંધપાત્ર ફેરફાર કર્યો છે. નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે કોઈપણ મુસાફરને અધૂરા ટોલ પર ટોલ ટેક્સ ચૂકવવાની જરૂર રહેશે નહીં. નવા નિયમ હેઠળ, જો કોઈ રાષ્ટ્રીય એક્સપ્રેસવે ''એન્ડ-ટુ-એન્ડ'' સંપૂર્ણપણે કાર્યરત ન હોય, તો તેના ખુલ્લા ભાગ પર પ્રીમિયમ એક્સપ્રેસવે દરે ટોલ વસૂલવામાં આવશે નહીં. આવા કિસ્સાઓમાં, ફક્ત સામાન્ય રાષ્ટ્રીય ધોરીમાર્ગ દર જ વસૂલવામાં આવશે.

અગાઉ, નિયમ મુજબ એક્સપ્રેસવે જાહેર થયા




પછી ૨૫ ટકા સુધી વધુ ટોલ વસૂલવાની મંજૂરી હતી, ભલે રસ્તાનો અમુક ભાગ હજુ બાંધકામ હેઠળ હોય. આના કારણે મુસાફરો પર અસુવિધા અને વધારાનો નાણાકીય બોજ પડતો હતો. સરકારે નેશનલ હાઈવે ફી (નિર્ધારણ અને વસૂલાત) નિયમો, ૨૦૦૮ માં સુધારો કરીને આ ફેરફાર કર્યો છે. નવી જોગવાઈ મુજબ, એક્સપ્રેસવેને તેમની સંપૂર્ણ લંબાઈ કાર્યરત ન થાય ત્યાં સુધી પ્રીમિયમ ગણવામાં આવશે નહીં. સરકાર માને છે કે આ નિર્ણય લોકોને અપૂર્ણ પરંતુ કાર્યરત વિભાગોનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરશે. અત્યાર સુધી, ઘણા ડ્રાઈવરો વધારાના ટોલથી બચવા માટે જૂના રાષ્ટ્રીય ધોરીમાર્ગોનો ઉપયોગ કરતા હતા, જેના કારણે ભીડ અને ટ્રાફિક જામમાં વધારો થતો હતો.

નવી સિસ્ટમ સંતુલિત ટ્રાફિક વિતરણને સક્ષમ બનાવશે, મુસાફરીનો સમય ઘટાડશે અને ઈંધણની બચત થશે. ભીડમાં ઘટાડો થવાથી પ્રદૂષણ પણ ઘટવાની અપેક્ષા છે. નિષ્ણાતો કહે છે કે આ નિર્ણય ટોલ વસૂલાત પ્રણાલીમાં પારદર્શિતા અને ન્યાયીતા લાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. તે સમયસર પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવા માટે દબાણ પણ વધારશે, કારણ કે પ્રીમિયમ ટોલ ફક્ત ત્યારે જ માન્ય રહેશે જ્યારે રસ્તો સંપૂર્ણપણે પૂર્ણ થશે.

એકંદરે, આ ફેરફાર, જે ૧૫ ફેબ્રુઆરીથી અમલમાં આવશે, તે લાખો દૈનિક મુસાફરો અને લાંબા અંતરના પ્રવાસીઓ માટે આવકારદાયક રાહત છે જેમણે લાંબા સમયથી અપૂર્ણ રસ્તાઓ પર સંપૂર્ણ ટોલ ચૂકવવા સામે અસંતોષ વ્યક્ત કર્યો છે.

---

# પાઈલટે ફ્યુઅલ કંટ્રોલ સ્વીચ કરી'તી બંધ

નવીદિલ્હી, તા. ૧૨

૧૨ જૂન, ૨૦૨૫ ના રોજ અમદાવાદમાં એર ઈન્ડિયા બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનરના ક્રેશની તપાસ હજુ પણ ચાલુ છે, પરંતુ ઈટાલિયન અખબાર, દૈનિક કોરીએર ડેલા સેરા, એ બોઈંગને દોષમુક્ત કરવાનો પ્રયાસ કર્યો છે. ઈટાલિયન અખબારનો દાવો છે કે આ અકસ્માત ટેકનિકલ ખામીને કારણે થયો ન હતો, પરંતુ એન્જિનના ઈંધણ નિયંત્રણ સ્વીચોને ઈરાદાપૂર્વક બંધ કરવાથી થયો હતો. નવી દિલ્હી અને વોશિંગ્ટન વચ્ચેની ચર્ચાઓને ટાંકીને, અખબાર પાઈલટ સુમિત સભરવાલને ગુનેગાર તરીકે દર્શાવે છે. ગયા વર્ષે ૧૨ જૂનના રોજ, અમદાવાદ એરપોર્ટ પરથી ટેકઓફ કર્યાના થોડા સેકન્ડ પછી એર ઈન્ડિયા ફ્લાઈટ ૧૭૧ ક્રેશ થયું હતું. વિમાન મેડિકલ કોલેજ હોસ્ટેલમાં અથડાયું હતું. આ અકસ્માતમાં ૨૪૧ મુસાફરો સહિત ૨૬૦ લોકોના મોત થયા હતા. આ અકસ્માતમાં બચી



ગયેલા એકમાત્ર નસીબદાર મુસાફર વિશ્વકુમાર રમેશ હતા. બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર વિમાન અકસ્માતમાં સામેલ હતું. ઘટના પછીની પ્રારંભિક તપાસમાં સૂચવવામાં આવ્યું હતું કે એન્જિનમાં ઈંધણ કાપને કારણે અકસ્માત થયો હતો. ત્યારબાદ પ્રશ્નો ઉભા થયા કે ઈરાદાપૂર્વક ફ્લાઈટ કટ કરવામાં આવ્યો હતો. ફ્લાઈટના કમાન્ડ પાઈલટ કેપ્ટન સુમિત સભરવાલ હતા, જ્યારે ફર્સ્ટ ઓફિસર ક્લાઈવ કુંદર કો-પાઈલટ હતા.

ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ઉગ્ન્ઙ્ઈઅ) અમદાવાદ વિમાન દુર્ઘટનાની તપાસ કરી રહ્યું છે, અને તેનો રિપોર્ટ પેન્ડિંગ છે. જોકે, ઈટાલિયન દૈનિક કોરીએર ડેલા સેરાએ નવી દિલ્હી અને વોશિંગ્ટન વચ્ચેની વાતચીતના આધારે એક અહેવાલ પ્રકાશિત કર્યો છે. આ અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે એન્જિનમાં ઈંધણ કાપ્યા પછી બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર ક્રેશ યાંત્રિક ખામીને કારણે થયો ન હતો. રિપોર્ટમાં એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (અઅઈઇ) દ્વારા બહાર પાડવામાં આવેલી કોકપીટમાં છેલ્લી વાતચીતનો પણ ઉલ્લેખ છે. કોકપીટ વોઈસ રેકોર્ડિંગમાં, એક પાઈલટ પૂછતો સાંભળવામાં આવે છે, ''તમે ઈંધણ કેમ કાપી નાખ્યું?'' બીજાએ જવાબ આપ્યો, ''મેં તે કર્યું નથી.'' બ્લેક બોક્સ ડેટાના ટેકનિકલ મૂલ્યાંકનમાં યાંત્રિક ખામીને બદલે મેન્યુઅલ શટડાઉન સ્વીચ તરફ પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું, કારણ કે અકસ્માત સમયે બંને એન્જિન બંધ થઈ ગયા હતા.

ઈટાલિયન દૈનિક અનુસાર, તપાસકર્તાઓનો દાવો છે કે એક પાઈલટે એન્જિનના ઈંધણ નિયંત્રણ સ્વીચ બંધ કરી દીધા હતા, જેના કારણે વિમાન પાવર ગુમાવી દીધું અને જમીન પર ક્રેશ થયું. રિપોર્ટમાં જણાવાયું છે કે પરિસ્થિતિ હજુ પણ અસ્પષ્ટ છે, પરંતુ મુખ્ય શંકાસ્પદ કેપ્ટન સુમિત સભરવાલ છે, જે અંગત બાબતોને કારણે ડિપ્રેશનથી પીડાતો હતો. પાઈલટ્સ એસોસિએશન અને સુમિત સભરવાલના પિતાએ એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોના પ્રારંભિક તપાસ અહેવાલને નકારી કાઢ્યો છે. કોરીએર ડેલા સેરાના જણાવ્યા અનુસાર, અંતિમ તપાસ અહેવાલમાં પાઈલટ્સના સતત મનોવૈજ્ઞાનિક મૂલ્યાંકન અને માનસિક સ્વાસ્થ્ય દેખરેખની પણ ભલામણ કરવામાં આવી છે.

**અમદાવાદ વિમાન દુર્ઘટના અંગે ઈટાલિયન અખબારનો આક્ષેપ**

ડિજિટલ યુગમાં ભાષિણી ટૂલ્સના માધ્યમથી હવે અંગ્રેજી સહિત કોઈપણ ભાષામાંથી સ્થાનિક ભાષાંતર કરી શકાય

# ભાષાના અવરોધો દૂર કરવા સરકાર સજ્જ

## રાજ્યમંત્રી અર્જુન મોઢવાડીયાની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાના 'ભાષિણી રાજ્યમ' વર્કશોપનું સફળ આયોજન

રાજકોટ, તા. ૧૨

AI આધારિત 'ભાષિણી' ટૂલ્સ થકી ગુજરાતી સહિત દેશની વિવિધ સ્થાનિક ભાષાઓનો વધુ સારો ઉપયોગ થઈ શકશે. પોતાની ભાષા અને બોલી જાળવી રાખવી એ આપણા સૌની ફરજ છે. ભારત વિવિધતા ધરાવતો દેશ છે એટલે જ દરેક પ્રદેશની બોલી-ભાષા અલગ અલગ છે. ડિજિટલ યુગમાં ભાષિણી ટૂલ્સના માધ્યમથી હવે અંગ્રેજી સહિત કોઈપણ ભાષામાંથી તેનું સ્થાનિક ભાષામાં ભાષાંતર કરી શકાય છે, જેથી વિષય-ભાષાને સમજવામાં વધુ સરળતા રહેશે, તેમ આજે ગાંધીનગર ખાતે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું.




ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડ અને ભારત સરકારના MeitY અંતર્ગત 'ડિજિટલ ઈન્ડિયા ભાષિણી' ના સંયુક્ત ઉપક્રમે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી અર્જુન મોઢવાડીયાની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે 'ભાષિણી રાજ્યમ - ગુજરાત ચેપ્ટર' વિષય પર એક દિવસીય રાજ્યકક્ષાના વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીએ 'અક્ષર દ્રષ્ટિ' પોર્ટલનું લોન્ચિંગ કરીને નાગરિકોની સેવામાં કાર્યરત કર્યું હતું. આ સમગ્ર વર્કશોપ દરમિયાન સરકારી સેવાઓમાં ભાષાંતરની આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે વધારવો તે અંગે વિસ્તૃતમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મંત્રી મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ભાષાના કારણે કોઈપણ કામ અટકવું જોઈએ નહીં તેવા મંત્ર સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં 'ડિજિટલ ઈન્ડિયા' અંતર્ગત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ- અંઈ આધારિત ભાષિણી ટૂલ્સ વિકસાવવામાં આવ્યું છે. જેના અમલથી ભારતીયોને વૈશ્વિક સ્તરે સંવાદ કરવામાં ખૂબ જ સરળતાની સાથે અન્ય ઉપર આધારિત રહેવું નહીં પડે અને કામમાં વધુ ઝડપ આવશે.

મંત્રીએ જાપાનનું ઉદાહરણ આપતાં કહ્યું હતું કે, જાપાનમાં એક પણ સાઈન બોર્ડ અંગ્રેજી ભાષામાં નથી પરંતુ તેની પોતાની ભાષામાં છે. આગામી સમયમાં શાળા, કોલેજ અને વિશ્વવિદ્યાલયમાં પણ આ ટૂલ્સના ઉપયોગથી વિદ્યાર્થીઓ વધુ ભાષાઓ સમજી અને શીખી શકશે જેથી તેમના જ્ઞાનમાં વધારો થશે.

મંત્રી કહ્યું હતું કે, AI આધારિત 'ભાષિણી' પોર્ટલ થકી ગુજરાત સરકારની વેબસાઈટ અને પરિપત્રોને પણ અંગ્રેજીમાંથી ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ કરાવી શક્યા છીએ. રાજ્ય સરકારની બહુભાષી ડિજિટલ શાસનને પ્રોત્સાહન આપતી રાષ્ટ્રીય પહેલ ભાષિણી વિષયક આ એક દિવસીય વર્કશોપ કર્મચારીઓ-અધિકારીઓ માટે ખૂબ જ મહત્વનો સાબિત થશે.

તેમણે કહ્યું કે, અસરકારક અને સમાવેશી જાહેર સેવા પ્રદાન માટે ભાષા એક મહત્વપૂર્ણ સાધન છે. નાગરિકોને સમજાય તેવી ભાષામાં સેવાઓ ઉપલબ્ધ થાય ત્યારે જ ડિજિટલ ગવર્નન્સના હેતુઓ સિદ્ધ થાય છે. ગુજરાતમાં મોટા ભાગના નાગરિકો ગુજરાતી તથા અન્ય ભારતીય ભાષાઓમાં સંવાદ કરવાનું પસંદ કરે છે. તેથી સરકારી સેવાઓમાં ભાષા અવરોધ ન બને તે સુનિશ્ચિત કરવું આવશ્યક છે.

મંત્રી મોઢવાડિયાએ કહ્યું કે, કેન્દ્ર સરકારના ખયશઢિં દ્વારા ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમ હેઠળ શરૂ કરાયેલ ભાષિણી ભાષાંતર, અવાજ આધારિત સેવા અને બહુભાષી અંઈ સુવિધાઓ માટે એક સામાન્ય રાષ્ટ્રીય પ્લેટફોર્મ પુરુ પાડે કરે છે. ભાષિણીના અમલથી નાગરિક સેવા પોર્ટલ, હેલ્પડેસ્ક, ચેટબોટ અને અવાજ આધારિત સેવાઓને સ્થાનિક ભાષામાં ઉપલબ્ધ કરી શકાય છે, જેના દ્વારા વધુ પારદર્શિતા, સુલભતા અને સમાવેશિતા આવે છે. આ રાષ્ટ્રીય ડિજિટલ પહેલમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતે હંમેશા અગ્રેસર ભૂમિકા ભજવી છે તેમ, જણાવી ભાષિણી ટૂલ્સનો મહત્તમ ઉપયોગ કરીને તેને જન-જન સુધી લઈ જવા મંત્રીએ સૌને અનુરોધ કર્યો હતો.

ડિજિટલ ઈન્ડિયા 'ભાષિણી' ડિવિઝનના ઈઊઘ અમિતાભ નાગે વર્કશોપના સફળ આયોજન બદલ રાજ્ય સરકારની પ્રશંસા કરતા કહ્યું હતું કે, ભાષિણી રાજ્યમ વર્કશોપના આયોજનથી અધિકારીઓ-કર્મચારીઓ અંગ્રેજી સિવાયની સ્થાનિક ભાષાનો વધુ સારી રીતે ઉપયોગ કરી શકાશે, જે શાસન વ્યવસ્થામાં ખૂબ મદદરૂપ થશે. ભારત એ ભાષાનો સમૃદ્ધ વારસો ધરાવે છે, જેથી તમામ ભાષાઓ જાણવી-સમજવી જરૂરી છે.

ભારતીય ભાષાઓને જાણવા માટે હવે અંઈ આધારિત ભાષિણી ટૂલ્સ ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું છે. જે AI આધારિત ટૂલ્સ હોવાથી તેમાં નાના-મોટા સુધારા-વધારા કરવા જરૂરી છે. ટેકનોલોજીના માધ્યમથી ભાષિણીમાં સમયાંતરે શોધ અને સંશોધન થઈ રહ્યા છે જે તેને વધુ શ્રેષ્ઠ, સચોટ અને સરળ બનાવશે તેવું અમિતાભ નાગે ઉમેર્યું હતું. આ પ્રસંગે અમિતાભે અંગ્રેજીમાં કરેલા સમગ્ર સંબોધનનું ભાષિણી ટૂલ્સ થકી ગુજરાતીમાં લાઈવ ટ્રાન્સલેશન કરીને બતાવવામાં આવતું હતું. આ પ્રસંગે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી સચિવ પી. ભારતીએ જણાવ્યું હતું કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-AI એ માત્ર ટેકનોલોજી નથી, પરંતુ તે વહીવટી ક્ષમતા અને નાગરિકોને વધુ સશક્ત બનાવવાનું માધ્યમ છે. આપણે અંઈનો ઉપયોગ ઉત્તમ સેવા અને સરળતા વધારવા માટે કરવા માંગીએ છીએ. સાથે જ, તે વિશ્વાસપાત્ર, સુરક્ષિત, પ્રાઈવેસીનું રક્ષણ કરનાર અને સર્વસમાવેશક તેમજ દરેક નાગરિક માટે દરેક ભાષામાં કામ કરતું હોવું જોઈએ. 'ભાષિણી' ખાસ કરીને વોઈસ અને લેંગ્વેજ ટૂલ્સ બનાવવામાં મદદ કરે છે, જેથી નાગરિકો તેમની પસંદગીની ભાષામાં ડિજિટલ સેવાઓ મેળવી શકે.

ગુજરાત સરકારના પ્રયાસોની વાત કરતાં તેમણે ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર ટૂંક સમયમાં અંઈ પર ધ્યાન કેન્દ્રિત કરતું 'ડીપ ટેક મિશન' જાહેર કરવા જઈ રહી છે. આ ઉપરાંત ગિફ્ટ સિટીમાં 'ઇન્ડિયન અંઈ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન' અને 'AI સેન્ટર ઓફ એક્સેલન્સ' તેમજ ગાંધીનગર ખાતે ડેટા સેન્ટર ઈકોસિસ્ટમ અને ભવિષ્ય માટે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થાપના કરવામાં આવશે.

ગુજરાત ઈન્ફોર્મેટિક્સ લિમિટેડના એમડી અરવિંદ વિજયને સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગ થકી રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં આંતરિક વહીવટ અને નાગરિક કેન્દ્રીત સેવાઓ વધુ ઉત્તમ બની શકે છે, જે અંતર્ગત 'ભાષિણી' ટૂલ ખૂબ જ સુસંગત છે. આ ઉપરાંત રાજ્ય સરકારના વિવિધ વિભાગો જ્યારે અલગ-અલગ અંઈ સોલ્યુશન્સ અપનાવી રહ્યા છે, ત્યારે તમામ પોર્ટલ વચ્ચે સંકલન જળવાય તે માટે 'યુનિફાઇડ અંઈ પોલિસી' અને ચોક્કસ ધોરણો નિર્ધારિત કરવા પર તેમણે ભાર મૂક્યો હતો. Gujarat Unified Data Stack-GUDS પ્રોજેક્ટ હેઠળ એક યુનિફાઇડ ડેટા પોર્ટલ બનાવવામાં આવશે. આ પોર્ટલ દ્વારા નાગરિકોના ડેટાનો એક 'ગોલ્ડન રેકોર્ડ' તૈયાર થશે, જેનાથી ડેટા માઇનિંગ અને સરકારી યોજનાઓના અમલીકરણમાં સચોટતા આવશે.

ડિજિટલ ઈન્ડિયા ભાષિણી ડિવિઝન-DIBDના સિનિયર મેનેજર અજય સિંઘ રાજાવતે સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આ એક દિવસીય વર્કશોપ દરમિયાન નિષ્ણાંતો દ્વારા 'ભાષિણી' ઉડયત, 'ભાષિણી' એપ મિત્ર, 'ભાષિણી' પ્રવક્તા, કાનૂની અને નિયમન જેવા વિવિધ વિષયો ઉપર ચર્ચાઓ કરવામાં આવી હતી.

આ વર્કશોપમાં વિવિધ વિષય નિષ્ણાંતો, ખયશઢિં અને રાજ્યભરમાંથી GILના ઉચ્ચ અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કડીમાં રાક્ષસી કૃત્યથી સમગ્ર પંથકમાં અરેરાટી સાથે રોષ

# નુરબાના ફાર્મ હાઉસમાં ગૌ માતાની બેરોકટોક કતલ ?

## કસાઈઓની કત્લેઆમ પર ગૌરક્ષકો ત્રાટક્યા; લોહીથી ખરડાયેલા છરા-રિક્ષા જપ્ત

કડી, તા.૧૨

મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં ગૌવંશની કતલની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અલદેશણ રોડ પર ૧૧ ફેબ્રુઆરીની મોડી રાત્રે ગૌરક્ષકોએ પાડેલા દરોડા દરમિયાન બે ગાયના કતલ કરેલા મૃતદેહ મળી આવતાં સમગ્ર પંથકમાં ભારે રોષ સાથે અરેરાટી ફેલાઈ છે. ઘટનાસ્થળેથી કતલ માટે વપરાયેલા હથિયારો અને એક રિક્ષા પણ મળી આવી છે.



છેલ્લા ઘણા સમયથી કડીના અલદેશણ રોડ આસપાસ ગૌવંશની કતલ થતી હોવાની ફરિયાદો ઉઠી રહી હતી. આવી પ્રવૃત્તિને રોકવા માટે ગૌરક્ષકો છેલ્લા કેટલાક દિવસોથી રાત્રિના સમયે રેકી કરી રહ્યા હતા. બુધવારે મોડી રાત્રે ગૌરક્ષકોને પાકી બાતમી મળી હતી કે અલદેશણ ગામની સીમમાં આવેલા નૂરબાનુ ફાર્મ હાઉસ પાસેના ખુલ્લા મેદાનમાં કેટલાક શખ્સો ગાયોની કતલ કરી રહ્યા છે. ગૌરક્ષક ગૌસ્વામી પાર્થગિરી બાબુગિએ જણાવ્યું હતું કે, તેઓ રાતે જાગતા હતા, ત્યારે જોયું કે ગાયો કપાતી હતી. પગ કાપેલા જોવા મળ્યા હતા ગાયોના. અમે જોડે આવ્યા એટલે આરોપી ભાગી ગયા. રિક્ષા ઝડપાઈ. ગાયો બહુ કાપેલી છે, ૧૫-૨૦ જેટલીગાયો કાપેલી છે. એટલે તેઓની માંગણી છે કે, આરોપીઓને તાત્કાલિક પકડવામાં આવે અન્યથા રેલી સહિતના આંદોલનાત્મક કાર્યક્રમો જાહેર કરવામાં આવશે.

### ગૌ કતલ અટકાવીને કસુરવારોનો કાઢો વરઘોડો

ગૌરક્ષક ઠાકોર દાનસંગજીએ જણાવ્યું હતું કે, અલદેસણ-જાસલપુર રોડ ઉપર નૂરબાના ફાર્મના આજુબાજુમાં અઠવાડિયાથી રાત્રે ગાયો કપાવાનું ચાલુ હતું. ખેતરમાં બધા ગૌરક્ષકો, ગૌપ્રેમીઓએ આવીને જોયું તો ગાયો કપાતી હતી એના અવશેષો જોવા મળ્યા હતા. બે-ત્રણ દિવસથી જોયું તો ચાર-પાંચ ગાય કાપેલી જોવા મળી હતી. પછી તપાસ કરી, રાતે પણ ચેકિંગ કર્યું હતું. તો રાત્રે બે-ત્રણ ગાય કાપતા હતા ત્યાં દરોડો પાડવામાં આવતા ગાયો કાપનારા ભાગી ગયા હતા. દરમિયાન પોલીસને રજૂઆત કરવામાં આવતા પોલીસે તપાસ આદરતા એમણે એક રિક્ષા પકડી હતી. ગૌ રક્ષકોની માંગ છે કે, ગૌમાતાની કતલ કરનાર તત્વોનને કડક સજા કરાવવા વરઘોડો કાઢવામાં આવે તે જરૂરી છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, બાતમી મળતા જ ગૌરક્ષકોની ટીમે ઘટનાસ્થળે દરોડો પાડ્યો હતો. જોકે, ગૌરક્ષકોને આવતા જોઈ કતલ કરી રહેલા શખસ અંધારાનો લાભ લઈને ત્યાંથી નાસી છૂટ્યા હતા. ગૌરક્ષકોએ સ્થળ પર તપાસ કરતાં કતલ કરેલી હાલતમાં બે ગાય મળી આવી હતી. તપાસ દરમિયાન ત્યાંથી કતલ કરવા માટે વપરાયેલા તીક્ષ્ણ છરા અને લોહીથી ખરડાયેલી એક બિનવારસી રિક્ષા મળી આવી હતી, જેનો ઉપયોગ ગૌમાંસની હેરફેર માટે થતો હોવાની આશંકા છે. ઘટનાની જાણ થતા જ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. કડી પોલીસને જાણ કરવામાં આવતા ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો પણ સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે તાત્કાલિક પશુ ચિકિત્સકને બોલાવી જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# તરૂણી પર દુષ્કર્મ ગુજારનાર નરાધમને ૨૦ વર્ષની સજા

રાજકોટ, તા.૧૨

ગત નવરાત્રી દરમિયાન શહેરમાં તરુણી સાથે મિત્રતા કેળવીને, લગ્નની લાલચ આપી દુષ્કર્મ ગુજારનાર સાગર મનસુખ મકવાણાને પોક્સો કોર્ટે ૨૦ વર્ષની સખત સજા કરી છે.

૧૭.૬ વર્ષની તરુણીને શહેરમાંથી ભગાડી જઈને, નવરાત્રી દરમિયાન સાગર મનસુખ મકવાણાએ અવારનવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. પીડિતાની માતાની ફરિયાદ પરથી યુનિવર્સીટી પોલીસે ગુનો નોંધી સાગરને ઝડપી લીધો હતો.


સરકારી વકીલની દલીલો, પુરાવાઓ માન્ય રાખતી પોક્સો કોર્ટ

દરમિયાન કોર્ટમાં કેસ ચાલી જતા આજે સ્પેશિયલ પોક્સો કોર્ટ દ્વારા આરોપીને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા ફટકારાઈ હતી. ઉપરાંત આઈ.પી.સી.ની કલમ ૩૬૬ મુજબ ૭ વર્ષથી સખ્ત કેદની સજા તેમજ ગુજરાત વિકટીમ કમ્પન્સેશન સ્કીમ અન્વયે ભોગ બનનાર બાળકીને ૭ લાખ ચુકવવાનો આદેશ આપ્યો છે.

સરકારી વકિલ પ્રશાંત પટેલએ કેસના સાહેદો અને પંચોને તપાસી, પુરાવાના અંકોડા મેળવી, કેસમા પોતાની દલીલ કરી ફરીયાદ પક્ષનો કેસ પુરવાર કર્યો છે.

પીડિતા બાળકીએ જુબાની વખતે બનાવની સમગ્ર ઘટના જણાવી આરોપીને ઓળખી બતાવ્યો હોવાનું સરકારી વકીલે જણાવ્યું હતું. આરોપીએ બાળકી સાથે ગુનો કરવા માટે અગાઉથી નક્કી કરી ભોગ બનનાર તરુણી સાથે દુષ્કર્મ આચર્યું છે. જેથી આરોપીનો ગુન્હો કરવાનો ઈરાદો સ્પષ્ટ છે તેમજ ફરિયાદ પક્ષે રજુ થયેલા પુરાવાઓ જોતા આરોપી વિરૂદ્ધ કેસ સાબિત થતો હોય અને પોકસો એકટ જેવા ગંભીર ગુનામાં આરોપીને મહતમ સજા કરવી જોઈએ તેવી સરકારી વકિલની દલીલો માન્ય રાખી કોર્ટે આરોપીને કસુરવાર ઠરાવી ૨૦ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી છે. આ કેસમા સરકાર પક્ષે એ.પી.પી. પ્રશાંત પટેલ અને સહાયક તરીકે રાજન ટીબા, મુસ્કાન સમા રોકાયા હતા.

**અનુરૂપના બ્રાઈડ-ગ્રુમ રૂબરૂ વાત કાયક્રમો ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં!**

થોડા દાયકા પહેલા સુધી, વિદેશ જવું એક મોટી વાત હતી. પરંતુ છેલ્લા પચીસ વર્ષોમાં. આ પરિસ્થિતિ ઘણી બદલાઈ ઘઈ છે. મરાઠી બાળકો શિક્ષણ અને નોકરી માટે ઘર છોડવા લાગ્યા. અને ધીમે ધીમે. મરાઠી લોકો અમેરિકા,ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ,ઈંગ્લેન્ડ અને કેનેડા જેવા દેશોમાં સ્થળાંતર કરી ગયા.મરાઠી સમુદાય પણ પોતાની કુશળતાના બળ પાર ત્યાં પ્રખ્યતા બન્યા.
આ વલણ આજે પણ બદલાયુ નથી। ઘણા વર્ષો પહેલા ત્યાં ગયા પછી પણ, 'અનૂરૂપ' નામ મરાઠી લોકો માટે અજાણ્યું નથી. કારણકે તેમાંના ઘણાએ અનૂરૂપમાં લગ્ન કર્યા હતા. જેની 50 વર્ષની સમૃદ્ધ પરંપરા છો આજે,તેમના પુત્રો અને પુત્રીઓ લગ્ન કરી રહ્યાછે અને અલબત્ત ,તેઓ અનૂરૂપ પાર વિશ્વાસ કરેછે, જેની પાસે એક અત્યાધુનિક વેબસાઈટે છે - મોબાઈલ એપ્લિકેશના એટલા માટે અનૂરૂપે નક્કી કર્યું કે વિદેશમાં આ મરાઠી સમુદાય માટે, નોકરી અને શિક્ષણ માટે આજે ત્યાં ગયેલા છોકરા અને છોકરીઓ માટે ખાસ પ્રયાસો કરવા જોઈએ, આજના છોકરા છોકરીઓને પરંપરાગત વર - કન્યા ની 'મિટિંગ' પંસદ નથી. એટલેજ અનૂરૂપે સૌપ્રથમ 2014 માં રૂબરૂ વાત કાર્યક્રમ અમેરિકા ખાતે યોજ્યો, જે ખૂબજ રસપ્રદ રીતે એકબીજાનો પરિચય કરાવવા માટેરચાયેલ છે, અત્યાર સુધીમાં, અમેરિકામાં યોજાયેલા 24 રૂબરૂ વાત કાયક્રમોમાં 2600 થી વધુ ચોકર-ધોકરીઓએ ભાગ લીધો છે. છેલ્લા 4 વર્ષમાં, અનુંરૂપ સિંગાપોર અને દુબઈ સહીત આ બધા સ્થળો સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યું છે.
જયારથી અનૂરૂપે ગુજરાતી સમુદાય માં સેવાઓ શરૂ કરી છે. ત્યારથી અનૂરૂપે ગુજરાતી પાત્રો સુધી પહોંચવાનો પણ પ્રયત્ન રહ્યોછે. અને પરદેશ વાશી છોકરા છોકરીઓ ને સામુદાયિક બંધન થોડા ઓછા હોય છે. એવું જોવામાં આવ્યું છે, તો અનુંરૂપ ના મીટ અપ કાર્યક્રમો માં મરાઠી અને ગુજરાતી બંને
માતૃભાષા વાળા પાત્રો સહભાગી થાય છે,
અમે જ નથી બધા કેહતા કે જ્યાંજ્યાં ગુજરાતી અને મરાઠી લોકો પહોંચ્યા છે. ત્યાં ત્યાં અનૂરૂપના કાર્યક્રમો થાય છે.
* ન્યૂઝીલેન્ડમાં રૂબરૂ વાત કાર્યક્રમ :- 21 ફેબ્રુઆરી 2026 (શનિવાર ): ઓકલેન્ડ
* ઓસ્ટ્રેલિયામાં રૂબરૂ વાત કાયક્રમ :-28 ફેબ્રુઆરી 2026 (શનિવાર ): સિડની , (છેલ્લી થોડી સીટસ્ બાકી )
નોંધણી માટે www.anooroopwiwaha.com ની મુલાકાત લો અમને 18002677991 પર કોલ કરો.

# AIની થીમ સાથે ઉજવાશે 'રેડિયો ડે'

## દેશભરમાં ૪૭૯ પ્રસારણ કેન્દ્રો દ્વારા વિવિધ ૨૩ ભાષાઓ અને ૧૭૯ સ્થાનિક બોલીઓમાં કાર્યક્રમો પ્રસારિત

નવી દિલ્હી, તા.૧૨

વિચારોને વાચા આપનાર રેડિયો માત્ર સંચારનું સાધન નહીં, પરંતુ વિશ્વાસ, જોડાણ અને પ્રેરણાનો અવાજ છે. દર વર્ષે તા.૧૩ ફેબ્રુઆરીના રોજ યુનેસ્કોના માધ્યમથી 'વર્લ્ડ રેડિયો ડે'ની ભારત સહિત વિશ્વભરમાં ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ રેડિયો પ્રસારણકર્તાઓને સમર્પિત છે, જે સમાચારોનો પ્રસાર કરે છે, વિચારોને વાચા આપે છે અને રસપ્રદ કથાઓ પીરસે છે. ચાલુ વર્ષે 'વર્લ્ડ રેડિયો ડે'ની ઉજવણી 'રેડિયો અને આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ'ની થીમ પર કરવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રથમવાર જન-જન સુધી સંવાદ સાધવા ઓક્ટોબર, ૨૦૧૪થી 'મન કી બાત' કાર્યક્રમ માટે રેડિયોનું માધ્યમ પસંદ કર્યુ હતું. જેથી ફરી એકવાર સાબિત થયું છે કે, રેડિયો દેશવાસીઓના દિલ સુધી પહોંચવાની અનોખી ક્ષમતા ધરાવે છે. અત્યાર સુધીમાં 'મન કી બાત'ના માધ્યમથી ૧૩૦ એપિસોડ થકી સરકાર અને જનતા વચ્ચે સીધો સંવાદ સ્થાપિત થયો છે. જેમાં સ્વછતા, આરોગ્ય, મહિલા સશક્તીકરણ, શિક્ષણ, રમત- ગમત જેવા સામાજિક મુદ્દાઓ, પ્રેરક પ્રસંગો અને રાષ્ટ્રીય ચેતનાને અવાજ મળ્યો છે.

ડિજિટલ યુગમાં અનેક આધુનિક માધ્યમો વચ્ચે પણ રેડિયોએ પોતાનું મહત્વ જાળવી રાખ્યું છે. જ્યા સંચારના માધ્યમ ઉપલબ્ધ ન થઇ શકે ત્યાં રેડિયોએ મિત્રની ભૂમિકા ભજવી છે. સમાચાર હોય કે, રમતોની કોમેન્ટ્રી, ગીત હોય કે ભજન, આપત્તિનો સમય હોય કે ઉત્સવોનો ઉત્સાહ હોય, રેડિયો એ દેશ અને દુનિયાને જોડ્યા છે. કેટલીક અવિસ્મરણીય ક્ષણોનો રેડિયો સાક્ષી રહ્યો છે. જેમ કે ગણતંત્ર દિવસની પરેડ, વિશ્વકપ જીતવાની ક્ષણ હોય કે યુદ્ધની પરિસ્થિતિ હોય, રેડિયો પર સંભળાતી કોમેન્ટરી કરોડો શ્રોતાઓ સમક્ષ આબેહૂબ વર્ણન થકી માહિતગાર કરે છે. ટીવી ન હોય ત્યારે પણ માત્ર અવાજ દ્વારા દ્રશ્ય આંખ સામે જીવંત કરવાની ક્ષમતા રેડિયોની વિશેષતા રહી છે. આજે પણ અનેક લોકોની મુસાફરીનો સાથી રેડિયો છે.

સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા ઉમેદવારો માટે રેડિયો આજે પણ માર્ગદર્શક બની રહ્યો છે. સમકાલીન વિષયો, સમાચાર વિશ્લેષણ, ચર્ચાઓ અને પ્રેરણાત્મક કાર્યક્રમો દ્વારા રેડિયો વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન પૂરું પાડતો આવ્યો છે. અંતરિક્ષ યાત્રિ શુભાંશુ શુક્લાએ ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનથી ઈઅખ રેડિયો દ્વારા વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો, જે દર્શાવે છે કે વિજ્ઞાન, શિક્ષણ અને પ્રેરણા એક જ અવાજમાં મળે છે. નોંધનીય છે કે, કુદરતી આપદા સમયે જ્યારે કોઇ કનેક્ટિવીટી ઉપલબ્ધ ન હોય ત્યાં ઈઅખ રેડિયો વહીવટીતંત્ર સુધી સંદેશો પહોંચાડવા ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે.

ઓલ ઇન્ડિયા રેડિયો દેશનું જાહેર સેવા પ્રસારક છે. જે તેના સૂત્ર 'બહુજન હિતાયઃ બહુજન સુખાય'ને ચરિતાર્થ કરે છે. ભાષાઓની વૈવિધ્યતા અને સામાજિક-આર્થિક અને સાંસ્કૃતિક વૈવિધ્યતાના પરિપ્રેક્ષ્યથી ઓલ ઇન્ડિયા રેડિયો વિશ્વની સૌથી મોટી પ્રસારણ સંસ્થાઓમાંની એક છે. અંઈછ્રી હોમ સર્વિસ હેઠળ દેશભરમાં સ્થિત ૪૭૯ પ્રસારણ કેન્દ્રો કાર્યરત છે, જે દેશના લગભગ ૯૨ ટકા વિસ્તારમાં અને કુલ વસ્તીના ૯૯.૧૯ ટકા નાગરિકોને સ્પર્શે છે. આ ઉપરાંત ઓલ ઇન્ડિયા રેડિયો વિવિધ ૨૩ ભાષાઓ અને ૧૭૯ લોકબોલીમાં કાર્યક્રમો પ્રસારિત કરે છે.

દેશમાં શ્રોતાઓ સુધી લોકપ્રિય ઋઅખ રેડિયો પહોંચાડવામાં પણ ઓલ ઇન્ડિયા રેડિયો અગ્રણી માધ્યમ રહ્યું છે. પ્રથમ એફએમ ચેનલ વર્ષ ૧૯૭૭માં ચેન્નાઈમાં પ્રયોગાત્મક ધોરણે શરૂ કરવામાં આવી હતી. ખાનગી પ્રસારકો માટે રેડિયો પ્રસારણ ખુલ્લું મુકાતા ઋઅખ પ્રસારણને નોંધપાત્ર પ્રોત્સાહન મળ્યું છે. શ્રોતાવર્ગની બદલાતી પસંદગીને અનુરૂપ પ્રસ્તુતિ શૈલી ઝડપી અને અનૌપચારિક બની છે. જીવંત કાર્યક્રમો અને સુસંગતતા એ યુવાનોની કલ્પનાને આકર્ષી અને તેમને રેડિયો તરફ વધુ નજીક લાવ્યા છે. મોટા શહેરોમાં ટ્રાફિક સંબંધિત અપડેટ, આરોગ્યલક્ષી તેમજ સરકારી યોજનાઓની માહિતી જન- જન સુધી પહોંચાડે છે.

કમ્યુનિટી રેડિયો પ્રસારણનું એક મહત્વપૂર્ણ ત્રીજું સ્તર છે, જે જાહેર સેવા રેડિયો પ્રસારણ અને વ્યાવસાયિક રેડિયોથી અલગ છે. કમ્યુનિટી રેડિયોનું માધ્યમ લોકશાહીની પરિભાષાથી ખૂબ નજીક છે. લોકોથી, લોકો દ્વારા અને લોકો સુધી કમ્યુનિટી રેડિયો સંચારનું અત્યંત પ્રભાવી માધ્યમ બન્યું છે. ભારત જેવા દેશમાં જ્યાં દરેક રાજ્યની પોતાની ભાષા અને વિશિષ્ટ સાંસ્કૃતિક ઓળખ છે, ત્યાં કમ્યુનિટી રેડિયો સ્થાનિક લોકસંગીત અને સાંસ્કૃતિક વારસાનો ભંડાર છે. આપદા સંકટમાં કમ્યુનિટી રેડિયો સૂચનાનું અગત્યનું માધ્યમ બને છે. આમ, વિવિધ માધ્યમથી થતું રેડિયો પ્રસારણ એક મહત્વના પરિવર્તનનું સાક્ષી બની રહ્યું છે.

# ગોપાલ ઈટાલીયા 'ભાજપની B ટીમ' : કરપડા

## રાજકોટમાં પત્રકાર પરિષદ સંબોધતા રાજુ કરપડાએ કહ્યું જ્યાં સુધી ચુપ છુ ત્યાં સુધી આમ આદમી પાર્ટીના નેતાઓ સલામત

રાજકોટ, તા. ૧૨

ગુજરાત અને સૌરાષ્ટ્રમાં હાલ રાજકારણ ઘરમાં આવ્યું છે આમ આદમી પાર્ટી માં રહેલા ખેડૂત નેતા રજુ કરપડાએ આપને છોડી દીધી છે અને ગઈકાલે તેઓએ રાજકોટ ખાતે પ્રેસ કોન્ફરન્સ પણ સંબોધી હતી જેમાં તેઓએ આપના ટોચના નેતાઓ અને ખાસ ગોપાલ ઇટાલીયા અને અન્ય નેતાઓ પર આક્ષેપો કર્યા હતા જેને લઇ રાજકારણ ઘરમાં એવું છે. આમ આદમી પાર્ટીના નેતાઓને રાજુ કરપડાએ ખુલી ચીમકી આપી કહ્યું હતું કે જ્યાં સુધી હું છું ત્યાં સુધી બધું જ સલામત છે. વધુમાં તેઓએ આક્ષેપ કરતાં કહ્યું હતું કે, ખેડૂતોની લડાઈ લડતા જેલમાં ગયા, ત્યારે પાર્ટીએ તેમની પીઠમાં છરો ભોંક્યો .

રાજુ કરપડાએ આરોપ લગાવ્યો કે પોણા ચાર મહિનાના જેલવાસ દરમિયાન આમ આદમી પાર્ટીના એક પણ વકીલે તેમની મુલાકાત લીધી નહોતી કે કોઈ કાનૂની મદદ કરી નહોતી. તેમણે કહ્યું, મેં જ્યારે જેલમાં ખેડૂતોની વેદના જોઈ ત્યારે જ નક્કી કરી લીધું હતું કે હવે 'આપ' સાથે રહેવું નથી. પાર્ટીના નેતાઓના કારણે જ ખેડૂતોને વધુ સમય જેલમાં રહેવું પડ્યું છે. આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપ્યા બાદ ખેડૂત નેતા રાજુ કરપડાએ ગોપાલ ઈટાલિયા અને મનોજ સોરઠિયા સામે ગંભીર આરોપોનો વરસાદ વરસાવ્યો છે. કરપડાએ આક્ષેપ કર્યો છે કે આ બંને નેતાઓ એક ષડયંત્રના ભાગરૂપે કામ કરી રહ્યા છે અને તેઓ ક્યારેય 'આપ' ને ગુજરાતમાં મજબૂત થવા દેશે નહીં. તેમણે વધુમાં જણાવ્યું કે, જ્યારે તેઓ અને અન્ય ખેડૂતો જેલમાં બંધ હતા, ત્યારે પાર્ટીએ એક પણ વકીલની મદદ મોકલી નહોતી, જેના કારણે ખેડૂતોએ ત્રણ મહિના સુધી જેલવાસ ભોગવવો પડ્યો હતો.

રાજુ કરપડાએ સનસનાટીભર્યો દાવો કર્યો કે ગોપાલ ઈટાલિયા અને મનોજ સોરઠિયા કેજરીવાલ સુધી સાચી વાસ્તવિકતા પહોંચવા દેતા નથી અને જેવું તેઓ કેજરીવાલની નજીક આવ્યા કે તરત જ તેમની વિરુદ્ધ ષડયંત્રો શરૂ થઈ ગયા હતા. તેમને મૌન રહેવા માટે ફોન આવતા હોવાનો પણ તેમણે ખુલાસો કર્યો છે. આ સાથે જ તેમણે ઈસુદાન ગઢવીને અપીલ કરી છે કે પાર્ટીમાં રહીને જ પાર્ટીને તોડનારા તત્વોને તેઓ ઓળખી લે. અંતમાં તેમણે સંકેત આપ્યા કે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો તરફથી વાયા-વાયા તેમનો સંપર્ક કરવામાં આવ્યો છે, પરંતુ હાલ તેઓ ખેડૂતોના હિતને પ્રાધાન્ય આપી રહ્યા છે.

પત્રકાર પરિષદમાં રજુ કરપડા દ્વારા આમ આદમી પાર્ટીના ગોપાલ ઇટાલીયા સમક્ષ ગંભીર આક્ષેપ કર્યો હતો અને પાર્ટીના નેતાઓ તેમને પસાવી રહ્યા છે તેઓ પણ આરોપ લગાવવામાં આવ્યો હતો. પત્રકાર પરિષદ સંબોધતા તેઓએ કહ્યું કે તેમના રાજીનામાં બાદ પાર્ટીના નેતાઓ ઘણું ખોટું બોલી રહ્યા છે અને જુના કેસના ડરથી તેમને રાજીનામું આપ્યું છે જે વાત પાયા વિહોણી છે.

મળતી માહિતી મુજબ રજુ કરપડાએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે જે તે વખતે આમ આદમી પાર્ટીને જીતાડવા માટે તેઓએ ઘણી મહેનત કરી હતી તેઓએ ચૈતર વસાવા, હેમંત ખવા અને ઇસુદાન ગઢવી જેવા નેતાઓની વાહ રે



આવ્યા હતા એટલું જ નહીં તેઓને ચીમકી પણ આપી હતી કે તેઓ પક્ષની ઘણી ખરીદી વાત છે કે જે છુપાવી રહ્યા છે અને જ્યાં સુધી છુપી રહેશે ત્યાં સુધી જ આમ આદમી પાર્ટીના નેતાઓ સલામત રહેશે. વધુમાં તેઓએ જણાવ્યું કે હાલ તેઓ કોઈ પાર્ટી સાથે જોડાવાના નથી પરંતુ આવનારા દિવસોમાં ખેડૂત સંમેલન જરૂરથી બોલાવશે અને ખેડૂતોના પ્રશ્નો ઉકેલવા અને ખેડૂતોના હિતમાં પણ તેઓ કામ કરશે ત્યારે જે પાર્ટી તેમની સાથે આ મુદ્દે જોડાશે તો તે જે તે પક્ષમાં પણ સહભાગી થશે પરંતુ હાલ કોઈ પક્ષમાં જોડાવાના ન હોય તેવું પણ તેઓએ ઉમેર્યું હતું. સાથો સાથ તેઓએ આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે ગોપાલ ઇટાલીયા ભાજપની બી ટીમ તરીકે કામ કરે છે અને જે યોગ્ય રજૂઆત અરવિંદ કેજરીવાલ સુધી પહોંચવી જોઈએ તે પહોંચતી નથી ત્યારે આમ આદમી પાર્ટીમાં શનિષ્ઠ નેતાઓએ પણ આ અંગે સમજણ કેળવી લેવી જરૂરી છે.

# ભય વગરના વાતાવરણમાં વિદ્યાર્થીઓ આપશે બોર્ડની પરીક્ષા

## બોર્ડ પરીક્ષા અંગે શિક્ષણ મંત્રીની અધ્યક્ષતામાં બેઠક : રાજ્યના ૯ લાખ વિદ્યાર્થીઓ આપશે ધોરણ ૧૦ની પરીક્ષા

રાજકોટ, તા. ૧૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી સમયમાં યોજાનારી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષાઓ અંગે વિદ્યા સમીક્ષા કેન્દ્ર - ગાંધીનગર ખાતે શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શિક્ષણ રાજ્ય મંત્રી રીવાબા જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું કે, રાજ્યના વિદ્યાર્થીઓ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટેની તમામ વ્યવસ્થા શિક્ષણ વિભાગ દ્વારા સુનિશ્ચિત કરવામાં આવી છે. રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ની પરીક્ષા ૯ લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે તા. ૨૬ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ, ૨૦૨૬ સુધી યોજાશે. આ જ સમયગાળા દરમિયાન ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના ૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે પણ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના ૧.૧૯ લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે પરીક્ષા તા. ૨૬ ફેબ્રુઆરીથી ૧૬ માર્ચ, ૨૦૨૬ દરમિયાન યોજાશે. વધુમાં, રાજ્યના ૧.૩૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહ 'ગુજકેટ-૨૦૨૬'ની પરીક્ષા પણ આપશે. આમ, કુલ મળી ૧૫.૨૭ લાખથી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ભાગ લેશે, તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાએ રાજ્યના તમામ જિલ્લાઓમાં સમીક્ષા કરીને કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, પોલીસ અધિક્ષક તેમજ જિલ્લા શિક્ષણાધિકારી સહિત તમામની કામગીરી બિરદાવતા જણાવ્યું હતું કે, ગુજરાતના બાળકો ભયમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે પ્રકારની વ્યવસ્થા રાજ્ય સરકારે કરી છે. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, ''પરીક્ષા એક ઉત્સવ છે'', જ્યાં વિદ્યાર્થીને માનસિક ચિંતા ન રહે અને ભયમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપે તે જરૂરી છે.

આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રી રીવાબા જાડેજાએ જણાવ્યું હતું કે, તમામ અધિકારીઓએ ભૂતકાળમાં બનેલા બનાવોનો અભ્યાસ કરવો જોઈએ અને આ વર્ષે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની તકેદારી રાખવી જોઈએ. વર્ષ-૨૦૨૫માં યોજાયેલી ધોરણ ૧૦ અને ૧૨ના પરીક્ષાના પરિણામોના પૃથ્થકરણના આધારે વિશેષ તકેદારી રાખવા પાત્ર જિલ્લાઓ તેમજ કેન્દ્રોમાં વધુમાં વધુ ચોકસાઈપૂર્વક તૈયારીઓ રાખવી જોઈએ. પરીક્ષા સમયે વિદ્યાર્થીઓને ગભરાહટ અથવા અન્ય કોઈ સ્વાસ્થ્ય સંબંધિત તકલીફ ન પડે તે માટે પરીક્ષા કેન્દ્રો પર 'ફસ્ર્ટ એઇડ' ટીમ સુનિશ્ચિત કરવા પણ મંત્રીશ્રીએ સૂચના આપી હતી. રાજ્યના સંવેદનશીલ જિલ્લાઓ અને કેન્દ્રો પર મેટલ ડિટેક્ટર મશીન મૂકવા પણ તેમણે તાકીદ કરી હતી, જેથી કોઈ વિદ્યાર્થી ભૂલથી મોબાઈલ કે સ્માર્ટવોચ જેવા ઉપકરણો લઈને આવે તો તેની જાણકારી મળી શકે.

આ સમીક્ષા બેઠકમાં જિલ્લા પરીક્ષા સમિતિને તકેદારી રાખવાના કેન્દ્રો, જિલ્લા સંકલન સમિતિના અધિકારીઓને દેખરેખની ફરજ સોંપવા, કાયદો અને વ્યવસ્થાની સમીક્ષા, જાહેરનામાની પ્રસિદ્ધિ, પ્રશ્નપત્રના સ્ટ્રોંગરૂમ ખાતે હથિયારધારી પોલીસ બંદોબસ્ત, એસ.ટી. બસોના રૂટની ગોઠવણી તેમજ વીજ પુરવઠો સાતત્યપૂર્ણ રીતે મળી રહે તે અંગે શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજા અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રી રીવાબા જાડેજાએ વિગતવાર માહિતી મેળવી અધિકારીઓને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં આ પરીક્ષા ૧૪૬ ઝોન, ૧,૭૦૧ કેન્દ્રો, ૫,૫૬૫ બિલ્ડિંગ તેમજ ૫૩,૭૬૪ બ્લોકમાં યોજાશે. આ ઉપરાંત ગુજકેટ-૨૦૨૬ની પરીક્ષા ૩૪ ઝોન, ૩૪ કેન્દ્રો, ૬૫૮ બિલ્ડિંગ અને ૬,૮૦૩ બ્લોકમાં યોજાશે.

# વોર્ડ -૧૧ની પ્રજા અસલામત

રાજકોટ, તા. ૧૨

સ્થાનિક ચૂંટણીઓને ધ્યાને લઈ હાલ દરેક પક્ષ એડી ચોટીનું જોર લગાવી રહ્યું છે. જેના ભાગરૂપે કોંગ્રેસ પણ જન સંપર્ક અભિયાન આરંભ્યો છે અને વિવિધ વોર્ડમાં આ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે ત્યારે મળતી માહિતી મુજબ વોર્ડ નંબર ૧૧ માં હાલ નાગરિકોએ અનેકવિધ તકલીફો વર્ણવી હતી અને કોંગ્રેસ સમક્ષ હૈયા વરાળ ઠાલવી હતી. સાથોસાથ એ વાતની સ્પષ્ટતા કરવામાં આવી કે લોકો દ્વારા કહેવામાં આવ્યું હતું કે વિસ્તારમાં અંધારપટ અને લોકો સુરક્ષિત છે .

રાજકોટ શહેરના વોર્ડ નં. ૧૧ માં આવેલા મવડી વિસ્તારમાં આજે કોંગ્રેસ દ્વારા કોંગ્રેસ આપને દ્વાર જનતાની વેદના અભિયાન અંતર્ગત ઉગ્ર જનસંપર્ક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સ્થાનિક રહેવાસીઓએ વિકાસના દાવાઓ વચ્ચે જીવાતી હાડમારીની વાસ્તવિકતા રજૂ કરી હતી. જનસંપર્ક



**કોંગ્રેસના જન સંપર્ક અભિયાનમાં લોકોએ ઠાલવ્યો રોષ**

દરમિયાન મવડીના નાગરિકોએ પક્ષના આગેવાનો સમક્ષ મુખ્યત્વે સમસ્યાઓ રજૂ કરી હતી:અંધારપટ અને અસુરક્ષા: બંધ સ્ટ્રીટ લાઈટોને કારણે રાત્રિના સમયે મહિલાઓ અને બાળકોમાં અસુરક્ષાની લાગણી પ્રવર્તે છે.સફાઈનો અભાવ: કચરાનું સમયસર કલેક્શન ન થવાને કારણે વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે, જે લોકોના આરોગ્ય માટે જોખમી સાબિત થઈ રહ્યું છે.

ઘણી વખત કચરો ઉપાડવા માટે રહેવાસીઓ ફરિયાદ પણ કરે છે પરંતુ કાયમી નિકાલ અમુક વિસ્તારોમાં થતો નથી. ખાસ કરીને ચોમાસા પહેલા રોડ રસ્તાઓ ધોવાઈ ગયા છે અને ખાડાવાળા રસ્તાઓમાં પાણી ભરાવાના પ્રશ્નો પણ જોવા મળે છે,એનું પણ કોઈ કાયમી નિરાકરણ થતું ન હોવાનું સ્થાનિક લોકોએ જણાવ્યું હતું અને આ મુદ્દે પહેલા પણ વોર્ડ નંબર ૧૧ના કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓ દ્વારા વિરોધ નોંધાવામાં આવ્યો હતો.સ્થાનિકોએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નથી અને જવાબદારીની ખેંચતાણ ચાલે છે. શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ સત્તાધારી પક્ષ પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે, મવડી વિસ્તારની સ્થિતિ જોતા સ્પષ્ટ થાય છે કે ભાજપના શાસનમાં નીતિઓ ફક્ત કાગળ પર છે અને જમીની હકીકત ખૂબ જ દયનીય છે. લોકોના કરવેરાના નાણાં ક્યાં જાય છે? જો પ્રાથમિક સુવિધાઓ પણ ન આપી શકાતી હોય તો તે લોકશાહીની નિષ્ફળતા છે. વોર્ડ નંબર ૧૧ ના કોંગ્રેસ જન સંપર્ક કાર્યક્રમ મા રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજા સહિત વોર્ડ પ્રમુખ કેતનભાઇ તાળા જશવંતસિંહ ભટ્ટી, ડી પી મકવાણા, નીતિનભાઈ ભંડેરી દીપ ભાઈ ભંડેરી, સંજય અજુડીયા,કનકસિંહ જાડેજા, રાહુલભાઈ સોલંકી, જયદીપભાઇ મિયાત્રા, ભાવેશભાઈ ચૌહાણ, નીરજભાઈ પટેલ, મયુરભાઈ સાવલિયા,વિપુલભાઈ તારપરા, કિશોરભાઈ વાગડીયા, નરેન્દ્રભાઈ ગુંદચુડીયા, કપિલભાઈ મકવાણા, રાજુભાઈ બાબીયા, ધવલભાઈ પાંભર,રાજભાઈ ગઘેથરીયા, યાસભાઈ તાળા, હરેશભાઈ હિરપરા, મથુરભાઈ માલવી, ભાવેશભાઈ મારુ, જયદીપભાઇ લાઠીયા, દિપાલીબેન લાઠીયા, ભાવનાબેન વાઘેલા, જલ્પેશભાઈ વાઘેલા, હરિભાઈ કણસાગરા, મેથાભાઈ કણસાગરા, અભયભાઈ કટારીયા, રાઘવભાઈ બગડા, ગીરીશભાઈ ઘરસંડીયા, જયંતીભાઈ સોરઠીયા, ગૌરવભાઈ પાનસુરીયા, લાખાભાઈ પરમાર, હાર્દિકભાઈ સિદ્ધપરા, મુકુંદભાઈ જાદવ તેમજ વોર્ડના આગેવાનો કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# માંગણીઓ સાથે રાષ્ટ્રીયકૃત બેંકોની હડતાલ

રાજકોટ, તા. ૧૨

સમગ્ર દેશભરમાં હાલ એલ.આઇ.સી.ના કર્મચારીઓ તથા શ્રમિક સંગઠનો દ્વારા વિવિધ મુદ્દાઓને લઈ હડતાલ કરવામાં આવી છે જેને લઈને અનેક વ્યવહારોને માટી અસરનો સામનો પણ કરવો પડી રહ્યો છે ત્યારે ગઈકાલે રાષ્ટ્રીયકૃત બેંકો તથા લાઇફ ઇન્શ્યોરન્સ કોર્પોરેશનના કર્મચારીઓ દ્વારા હડતાલ પાડવામાં આવી હતી અને ઉગ્ર સૂત્રોચાર અને પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં સરકારી બેંકો ઉપરાંત એલ.આઇ.સી.ના કર્મચારીઓ તથા શ્રમિક સંગઠનોએ કેન્દ્ર સરકારના અલગ અલગ કાયદાઓના વિરોધમાં હડતાલ પાડી હતી જેના કારણે બેંક અને વીમાક્ષેત્રના વ્યવહારોમાં અસર જોવા મળી હતી. રાજકોટમાં આજે એસ.બી.આઇ. સહિતની રાષ્ટ્રીયકૃત બેંકો અને એલ.આઇ.સી.ના કર્મચારીઓએ હડતાલ પાડી હતી અને




ઉગ્ર સુત્રોચ્ચારો સાથે પ્રદર્શન કર્યુ હતું. ગુજરાત સહિત દેશભરમાં ગત તા.૨૭ જાન્યુઆરીના રોજ બેંક કર્મચારીઓએ હડતાલ પાડ્યા બાદ ૧૫ દિવસમાં બીજી વખત હડતાલ પાડી વિરોધ નોંધાવ્યો હતો જો કે, ખાનગી અને સહકારી બેંકો રાબેતા મુજબ ચાલુ હોવાથી માત્ર રાષ્ટ્રીયકૃત બેંકોના જ નાણાકિય વ્યવહારોને અસર થવા પામી હતી. આ દેશવ્યાપી બેંક હડતાળ પાછળનું સૌથી મોટું કારણ કેન્દ્ર સરકારના ચાર નવા લેબર કોડ છે. ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોયઝ એસોસિએશન અને અન્ય અગ્રણી સંગઠનોની દલીલ છે કે, આ નવો શ્રમ કાયદો ૨૯ જુના શ્રમ કાયદાનું સ્થાન લેશે, જેમા શ્રમિક અને કર્મચારીઓના મૌલિક અધિકારો નબળાં વડે છે. કર્મચારી સંગઠનોનું કહેવું છે કે, આ લેબર કોડ લાગુ થવાથી ટ્રેડ યુનિયનોનું રજિસ્ટ્રેશન મુશ્કેલ બનશે અને કંપની મેનેજમેન્ટને કર્મચારીઓ સાથે મનમાની કરવાની છુટ મળી જશે.

માત્ર લેબર કોડ જ નહીં, પરંતુ બેંક કર્મચારીઓ છેલ્લા ઘણા સમયથી ૫ ડે વર્ક વીક (શનિવાર રજા) ની માંગણી કરી રહ્યા છે.

# ક્રિસ્ટલ નેક્સેસના વ્યવસાય વેરાની નથી અપાઈ નોટિસ

રાજકોટ, તા. ૧૨

માધાપર ચોકડી પાસે આવેલા ક્રિસ્ટલ નેક્સેસ બિલ્ડીંગનો વિરોધ છેલ્લા ઘણા સમયથી ચાલી રહ્યો છે જેમાં બિલ્ડરની અવરચંડાઈના પગલે જે ગેરકાયદે છે તે બિલ્ડીંગ સુધી સીલ કરવામાં આવ્યું ન હોવાનું જાણકાર વર્તુળો જણાવી રહ્યા છે. કોંગી આગેવાનો દ્વારા ખાસ આ બાબતે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું અને એકવાર નહીં અનેક વખત સ્થાનિક પ્રશાસન એટલે કે મહાનગરપાલિકાને જન જોડવામાં આવ્યું હતું અંતે કોઈ સત્તાધીશો દ્વારા આ અંગે નક્કર પગલા ન લેવાતા કોર્ટમાં મુદ્દો પહોંચ્યો છે. પરંતુ હાલ એક ખુલાસો એવો પણ થયો છે કે નેક્સેસ બિલ્ડીંગ દ્વારા છેલ્લા સાડાત્રણ વર્ષથી જે મિલકત વેરો ભરવાનો થતો હોય તે ભરવામાં આવ્યો નથી. પરિણામ સ્વરૂપે વિભાગ દ્વારા હજી સુધી શીલની કામગીરી કરવામાં આવી નથી અને નોટિસો પણ બજાવાય નથી. બીજી તરફ વ્યવસાય વેરો પણ બાકી હોવાનું માલુમ પડ્યું છે જેમાં અધિકારી તથા કર્મચારીઓ દ્વારા જે બિલ મોકલવામાં આવતા હોય અથવા તો કહી શકાય કે જે નોટિસની બજવણી કરવામાં આવતી હોય તે પણ કરાઈ નથી. ત્યારે વાંક કોનો તે સૌથી મોટો પ્રશ્ન ઉભો થયો છે. વેરા વસુલાત વિભાગના અધિકારી દ્વારા સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું કે હાલ મિલકત વેરા ની આકારણી પૂર્ણ થઈ ચૂકી છે અને તેઓને બિલ પણ મોકલી દેવામાં આવ્યા છે જેમાં ૧૫ દિવસનો સમય આપવામાં આવશે તે સમયમાં જો બિલની ભરપાઈ




**તંત્રના ગોળ ગોળ જવાબ : વેરા વસુલાત વિભાગનું કહેવું બિલની રકમ નહીં ભરે તો થશે સીલ**

કરવામાં નહીં આવે તો નોટિસની બજવણી થશે અને તેના પંદર દિવસમાં પણ જો રકમની ભરપાઈ નહીં થાય તો બિલ્ડીંગ ને સીલ કરાશે. જાણકાર વર્તુળોના જણાવતા અનુસાર અગાઉ મહાનગરપાલિકાના કમિશનર દ્વારા બિલ્ડીંગ ને સીલ કરવા માટે જણાવવામાં આવ્યું હતું પરંતુ મ્યુનિસિપલ કમિશનર નો નિર્ણય અને આદેશ પણ વિભાગ દ્વારા ઠુકરાવવામાં આવ્યો હતો કારણ કે બિલ્ડર રાજકીય વગ ધરાવતો હોવાથી તંત્ર જાણે ઘુટણીએ પડી ગયું હોય તેવું ચિત્ર ઊભું થયું હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. ત્યારે આવનારા સમયમાં આ બિલ્ડિંગ સીલ થશે કે કેમ ? તે અંગે અનેકવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. હાલની સાંપ્રત પરિસ્થિતિને જો ધ્યાને લેવામાં આવે તો તંત્રની નાકામયાબી ના પગલે હાલ બિલ્ડરમાં કોઈ પણ પ્રકારનો ભય જોવા મળતો નથી. આક્ષેપો એ પણ થઈ રહ્યા છે કે ન જેવી રકમ બાકી હોય તો પણ વેરા વસુલાત વિભાગ દ્વારા મિલકત સીલ કરી દેવામાં આવતી હોય છે ત્યારે સાડા ત્રણ વર્ષથી બાકી ૭૦ લાખનો વેરો ભરાયો ન હોય તો કેમ યોગ્ય પગલાં લેવામાં આવતા નથી. આ પ્રકારની સ્થિતિ આવનારા સમયમાં યથાવત રહેશે તો તંત્રની કામગીરી પર અનેકવિધ સવાલો ઊભા થશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ કોંગી આગેવાનો દ્વારા અનેકવિધ પ્રયત્નો અને પ્રયાસો હાથ ધરવામાં આવેલા છે અધિકારીઓને એક નહીં અનેક વખત સૂચિત કરવામાં આવ્યા અને યોગ્ય આધાર પુરાવા પણ આપવામાં આવ્યા છતાં પણ જે સીલ ની પ્રક્રિયા થવી જોઈએ તે થતી ન હોવાનું માલુમ પડ્યું છે ત્યારે કયા કારણોસર હાલ સીલ કરવામાં આવતું નથી તે સૌથી મોટો પ્રશ્ન ઉભો થયો છે . કોંગી આગેવાન સંજય લાખાણી તથા રાવલ દ્વારા કાનૂની લડત પણ આપવામાં આવી છે કારણ કે અનેક વખત તંત્રને ધ્યાન દોરવામાં આવતા જે પગલાં લેવામાં આવવા જોઈએ તે લેવાયા નથી. સૌથી મોટો પ્રશ્ન એ જ છે કે જ્યારે મ્યુનિસિપલ કમિશનર દ્વારા કહેવામાં આવેલું હોય કે બિલ્ડીંગ ગેરકાયદે છે અને સીલ કરવું જોઈએ અને તે અંગેનો આદેશ પણ થયેલો હોય છતાં તંત્ર જાણતા સીલ ન કરે તો અનેકવિધ પ્રશ્નો ઊભા થતા હોય છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# કેમિકલ આક્રમણ

## સૌરાષ્ટ્રની જલસૃષ્ટિ પર મોટા ખતરા સામે તંત્ર સાવ નિષ્ક્રિય



સૌરાષ્ટ્રની જીવાદોરી સમાન નદીઓ અને જળાશયો આજે ઝેર પી રહ્યા છે. ઉદ્યોગો દ્વારા છોડવામાં આવતું કેમિકલયુક્ત પાણી જળચર સૃષ્ટિ અને માનવ જીવન માટે ઘાતક સાબિત થઈ રહ્યું છે. તંત્રની ઘોર નિષ્કાળજીને કારણે સ્થિતિ દિનપ્રતિદિન વણસી રહી છે.ભાદરમાં ઝેરી કેમિકલ સામે ખેડૂતોનો ઉગ્ર વિરોધ ફરી શરુ થયો છે.

ભાદર નદીમાં જેતપુરના ડાઈંગ ઉદ્યોગોનું કેમિકલયુક્ત પાણી ઠાલવવામાં આવે છે. આ ઝેરી પાણીને કારણે નદી કિનારાની હજારો એકર જમીન બિનઉપજાઉ બની ગઈ છે.

ખેડૂતો લાંબા સમયથી આ પ્રદૂષણ સામે લડી રહ્યા છે. પાક નિષ્ફળ જઈ રહ્યો છે અને પશુઓ બીમાર પડી રહ્યા છે. ખેડૂતો હવે આરપારની લડાઈ માટે મેદાને આવ્યા છે, પરંતુ તંત્ર માત્ર આશ્વાસનો આપી રહ્યું છે.

આ પ્રશ્ન માત્ર જેતપુર પૂરતો મર્યાદિત નથી. સૌરાષ્ટ્રના મોટાભાગના જળાશયો આજે પ્રદૂષણની ચપેટમાં છે. મોરબી, જામનગર અને ભાવનગર જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં પણ નદીઓમાં કેમિકલ છોડવામાં આવે છે. રાજકોટમાં આજીની દશા જોઇ આવજો. શુદ્ધ પીવાનું પાણી આપતા ડેમોમાં પણ ઝેરી તત્વો ભળવાથી લાખો લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં થઈ રહ્યા છે. જળસૃષ્ટિનો નાશ થઈ રહ્યો છે, જે પર્યાવરણ માટે મોટું સંકટ છે.

સૌથી ગંભીર બાબત એ છે કે કેમિકલયુક્ત પાણી હવે જમીનમાં ઉતરી રહ્યું છે. ભૂગર્ભ જળ સ્તર પ્રદૂષિત થવાથી કૂવા અને બોરના પાણી પણ પીવાલાયક રહ્યા નથી. એકવાર ભૂગર્ભ જળ ઝેરી થઈ જાય પછી તેને શુદ્ધ કરવું અશક્ય છે. આવનારી પેઢી માટે પીવાના પાણીનું ટીપું પણ મળવું મુશ્કેલ બનશે.

જો સરકાર અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કડક પગલાં નહીં ભરે, તો ભવિષ્યમાં ભયાનક સ્થિતિ સર્જાશે. ઉદ્યોગો માટે 'ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ' પોલિસીનો કડક અમલ થવો જોઈએ. માત્ર દંડ કરવાથી કંઈ વળશે નહીં; જવાબદાર એકમોના જોડાણો કાપવા પડશે. જો આજે નક્કર પગલાં નહીં લેવાય, તો સૌરાષ્ટ્રની આ ફળદ્રુપ ધરતી વેરાન રણ બની જશે. તંત્રની નિષ્ક્રિયતા હવે સહનશક્તિની બહાર છે.

# લશ્કરી અધિકારીઓ હવે પુસ્તકો લખતા પહેલા લેશે મંજૂરી !

## સરકાર નવા નિયમો કરશે રજૂ : નિવૃત્ત સંરક્ષણ કર્મચારીઓ દ્વારા લખાયેલા પુસ્તકો માટે નવી માર્ગદર્શિકા થઈ રહી છે તૈયાર

નવીદિલ્હી, તા. ૧૨

ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ એમ.એમ. નરવણે (નિવૃત્ત) ના અપ્રકાશિત પુસ્તક, ''ફોર સ્ટાર્સ ઓફ ડેસ્ટિની'' ને લગતા વિવાદ વચ્ચે, સંરક્ષણ મંત્રાલય કડક કાર્યવાહી કરવાની તૈયારી કરી રહ્યું છે. મંત્રાલય સેવા આપતા અને નિવૃત્ત સંરક્ષણ કર્મચારીઓ દ્વારા લખાયેલા પુસ્તકો માટે નવી માર્ગદર્શિકા તૈયાર કરી રહ્યું છે.

સંરક્ષણ મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, તાજેતરમાં આ સંદર્ભમાં એક બેઠક યોજાઈ હતી, જ્યાં નવા નિયમોના મુસદ્દા પર વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી. પ્રસ્તાવિત માર્ગદર્શિકામાં હાલના સેવા નિયમો અને સત્તાવાર રહસ્ય કાયદાની જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવશે. લશ્કરી કામગીરી, વ્યૂહરચના અથવા સંવેદનશીલ માહિતી વિશેની માહિતી ધરાવતું કોઈપણ પુસ્તક પહેલા સંરક્ષણ મંત્રાલયને સબમિટ કરવું આવશ્યક છે. મંત્રાલય સામગ્રીની સમીક્ષા કરશે અને તે પછી જ પ્રકાશન માટે પરવાનગી આપવામાં આવશે.

હાલમાં, નિવૃત્ત અધિકારીઓ દ્વારા પુસ્તકો લખવાનું નિયમન કરતો કોઈ સ્પષ્ટ અને સમાન કાયદો નથી. જો કે, સત્તાવાર રહસ્ય કાયદા (ઘજઅ) હેઠળ ગુપ્ત માહિતી જાહેર કરવી એ ગુનો છે. આ કાયદો નિવૃત્તિ પછી પણ અમલમાં રહે છે. સરકારનું માનવું છે કે અભિવ્યક્તિની સ્વતંત્રતા મહત્વપૂર્ણ છે, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત માહિતીનું રક્ષણ સર્વોપરી છે. તેથી, ભવિષ્યના વિવાદોને ટાળવા માટે સ્પષ્ટ નિયમો વિકસાવવામાં આવી રહ્યા છે. જનરલ નરવણે વિવાદ બાદ, સંરક્ષણ મંત્રાલય લશ્કરી કર્મચારીઓ (સેવા આપતા અને નિવૃત્ત) દ્વારા પ્રકાશિત પુસ્તકો માટે નવી માર્ગદર્શિકા વિકસાવી રહ્યું છે. પ્રાથમિક ઉદ્દેશ્ય રાષ્ટ્રીય સુરક્ષા અને ગુપ્ત લશ્કરી માહિતીનું રક્ષણ કરવાનો છે. સંવેદનશીલ સામગ્રી ધરાવતા પુસ્તકો પ્રકાશિત કરતા પહેલા મંત્રાલયની મંજૂરી હવે ફરજિયાત રહેશે, હાલના કાયદાઓમાં અસ્પષ્ટતા દૂર થશે અને પારદર્શિતા વધશે.




# રખડતા કૂતરાઓની સમસ્યામાં પશુચિકિત્સકોની ભૂમિકા મહત્વની

## પશુચિકિત્સા પરિષદની માંગ પર મોહન ભાગવતે કહ્યું, પશુપરંપરાગત જવાબદારીઓથી આગળ વધીને દ્રષ્ટિકોણને વિસ્તૃત કરવું જરૂરી



નવીદિલ્હી, તા. ૧૨

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (છજજ) ના વડા મોહન ભાગવતે ગુરુવારે જણાવ્યું હતું કે પશુચિકિત્સકો ભારતની આર્થિક પ્રગતિમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને તેમને પરંપરાગત જવાબદારીઓથી આગળ વધીને તેમના દ્રષ્ટિકોણને વિસ્તૃત કરવા વિનંતી કરી હતી. ઇન્ડિયન સોસાયટી ફોર એડવાન્સમેન્ટ ઓફ કેનાઇન પ્રેક્ટિસ અને મહારાષ્ટ્ર એનિમલ એન્ડ ફિશરી સાયન્સ યુનિવર્સિટી (ખઅત્રજીઅ) દ્વારા સંયુક્ત રીતે આયોજિત ચર્ચામાં બોલતા, ભાગવતે જણાવ્યું હતું કે મનુષ્યો, પ્રાણીઓ અને પ્રકૃતિએ સુમેળમાં સાથે રહેવું જોઈએ. તેમણે સમાજને આ સહઅસ્તિત્વ સુનિશ્ચિત કરવા માટે ગંભીરતાથી વિચાર કરવા વિનંતી કરી. ભાગવતે જણાવ્યું હતું કે અગાઉ, અમે માનતા હતા કે પશુચિકિત્સકોની ભૂમિકા મર્યાદિત છે, પરંતુ આપણે એક મોટું ચિત્ર અને આપણા માટે મોટી ભૂમિકાની કલ્પના કરવાની જરૂર છે.

તેમણે કહ્યું હતું કે પશુચિકિત્સકો ફક્ત પ્રાણીઓના નિષ્ણાત જ નથી, પરંતુ સમાજ અને રાષ્ટ્રીય અર્થતંત્રમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપે છે. રખડતા કૂતરાઓ પર સુપ્રીમ કોર્ટના તાજેતરના નિર્ણયનો ઉલ્લેખ કરતા, તેમણે જબરદસ્ત પ્રતિસાદની નોંધ લીધી, જે સહાયક અને વિરોધ બંને હતા, અને વિવાદાસ્પદ મુદ્દાઓને ઉકેલવા માટે વૈકલ્પિક માર્ગો શોધવાનું સૂચન કર્યું. ગયા વર્ષે નવેમ્બરમાં, કોર્ટે શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો અને રેલ્વે સ્ટેશન જેવા સ્થળોએ કૂતરા કરડવાની ઘટનાઓમાં ચિંતાજનક વધારો ટાંકીને નિર્દેશ આપ્યો હતો કે રખડતા કૂતરાઓને નિયુક્ત આશ્રયસ્થાનોમાં મોકલતા પહેલા નસબંધી અને રસીકરણ કરવામાં આવે. ભાગવતે એક અલગ રાષ્ટ્રીય પશુચિકિત્સા પરિષદની પણ હાકલ કરી, એમ કહીને કે કોઈપણ ક્ષેત્ર ફક્ત ત્યારે જ પ્રગતિ કરે છે જ્યારે ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન અને નિયમન કરવામાં આવે.

તેમણે આશા વ્યક્ત કરી કે પશુચિકિત્સા વ્યાવસાયિકોને સમાન માન્યતા અને સ્વાયત્તતા મળશે. ભારતના કૃષિ સ્વભાવ પર ભાર મૂકતા, તેમણે કહ્યું કે પશુચિકિત્સા ક્ષેત્ર ખેડૂતો અને પશુપાલનને ટેકો આપે છે, જે આર્થિક વિકાસમાં ફાળો આપે છે. તેમણે વૈશ્વિક પર્યાવરણીય ચિંતાઓ પર પણ ભાર મૂક્યો. આરએસએસના વડા મોહન ભાગવતે કહ્યું કે પશુચિકિત્સકો ભારતની આર્થિક પ્રગતિમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે પશુચિકિત્સકોને પરંપરાગત જવાબદારીઓથી આગળ વધીને તેમના દ્રષ્ટિકોણને વિસ્તૃત કરવા હાકલ કરી.

# દાનકુની-સુરત ફ્રેઈટ કોરિડોર અર્થતંત્રની કરોડરજ્જુ

## ૨૧૦૦ કિમી લાંબો કોરિડોર પશ્ચિમ બંગાળથી ગુજરાત સુધી છ રાજ્યોમાંથી પસાર થશે, જેનાથી પૂર્વ અને પશ્ચિમ ભારત વચ્ચે માલ પરિવહન સુપરફાસ્ટ અને સસ્તું બનશે.

નવીદિલ્હી, તા. ૧૨

કેન્દ્ર સરકારે હવે દાનકુની-સુરત ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (DFC) પર કામ ઝડપી બનાવવા માટે સૂચનાઓ જારી કરી છે, જેની જાહેરાત ૨૦૨૬ ના બજેટમાં કરવામાં આવી હતી. રેલ્વે બોર્ડે આ પ્રોજેક્ટને ઝડપી ધોરણે અમલમાં મૂકવાનો નિર્દેશ આપ્યો છે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે અધિકારીઓને સ્પષ્ટપણે જણાવ્યું છે કે આ કોરિડોર દેશ માટે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ છે અને નિર્ધારિત સમયમાં પૂર્ણ થવો જોઈએ. આ નવો ફ્રેઈટ કોરિડોર, આશરે ૨,૧૦૦ કિલોમીટર લાંબો, દાનકુનીથી સુરત સુધી વિસ્તરશે. તે પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાંથી પસાર થશે. તેના બાંધકામથી પૂર્વ અને પશ્ચિમ ભારત વચ્ચે માલ પરિવહનમાં નોંધપાત્ર વધારો થશે અને ઘટાડો થશે. માલગાડીઓ સમય બચાવશે અને હાલની રેલ્વે લાઇનો પર ભીડ ઘટાડશે.




આ પ્રોજેક્ટ આધુનિક તકનીકોનો ઉપયોગ કરશે, જેમ કે વધુ શક્તિશાળી ઇલેક્ટ્રિકલ સિસ્ટમ, કોઈ લેવલ ક્રોસિંગ નહીં, અને કવચ જેવી અદ્યતન સલામતી સિગ્નલ સિસ્ટમ. દાનકુની-સુરત કોરિડોર માટે DPR (વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ) નવી કિંમત અને સમયમર્યાદાને પ્રતિબિંબિત કરવા માટે અપડેટ કરવામાં આવશે. સમગ્ર કોરિડોરને અલગ વિભાગોમાં વિભાજિત કરવામાં આવશે અને વિલંબ ટાળવા માટે એક સાથે કામ શરૂ થશે. રેલવે બોર્ડે સ્પષ્ટપણે જણાવ્યું છે કે જમીન, ડિઝાઇન અને ટેન્ડરિંગ જેવા બાંધકામ પહેલાના તમામ કામ તાત્કાલિક શરૂ થવા જોઈએ. સ્થળ પર કામનું નિરીક્ષણ કરવા માટે દરેક વિભાગ માટે એક અલગ ટીમ બનાવવામાં આવશે. આ વિશાળ પ્રોજેક્ટ સરળતાથી અને ઝડપથી પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા માટે રેલવે બોર્ડને સાપ્તાહિક પ્રગતિ અહેવાલ સુપરત કરવામાં આવશે.

આ મોટા પ્રોજેક્ટ ઉપરાંત, રેલવે માટે બીજા એક મહત્વપૂર્ણ સારા સમાચાર છે. સ્ટેનલેસ સ્ટીલ કન્ટેનરમાં મીઠાના સંચાલનના પરીક્ષણો સફળ રહ્યા છે. રેલવે મંત્રીએ પોતે તાજેતરમાં આ જાહેરાત કરી હતી. તેમણે એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''કન્ટેનર ડિઝાઇન કાટ લાગતો અટકાવે છે, તેની આયુષ્ય વધારે છે, મેન્યુઅલ સફાઈ અને કચરો દૂર કરે છે અને ટર્નઅરાઉન્ડ સમય સુધારે છે, માલ પરિવહનમાં એક નવો બેન્ચમાર્ક સ્થાપિત કરે છે.'' કેન્દ્ર સરકાર દાનકુની-સુરત સમર્પિત ફ્રેઈટ કોરિડોર પર કામ ઝડપી બનાવી રહી છે. આ ૨,૧૦૦ કિમીનો કોરિડોર પશ્ચિમ બંગાળથી ગુજરાત સુધીના છ રાજ્યોમાંથી પસાર થશે, જેનાથી પૂર્વ અને પશ્ચિમ ભારત વચ્ચે માલ પરિવહન ખૂબ જ ઝડપી અને સસ્તું બનશે. ''કવચ'' જેવી આધુનિક સુરક્ષા પ્રણાલીઓ સાથે, આ પ્રોજેક્ટ હાલની રેલ્વે લાઇનો પર દબાણ ઘટાડશે અને દેશની લોજિસ્ટિક્સ ક્ષમતામાં વધારો કરશે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## વેલેન્ટાઈન ડે નાં પાયામાં નિષ્કામ અને નિ:સ્વાર્થ પ્રેમ હોય તો જ એ આવકાર્ય છે!



આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આવતી કાલે ૧૪ ફેબ્રુઆરી, ભારત માટે આ તારીખ એક ગોઝારી ઘટનાની યાદ અપાવી જાય છે. ૨૦૧૯ માં પુલાવામા સીઆરપીએફ નાં ૪૦ જવાનોનાં બલિદાનનો દિવસ એટલે ઘાતક બ્લેક ડે! તો એ ભારત માતાનાં શૂરવીર શહીદોને શ્રદ્ધાંજલિ. પરંતુ વિશ્વ માટે આ દિવસ વેલેન્ટાઈન ડે, એટલે કે પ્રેમનાં ઈઝહારનો દિવસ! હું તને પ્રેમ કરું છું, અથવા આઈ લવ યુ! કહેવાનો દિવસ. યુવાન હોય, વયસ્ક હોય, લગભગ બધાને આ શબ્દ સાભળવો ગમે છે, પણ પૂરી રીતે પ્રેમનાં ભાવને કોઈ સમજતું નથી! પ્રેમ કોઈ રમત નથી, પ્રેમ કરનારે ત્યાગ, સમર્પણ, બલિદાન, એવાં ઉંચા સંસ્કાર નિભાવવાની તૈયારી રાખવી પડે! પણ છીછરા પાણીમાં છબછબિયાં કરનારા માટે પ્રેમ એ માત્ર એક રોમાંચિત કરનારી ફેન્ટસીથી વધુ કંઈ નથી! અને એટલે જ આ દિવસે પોતાનાં પ્રેમીને પ્રપોઝ કર્યું હોય, પ્રેમનો ઈઝહાર કર્યો હોય, મોંઘી મોંઘી ગિફ્ટ આપી હોય, અને ન જાણે બીજાં પણ કેટલાંય સરપ્રાઈઝ આપ્યાં હોય! અને કદાચ એવે સમયે એવું થોડુંક લાગ્યું પણ હોય! પણ પ્રેમ કે લવ નું કમિટમેન્ટ બહુ લાંબુ ચાલતું નથી, છ મહિના કે વર્ષ, બે વર્ષમાં આ રિલેશન તૂટી જાય છે. વર્તમાન સમય જ એવો છે કે, ઘણું બધું જાણવાં છતાં એને સાવ બદલી શકાય એમ નથી, યુગ પરિવર્તનનાં નામે થોડી થોડી છૂટ આપવી પડે! જોકે ન આપીએ તો મેળે લઈ લેશે. પણ મૂળ વાત એ છે કે પ્રેમ નામનાં જબરદસ્ત અનુબંધથી આ સંબંધ બંધાયો હોવા છતાં, એમાં એ મૂળ તત્વની અનૂભૂતિ કાયમ કેમ રહેતી નથી?

સમયનો આ દૌર એટલે કે જ્યારે આપણાં દેશમાંથી પણ સંયુક્ત કુટુંબની પ્રથા લુપ્ત થતી જાય છે, ત્યારે આપણે વસુધૈવ કુટુંબનું આહવાન કર્યુ છે, એટલે વિશ્વની બધી સંસ્કૃતિને એનાં ગુણ દોષ સાથે સ્વીકારવાની તૈયારી રાખવી પડે! અને એમાં પણ પ્રેમ નામની સંજીવનીને પોષણ આપવા માટે, તેમજ નવી પેઢીને આપણી સંસ્કૃતિથી દૂર જતાં રોકવા માટે પણ જરૂરી છે! અને આમ પણ પ્રેમ કોઈ પણ સંસ્કૃતિનો હોય એ સ્વીકાર્ય જ હોય! પણ એમાં પ્રપંચ ન હોવો જોઈએ, માત્ર શારીરિક આકર્ષણનું નામ પ્રેમ નથી, પણ પરમાત્માનાં શુદ્ધ સ્વરૂપનું નામ પ્રેમ છે! એટલે જ રામ હી પ્રેમ પિયારા અને શ્રીકૃષ્ણ ને પ્રેમ અવતાર કહેવામાં આવે છે. બાળકનો માતા પિતા અને ભાઈ બહેન કે પરિવાર પ્રત્યેનો પ્રેમ નિષ્કામ હોય છે, પરંતુ એ પણ મહત્વનો જ છે, પણ યુવક યુવતીની વચ્ચે પાંગરતા પ્રેમની શરૂઆત વિજાતીય આકર્ષણથી જ થાય છે. જે સંબંધ માત્ર શરીરનાં રુપ રંગની ભૂમિકાએ શરૂ થયો હોય, એ બહુ લાંબો સમય ટકતો નથી, કારણ કે રુપ શાશ્વત નથી, એટલે બંને પક્ષે ગુણ એટલે કે સંસ્કાર હોવા જરૂરી છે. ત્યાગ સમર્પણ અને બલિદાન જેવા ઉચ્ચ સંસ્કાર જ કર્તવ્ય કર્મનું દાયિત્વ નિભાવી સુંદર અને સ્વસ્થ પરિવારનું નિર્માણ અને નિર્વાહ કરી શકે છે.

આજની પેઢી વેલેન્ટાઈન ડે ને વધુ રોમાંચિત અને આલ્હાદક બનાવવા માટે ૭ ફેબ્રુઆરીથી આ વેલેન્ટાઈન ડેની ઉજવણી કરે છે. પ્રથમ રોઝ ડે, પછી પ્રપોઝ ડે, ચોકલેટ ડે, પ્રોમીસ ડે, ટેડી ડે, હગ્ક ડે, કીસ ડે, અને વેલેન્ટાઇન ડે. એમ આ આખું વીક ઉજવાય છે, ક્રમમાં કદાચ આઘું પાછું હોય શકે. પરંતુ મૂળ વાત એ છે કે આ આઠ દિવસ વિશ્વ ભરનાં યુવાનો કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે, અને એથી પણ વધુ કીમતી સમયનો દુર ઉપયોગ કરે છે, અને એ પણ ઉંમર પહેલાં, જે યોગ્ય નથી! આજકાલ હવે બ્રેકઅપ થવું એ બહુ સામાન્ય વાત છે, પરંતુ બહુ સહજતાથી સમાજ ભૂલી જાય છે, એટલી સહજતાથી યુવક યુવતીઓ આ સંબંધને ભુલાવી શકતા નથી, અને એને કારણે કહેવા ખાતર તો મુવ ઓન કર્યું, એવું બોલી દે છે. પણ હકીકતમાં લાગણીઓનાં તાણાવાણા એટલી ઝડપથી તૂટી શકતા નથી, કે ભૂલાવી શકાતાં નથી, અને ત્યાંથી શરૂ થાય છે માનસિક રોગ. જેને કારણે યુવાનો માર્ગ ભૂલી શકે, અને વ્યસનનાં રવાડે પણ ચડી શકે, જે ખતરો છે. અન્ય લોકો આ તહેવારનો શું કામ વિરોધ કરી રહ્યાં છે? કે સંસ્કૃતિનાં નારા લગાવી રહ્યાં છે, તેની ખબર નથી. પરંતુ મૂળ એટલે કે ઉંડાણમાં જઈએ તો જ સમજાય, કે આપણે જે બધું કરી રહ્યાં છીએ, એ જો માત્ર પ્રપંચ હોય, એટલે કે બે પાંચ દિવસનો ભાવ હોય તો, એ માટે થઈને આવું બધું કરવું એ કોઈ સંજોગોમાં યોગ્ય નથી.

ચિંતનનાં માધ્યમથી વેલેન્ટાઇન ની આ વાત કહેવાનું કારણ એટલું જ છે, કે ચિંતનનો લેખ દેશ વિદેશ સુધી પહોંચ્યો છે, અને ત્યાં રહેતાં યુવક યુવતીઓ મૂળ તથ્ય સુધી પહોંચી શકે. કારણકે ચિંતનના ચાહકોમાં યુવાવર્ગનો પણ બહુ મોટો ફાળો છે.

સૌ કોઈ આજે સંબંધો ઇચ્છે છે, અને લાગણી વગર તો કોણ રહી શકે! એટલે આજે સૌને પોતાના સંબંધો મજબૂત બનાવવાં છે, અને એની માટે ચિંતનનો નિત્ય પ્રસાદ હવે ભાવી રહ્યો છે. પૂરેપૂરી ખાતરી હોય કે ના આ સબંધ બંને પક્ષેથી નિભાવી શકાય તેમ છે, અને કોઈ વિશ્વાસઘાત કે દગા ની આમાં જરા સરખી પણ શક્યતા નથી, તો ભલે એ પોતાની ભાવના આ રીતે વ્યક્ત કરે, એમાં આપણને કોઈ જ વાંધો નથી, અને હોવો પણ ન જોઈએ, કારણ કે હિંદુ સંસ્કૃતિમાં પ્રેમનું બહુ ઊંચું સ્થાન છે! આજે પણ પ્રેમીઓ રાધા કૃષ્ણનાં અમર પ્રેમની દુહાઈ આપે છે! પણ એમનાં જીવનની અંદર ડોકિયું કરીએ તો ખબર પડે કે ત્યાગ બલિદાનની આખી દાસ્તાન... આજે પણ આંખ ભીંજવી દે! અને એટલે જ પ્રેમને નામે નાદાન ઉંમરમાં આખાં જીવનનો ફેસલો કરવો, એ જરા પણ યોગ્ય નથી. ઉંમરને પરિપક્વ થવા દેવી, સંબંધને પરિપક્વ થવા દેવો, પછી આવાં તહેવારો ઉજવવાં, એટલું તો જરૂર કહી શકાય ને! ગમે તે સંસ્કૃતિ હોય પણ પ્રેમને નામે બલિદાન દેવા વાળા અને ફાંસીએ ચઢવા વાળા શહીદ વંદનીય જ હોય, અને આપણે આજે એ ૪૦ શહીદ થયેલા જવાનોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરીશું,એક એક દીપ પ્રગટાવીશુ, અને આપણાં સૌના હ્રદયમાં પણ એમની જેવો નિઃસ્વાર્થ પ્રેમ વધે અને હિંદુ સંસ્કૃતિ પ્રત્યેનું માન વધે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### કૂદરત પણ ક્યારેક કેવી કેવી કસોટી કરે છે, કાળા માથાનો માનવી હચમચી ઉઠે છે

# વિધીમાં બેઠેલા દિકરાનું હાર્ટએટેકથી મોત

## દસ દિવસમાં જ રૈયા રોડ શાંતિનિકેતનના તન્ના પરિવારે માતા-પુત્ર બંને ગુમાવતાં કાળો કલ્પાંતઃ મૃતક બિલ્ડર રૈયા રોડ સોજીત્રાનગરના મંદિરે વિધીમાં બેઠા ત્યારે આવેલો હાર્ટએટેક જીવલેણ નીવડ્યો

રાજકોટ, તા. ૧૦

જન્મ લેનાર દરેક જીવની એક દિવસ કાયમી વિદાય થવાની જ છે એ નક્કી છે પરંતુ પરલોકનું તેડુ ક્યારે અને કેવી રીતે આવી જાય, કઇ જગ્યાએ આવી જાય તેની કાળા માથાના માનવતીને કોઇ ખબર હોતી નથી. આવી જ એક કરૂણ અને હૃદયદ્રાવક ઘટના બની છે. જેમાં પોતાના માતાનું અવસાન થયું હોઇ તેમના દસમાની વિધી કરાવવા બેઠેલા બિલ્ડર દિકરાનું ચાલુ વિધીમાં જ દિલની ધડકન બંધ પડી જવાને કારણે મૃત્યુ થયું છે. એક સ્વજનની વસમી વિદાયનો શોક હજુ તો ચાલુ હતો ત્યાં જ ઘરના મોભીની પણ વિદાય થઇ જતાં આ પરિવાર પર વજ્રઘાત થયો હતો.

વિગતો પર નજર કરીએ તો રૈયા રોડ પર આલાપ ગ્રીન પાછળ રહેતાં બિલ્ડર પોતાના માતાનું અવસાન થયું હોઇ તેમના દસમાની વિધી માટે રૈયા રોડ સોજીત્રાનગરમાં આવેલા શ્રી સોમનાથ મહાદેવ મંદિર ખાતે વિધીમાં બેઠા હતાં ત્યારે ચાલુ વિધીમાં જ ઢળી પડતાં મૃત્યુ થયું છે. માતાના મૃત્યુના દસમા દિવસે પુત્રનું હાર્ટએટેકથી મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. દિલની દગાખોરીથી મૃત્યુના બનાવો સતત વધી ગયા છે. વયોવૃધ તો ઠીક યુવાનોના હૃદય પણ બંધ પડી જાય છે અને મૃત્યુ થાય છે. દરમિયાન વધુ એક બનાવમાં એક પરિવારે પોતાના મોભી ગુમાવ્યા છે.



આ દરમિયાન રૈયા રોડ આલાપ ગ્રીન સીટી પાછળ શાંતિ નિકેતન એવન્યુમાં રહેતાં ઓગણપચાસ વર્ષના અશ્વિનભાઇ દિનેશભાઇ તન્ના નામના બાંધકામના વ્યવસાયી સવારે દસેક વાગ્યે સોજીત્રાનગરમાં આવેલા શ્રી સોમનાથ મહાદેવ મંદિર ખાતે વિધીમાં હતાં ત્યારે એકાએક બેભાન થઇ જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે જાણ કરતાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના રવિભાઇ વાસદેવાણીએ હોસ્પિટલે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવડાવ્યું હતું.

વિશેષ માહિતી પર નજર કરીએ તો મૃત્યુ પામનાર અશ્વિનભાઇ તન્નાના માતા પુષ્પાબેન દિનેશભાઇ તન્નાનું ગત ત્રીજી તારીખના રોજ અવસાન થયું હોઇ આજે તેમની ૧૦માની વિધી સોજીત્રાનગરના શ્રી સોમનાથ મહાદેવ મંદિર ખાતે રાખવામાં આવી હતી. અહિ અશ્વિનભાઇ વિધીમાં બેઠા હતાં ત્યારે જ એકાએક છાતીમાં દુઃખાવો ઉપડ્યો હતો અને બેભાન થઇ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

પરંતુ અહિ તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. મૃતયુ પામનાર અશ્વિનભાઇ બે ભાઇ અને એક બહેનમાં વચેટ હતાં. તેમને સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. તેમના પિતા હયાત નથી. તન્ના પરિવારમાં ઘરના વડિલ એવા માતા પુષ્પાબેનનું અવસાન થતાં પરિવારજનો શોકમાં હતાં ત્યાં હવે માતાની દસમાની વિધી વખતે દિકરાનું મૃત્યુ થતાં દસ જ દિવસમાં બબ્બે સ્વજન ગુમાવનારા તન્ના પરિવાર પર વજ્રઘાત થયો છે. બનાવની જાણ થતાં મોટી સંખ્યામાં સગા સ્વજનો, મિત્રો હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતાં. આ ઘટનાને કારણે તન્ના પરિવારના સદસ્યોમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી.

### રણછોડનગરમાં બનાવઃ રૂપીયા ગણતા ત્યારે જ ગઠીયા આવ્યા

## વેફર લેવા આવેલા ગઠીયા રોકડા સેરવી છુ

રાજકોટઃ વધુ એક વખત ચોર-ગઠીયા પોતાની કારીગીરીનો પરચો આપી ગયા છે. રણછોડનગરના કરીયાણાના વેપારી વૃધ્ધ દુકાને બેઠા હતાં ત્યારે રિક્ષા લઇને આવેલા બે શખ્સોએ વેફરના પચાસ પડીકા જોઇએ છે તેમ કહેતાં વેપારી રોકડ રકમ કે જે હાથમાં હતી તે ટેબલ ઉપર મુકીને અંદર પડીકા લેવા ગયા ત્યાં આ શખ્સ જે ત્રીસ હજારની રકમ હતી તેમાંથી સાડા બાર હજાર લઇ ભાગી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો કુવાડવા રોડ પર રણછોડનગર શેરી નંબર ૪ ઘનશ્યામ ભુવન મકાનમાં રહેતા સિત્તેર વર્ષના ભુદરભાઈ દેવશીભાઈ રાખોલીયા નામના વૃદ્ધે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ રીક્ષામાં આવેલા શખ્સોના આરોપી તરીકે નામ આપ્યા છે. વૃદ્ધ વેપારીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓ મકાનમાં જ શિવમ



સેલ્સ એજન્સી નામની કરીયાણાની દુકાન ચલાવે છે. દસમીએ સવારે અગીયાર વાગ્યા આસપાસ તેઓ દુકાને હાજર હતા ત્યારે પુત્ર પ્રતકને મજુરોને રૂપીયા આપવાના હોય જેથી બેંકમાંથી રૂ.30 હજાર ઉપાડી દુકાનના ટેબલ પર રાખી ગણતા હતા.

દરમિયાન દુકાન સામે એલ લીલી કલરની ઓટો રીક્ષા આવી હતી. રીક્ષાચાલક સીટ પર બેઠો હતો જ્યારે તેમાં બેઠેલો અન્ય એક દાઢીવાળો શખ્સ વેપારીની દુકાને આવ્યો હતો.આ શખસે વેપારીને કહ્યું હતુ કે મારે વેફર્સના ૪૦ થી ૫૦ પેકેટ જોઈએ છે. વેપારી પાસે એક જ પ્રકારના વેફર્સના આટલા પેકેટ ન હોઈ તેમણે અલગ અલગપ્રકારના પકેટ હોવાનું કહેતા આ શખ્સે હા પાડી હતી. બાદમાં વેફર્સના પેકેટ લેવા ગયા હતાં. વેફર્સ લઈને આવતા આ શખ્સ ભાગીને રીક્ષામાં બેસી ગયો હતો. બાદમાં બંને નાસી ગયા હતાં. ત્યાર બાદ વેપારીએ ટેબલ પર રાખેલ રોકડ જોતા રૂ.30 હજારના બદલે માત્ર ૧૭,૫૦૦ જ હતા જેથી ગ્રાહકના સ્વાંગમાં આવેલો શખ્સ વેફર્સના પેકેટ ખરીદવાનું કહી વૃધ્ધ વેપારીની નજર ચુકવી રૂ.૧૨,૫૦૦ રોકડ તફડાવી ગયો હતો. સીસીટીવી ફટેજના આધારે બી-ડિવીઝન પોલીસે આરોપીઓને શોધવા તપાસ શરૂ કરી હતી.

### શહેરમાં શેરીએ ગલીએ અમુક ગાંઠીયાદાદાઓ ચલાવતાં હોય છે લુખ્ખાગીરી

## ઘૂઘરા ખાધા પૈસા માંગ્યા તો માર્યા ધૂંબા-લાફા

### રૈયામાં સોહિલ સંધીની ગુંડાગીરીઃ ઘૂઘરા વેંચતા શ્રમિકનો ફોન પણ તોડી નાંખ્યો અને ધમકી દીધી કે હવે પૈસા માંગીશ તો રેંકડી જ ઉંધી વાળી દઇશ, પોલીસને જાણ કરીશ તો જાનથી મારી નાંખીઃ યુનિવર્સિટી પોલીસે કરી કાર્યવાહી

રાજકોટઃ શહેરમાં અવાર-નવાર અમુક વિસ્તારોમાં ગાંઠીયાદાદાઓ ગુંડાગીરી પર ઉતરી આવતાં હોય છે. તાજેતરમાં ગોંડલ રોડ ભક્તિનગર સ્ટેશન પ્લોટમાં એક શખ્સે મફતમાં પાન-ફાકી-સિગારેટ લઇ જઇ હું આ વિસ્તારનો ડોન છું કહી ધમાલ મચાવતાં એ-ડિવીઝન પોલીસે તેને સીધો દોર કર્યો હતો. ત્યાં હવે રૈયા ગામમાં રહેતાં એક શખ્સે ઘૂઘરાની લારીએથી અગાઉ પણ ઘૂઘરા ખાઇ પૈસા દીધા ન હોઇ ફરીથી તે આવુ કરીને જતો રહેતાં ઘૂઘરાના ધંધાર્થીએ તેને આજના તો ઠીક છે અગાઉના બાકી છે એ પૈસા તો આપો તેમ કહેતાં આ શખ્સે મારી પાસે પૈસા માંગવા જ નહિ, જો માંગીશ તો તારી લારી જ ઉંધી વાળી દઇશ કહી આ યુવાનને બેફામ લાફા, ધુંબા મારી તેનો મોબાઇલ ફોન પણ પગની પેનીથી તોડી નાંખતાં ચકચાર જાગી છે.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં સામાન્ય બાબતે બોલાચાલી અને હુમલાના બનાવો વધી રહ્યા છે, ત્યારે રૈયા ગામ વિસ્તારમાં ઘુઘરાના બાકી પૈસા



માંગવા જેવી નજીવી બાબતે એક શ્રમિક વેપારી પર હુમલો કરી, તેનો મોબાઈલ તોડી નાખી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ -કાશમાં આવ્યો છે. આ અંગે ભોગ બનનાર વેપારીએ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. મુળ મધ્યપ્રદેશના અને છેલ્લા ૨૦ વર્ષથી રાજકોટના રૈયા ગામમાં રહેતો સત્વાયીસ વર્ષના સોનુ હુકમસિંઘ કુસવાહા રૈયા બસ સ્ટેન્ડ પાસે ઘુઘરા વેચીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે.

સોનુને બપોરે તે ઘરે હતો ત્યારે નાના ભાઈ બંટીએ ફોન કરીને જણાવ્યું હતું કે, પડોશમાં જ રહેતો શોહીલ સંધી અગાઉના પૈસા બાકી હોવા છતાં આજે ફરી પૈસા આપ્યા વગર જતો રહ્યો છે. આથી સોનુભાઈ જ્યારે ઘરેથી ઘુઘરા લઈને નીકળ્યા ત્યારે ચોકમાં ઉભેલા શોહીલને અગાઉના પૈસા ચૂકવી દેવા માટે વિનંતી કરી હતી. પૈસાની ઉઘરાણી કરતા જ શોહીલ સંધી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને બિભત્સ ગાળો આપવા લાગ્યો હતો. ઉશ્કેરાયેલા શખ્સે સોનુભાઈને મોઢાના ભાગે ફડાકા ઝીંકી દીધા હતા અને ઢીકાપાટુનો માર મારવા લાગ્યો હતો.

આ ઝપાઝપી દરમિયાન સોનુભાઈનો મોબાઈલ નીચે પડી જતા શોહીલે જાણીજોઈને તેના પર પગ મૂકી તેને તોડી નાખ્યો હતો, જેના કારણે આશરે ચાર હજારનું નુકસાન થયું હતું. હુમલાખોર શોહીલે ધમકી આપતા જણાવ્યું હતું કે હવે પછી મારી પાસે પૈસા માંગતો નહીં, નહિતર તારી રેકડી ઘી વાળી દઈશ. અને જો આ બાબતે પોલીસમાં ફરિયાદ કરી છે તો તને જાનથી મારી નાખીશ. આ ધમકી આપીને શખ્સ ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

આ બનાવને કારણે ભયભીત બનેલા વેપારી સોનુ કુસવાહાએ આખરે હિંમત દાખવીને પોલીસનો સંપર્ક કર્યો હતો અને શોહીલ સંધી વિરુદ્ધ મારપીટ, તોડફોડ અને ધમકી આપવા અંગેની ફરિયાદ નોંધાવી હતી. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સ. એચ. એન. પટલના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. જી. એસ. ઝાલાએ એફઆઇઆર દાખલ કરતાં આગળની તપાસ શરૂ કરવામાં આવી છે.

### નાત બહાર મૂક્યા બાદ સમાધાન કરવા ૧૦ લાખ લાખ માંગ્યા

## રૂપિયા નહિ આપો તો ટાટિયા ભાંગી નાખવાની મહિલાને ધમકી

### ૪ સામે ગુનો : કૌટુંબિક વેવાઈ સહિતના ચારને શોધતી ગાંધીગ્રામ યુનિ.-૨ પોલીસ

રાજકોટ, તા.૧૨

રૈયાધાર વિસ્તારમાં, રાધેશ્યામ ગૌશાળા પાસે રહેતી મહિલાએ પોતાના રીત રિવાજ મુજબ નાત બહાર મૂક્યા હોય અને આ વાતનું સમાધાન કરવા માટે વેવાઈ વેલા સહિત ચાર શખ્સોએ ૧૦ લાખની માગણી કરીને જો ન આપે તો ટાટીયા ભાંગી નાખવાની ધમકી આપ્યાની ગાંધીગ્રામ-૨ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચારેય ધમકીખોરની શોધખોળ આદરી છે. રાધેશ્યામ ગૌ શાળાની બાજુમાં, મફતીયા પરા, રૈયાધારમાં રહેતા ભગવતીબેન પ્રવીણભાઈ બાબુભાઈ સુરેલાએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપીઓ તરીકે રાજકોટના સોમા મનજી વારેયા, પાટણ જિલ્લાના રાધનપુરના કનુ મગન વારેયા તેમજ સાગર કનુ વારૈયા અને નવીન કનું વારેયાના નામો આપ્યા છે.

પોલીસ ફરિયાદમાં ભગવતીબેને જણાવ્યું છે કે ઉપરોક્ત સરનામે તેમના પતિ તેમજ ચાર દીકરી સાથે રહે છે. તેણીના પતિ શાકભાજી વેચવાની મજૂરી કામ કરે છે. તેમની દીકરી ગાયત્રી રાજેશ વારેયા તેમજ તેણીના સગા નણંદ સંગીતાબેન દિનેશભાઈ વારેયા જે બંને એક જ કુટુંબમાં સાસરે હોવાથી અને હાલ બંને રાધનપુર તાલુકાના નવાગામ ગામે સાસરે છે. બંનેના કુટુંબ વચ્ચે ઝઘડા ચાલતા હોવાથી તેમજ તેણીના નણંદના કાકાજી સસરા કનુ મગન વારેયા અને તેના દીકરા તેમજ સોમા મનજી વારેયા કે જે તેણીના કૌટુંબિક વેવાઈ થતા હોવાથી તેઓના કૌટુંબિક ઝઘડાનો ખાર રાખી ફરિયાદી મહિલા તેમજ તેમના પરિવારને હેરાન પરેશાન કરે છે. એટલું જ નહીં ફરિયાદી મહિલા સહિતના કુટુંબને નાતના રિવાજ મુજબ નાત બહાર કરી દીધું હોવાથી કનું અને સોમાએ તેમને છેલ્લા પાંચ મહિનાથી વારંવાર કહે છે કે તમારી નણંદના ઘરે તેમજ નાતમાં ભળવું હોય તો સમાધાન પેટે ૧૦ લાખ આપવા પડશે. દરમિયાન તા.૧૧ ફેબ્રુઆરીના બપોરે ૨:૦૦ વાગ્યાની આસપાસ ભગવતીબેન તેમજ તેમના એક દેરાણી નીતાબેન પ્રહલાદભાઈ સુરેલા અને બીજા દેરાણી સવિતાબેન વિનોદભાઈ સુરેલા એમ



ત્રણેય શાકભાજી લેવા માટે જતા હતા. ત્યારે રામાપીર ચોકડી પાસે દેવજીવન હોટલ સામે પહોંચતા કનું મગન વારેયા અને તેનો દીકરો સાગર કનુ અને નવીન કનુ વારૈયા ત્યાં ઉભા હતા. અને તેમને ત્રણેયને ઉભા રાખી કનુએ કહ્યું હતું કે તારા પતિને કહેજે દસ લાખ રૂપિયા આપવા હોય તો જ સમાધાન કરવું છે નહીં તો કોઈ સમાધાન કરવું નથી, તેમ કહી ભૂંડી ગાળો આપી અને તેનો દીકરો સાગર અને નવીન પણ ગાળો આપી ધમકી આપવા લાગ્યા હતા. ત્યારે એવું પણ કહ્યું હતું કે હવે તે અમારા વિરુદ્ધમાં પોલીસમાં ફરિયાદ કરી છે તો અમે તમારા હાથ પગ ભાંગી નાખીશું અને જાનથી મારી નાખીશું. આવી ધમકી આપી ત્યાંથી ભાગી ગયા હતા. બીજી બાજુ સોમાએ પણ તેણી પાસે સમાધાન પેટે દસ લાખ રૂપિયા આપો તો તમારું સમાધાન કરાવી આપીશ અને જો ૧૦ લાખ રૂપિયા નહીં આપો તો તમારા હાથ પગ ભાંગી નાખીશ અને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. સમાધાન બાબતે ઉપરોક્ત ચારેય શખ્શ મારી નાખવાની તેમજ ટાટીયા ભાંગી નાખવાની ધમકી આપતા હોવાથી ભગવતીબેન પ્રવીણભાઈ સુરેલાએ ગાંધીગ્રામ-૨ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચારેય ધમકીખોરને પકડી લેવા તજવીજ શરુ કરી છે.

### યાર્ડના ચેરમેન અલ્પેશભાઇ ઢોલરીયાએ યાર્ડની સુવિધાથી અનિરુદ્ધ દવેને કર્યા વાકેફ

## ગોંડલ માર્કેટ યાર્ડની મુલાકાત લેતા ભાજપના મહામંત્રી દવે



ગોંડલ, તા.૧૨

કચ્છ માંડવીના ધારાસભ્ય અને ગુજરાત પ્રદેશ ભાજપના નવ નિયુક્ત મહામંત્રી અનિરુધ્ધભાઈ દવેએ એશિયાનું આજે ગોંડલ માર્કેટિંગ યાર્ડની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ તકે પ્રદેશ ભાજપ દ્વારા સૌરાષ્ટ્રના પ્રભારી મહામંત્રીની જવાબદારી સોંપ્યા બાદ પ્રથમ વખત ગોંડલની મુલાકાતે આવતા તેઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અને યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ યાર્ડની મુલાકાત કરાવી યાર્ડની પધ્ધતિ, વ્યવસ્થા, સુવિધાઓ અંગે માહિતગાર કર્યા હતા. પ્રદેશ ભાજપના ઉપપ્રમુખ રમેશભાઈ ધડુક ની વિશેષ ઉપસ્થિતિમાં યાર્ડની ટીમ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. અનિરુદ્ધભાઈએ ગોંડલ માર્કેટ યાર્ડની સુવિધાઓથી પ્રભાવિત થઈને યાર્ડને હજુ આગળ લઇ જવાની ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાને શુભેચ્છા આપવામાં આવી હતી.

## ૧.૦૯ લાખના ૨ કિલો ગાંજા સાથે દંપતિ ઝડપાયું

### શાપર(વે)પોલીસે રાજકોટ-ગોંડલ હાઈવે પરના કોરાટ ચોક નજીકથી દંપતિને દબોચ્યું

રાજકોટ. તા.૧૨

રાજકોટ-ગોંડલ હાઇવે પરથી કોરાટ ચોક નજીકથી અલગ અલગ બે રિક્ષામાં ગાંજાની હેરાફેરી કરતા દંપતિને ૧.૦૯ લાખના ૨ કિલો ગાંજા સાથે ઝડપી લીધા છે. શાપર(વે) પોલીસે હવે ગાંજાના સપ્લાયર અને રિસીવરને દબોચવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર શાપર પોલીસ મથકના પીઆઈ આર.બી.રાણા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે પીએસઆઇ આર.ડી.સોલંકીને બાતમી મળી હતી કે, રાજકોટથી ગોંડલ નેશનલ હાઇવે ઉપર એક સ્ત્રી અને પુરુષ માદક પદાર્થના જથ્થા સાથે અલગ અલગ બે ઓટો રિક્ષામાં બેસી નીકળવાના છે. બાતમીના આધારે શાપર



પોલીસની ટીમે બે અલગ અલગ ટીમો બનાવી તાત્કાલિક રાજકોટ-ગોંડલ હાઇવે પર કોરાટ ચોક ખાતે વોચ ગોઠવી હતી.

દરમિયાન કોરાટ ચોક ખાતેથી જીજે-૦૩-સીટી-૪૪૬૮ અને તેની પાછળ જીજે-૦૩-સીટી-૨૫૯૨ નંબરની બે ઓટો રીક્ષા નીકળતા બંને રીક્ષાને અટકાવી તપાસ કરતા તેમાં એક શખ્સ બેઠો હતો અને તેમણે ગુંદાસર, રીબડા રેલવે સ્ટેશન પાછળ, ગોંડલ, મૂળ રહે. આરા, બિહારના લક્ષ્મણરામ રુદલરામ પાસવાન (ઉવ ૩૭) તરીકે ઓળખ આપી હતી. જ્યારે અન્ય રિક્ષામાં એક મહિલા અને એક બાળક બેઠા હોવાથી તેણીની પુછપરછ કરતા ઉપરોક્ત સરનામે જ રહેતી રોમાદેવી લક્ષ્મણરામ પાસવાન તરીકે ઓળખ આપી હતી. અને તેની સાથેનું બાળક તેમનો આઠ વર્ષનો પુત્ર હોવાની કેફિયત આપી હતી. બાદમાં પોલીસે પ્રથમ રીક્ષામાં બેઠેલા પુરુષ પાસેની થેલીમાંથી ૧.૯૮૪ ગ્રામ અને તેમની પત્ની રોમાદેવી પાસવાન પાસેથી ૨૦૬ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. પતિ-પત્નીના કબજામાંથી, ૧.૦૯ લાખના ૨.૦૧૯ કિલોગ્રામ ગાંજો મળી આવતા શાપર પોલીસની ટીમે ગાંજો, મોબાઈલ મળી કુલ રૂ.૧,૧૦,૫૦૦નો મુદ્દામાલ કબજે કરી દંપતિની ધરપકડ કરી એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં દંપતિ શાપર ખાતે ગાંજાની ડિલિવરી આપવા જઈ રહ્યા હોવાનું બહાર આવ્યું હતું. પરિણામે હવે પોલિસે ગાંજો મંગાવનાર અને રીસીવરના નામો કબુલાવા આગવી ઢબે પૂછપરછ શરુ કરી છે. ગુનાની વધુ તપાસ લોધિકા પોલિસ મથકના પીઆઈ યુ.આર. ડામોરએ હાથ ધરી છે.

ધોરણ દસમાં ભણતી બાળા ઘરે પ્રસંગ પુરો થતાં શાળાએ જવાને બદલે ભાગી નીકળીઃ રાજકોટ પહોંચી મિત્રને સાથે ભાગવા કહ્યું પણ તે ન આવતાં બસ સ્ટેશને પહોંચી અને થઇ અને અહિ લેભાગુ ભેટ્યો

# છાત્રા સાથે લેભાગુ રિક્ષાચાલકના અડપલા

## જંગલેશ્વરના સિકંદરે એસટી બસ નહિ મળે કહી લીમડા ચોકમાં બાળાને લાવી ટ્રાવેલ્સની ટિકીટ લઇ દીધીઃ જો કે બાળાને તને હુ નોકરી અપાવીશ, તારે સુરત નહિ પણ વચ્ચે ગામ આવે ત્યાં ઉતરજે તેવી સલાહ દીધીઃ આ શખ્સનો ખરેખર ઇરાદો શું હતો તેની એ-ડિવીઝન પોલીસે શરૂ કરી ઉંડી તપાસ

રાજકોટ, તા. ૧૨

સગીર વયની છાત્રોઓ માટે એક લાલબત્તી સમાન કિસ્સો રાજકોટમાં બન્યો છે. રાજકોટ જીલ્લાના ગામમાં રહી જીલ્લાની જ એક સંસ્થા સંચાલીત શાળામાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતી બાળા ઘરે પ્રસંગ હોઇ શાળામાં રજા મુકીને ઘેરે આવ્યા બાદ ઘરેથી પરત શાળાએ જવાને બદલે ભાગી નીકળતાં અને તેના મિત્રએ સાથે ભાગવાની ના પાડતાં બસ સ્ટેશને ખાતે નાસિક જવા પહોંચી ત્યારે તેને એક લેભાગુ રિક્ષાચાલકનો ભેટો થઇ ગયો હતો. દાઢીવાળા આ રિક્ષચાલકે તેણીના વાંસામાં હાથ ફેરવી અડપલા કરી તેમજ એસટી નહિ મળે, લીમડા ચોકથી બીજી બસમાં સુરત જતા રહેવા કહી ત્યાં લઇ જઇ બાદમાં તેણીને સુરતને બદલે બીજા ગામે ઉતરવા તેમજ નોકરીની લાલચ દઇ દિલ્હી જતા રહેવાનું કહેતાં ચકચાર જાગી છે.

આ બનાવમાં હાલ એ-ડિવીઝન પોલીસે પોક્સો હેઠળ ગુનો નોંધી જંગલેશ્વરના સિકંદર નામના રિક્ષાચાલકની પુછતાછ શરૂ કરી છે. બાળાને દિલ્હી શા માટે મોકલવી હતી? બાળાને સુરતની ટિકીટ લઇ દીધા બાદ શા માટે બીજા કોઇ ગામે ઉતરવા સલાહ આપી? આ સહિતની તપાસ થઇ રહી છે. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે રાજકોટ જીલ્લાના એક ગામે રહેતાં ભોગ બનનાર ૧૫ વર્ષની બાળાના પિતાની ફરિયાદને આધારે સિકંદર નામના શખ્સ વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી તેને ઝડપી લેવા તજવીજ શરૂ કરી છે. ફરિયાદીએ જણાવ્યું છે કે મારે ત્રણ સંતાન છે જેમાં એક દિકરીની ઉમર ૧૫ વર્ષની છે જે રાજકોટ જીલ્લાના જ એક ગામમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરે છે. ગત ૨૮/૧/૨૬ના રોજ અમારે કુટુંબમાં પ્રસંગ હોઇ જેથી દિકરી ઘરે આવી હતી. ૧૦/૨ના રોજ તે ઘરે હાજર ન મળતાં અમે શોધખોળ કરી હતી. બાદ તેના અભ્યાસના સ્થળે તપાસ કરી હતી. ત્યાં અમે વાત કરી હતી કે દિકરી પ્રસંગ હોવાથી ૨૮મીએ ઘરે આવી હતી અને બાદમાં અહિ જ હતી. બાદમાં અહિથી નીકળી ગઇ છે.

આ પછી અમે દિકરીની સગા સંબંધીઓને ત્યાં શોધખોળ કરી હતી પણ પત્તો મળ્યો નહોતો. આ દરમિયાન ૧૦/૨ના રાતે દિકરીએ મને ફોન કરી કહેલું કે હું રાજકોટ છું અને મને રાવકી ગામેથી તેડી જાવ. આથી અમે રાવકી પહોંચતા ત્યાં દિકરી મળી હતી. આ પછી અમે દિકરીને ઘરેથી ક્યાં ગઇ હતી? તે વિશે પુછતાં તેણીએ કહ્યું હતું કે-મારો ફ્રેન્ડ જામકંડોરણા તરફ રહે છે તેને મેં ફોન કરી માધાપર ચોકડીએ આવવા અને ત્યાંથી બંને ભાગી જઇએ તેવુ કહ્યું હતું. પરંતુ મિત્રએ ભાગવાની કે રાજકોટ આવાવની ના પાડી દીધી હતી. મારે ઘરે આવવું ન હોઇ અને નાસિક સગાના ઘરે જતું રહેવું હોઇ જેથી હું રિક્ષામાં બેસી રાતે પોણા નવેક વાગ્યે રાજકોટ એસટી બસ સ્ટેન્ડ ખાતે પહોંચી હતી. બસ સ્ટેશનમાં આવેલી દુકાનેથી મોબાઇલનું ચાર્જ લઇ હું બહાર બેઠી હતી ત્યારે એક દાઢીવાળો શખ્સ આવ્યો હતો.

જેણે મને 'બહેન તમારે ક્યાં જવું છે?'



પુછતાં મેં તેને કહેલુ કે મારે ગોંડલ-નાસિક રૂટની બસમાં બેસી નાસિક જવું છે. આથી તેણે કહેલું કે-બસ હવે નહિ હોય, તું અહિથી સુરત જતી રહે, ત્યાંથી નાસિકની બસ મળી જશે. આ પછી હું અને અજાણ્યો શખ્સ બસ સ્ટેશનમાં ગયા હતાં. જ્યાં સુરતવાળી બસ ઉભી હોઇ તેમાં ચડી હતી, પણ બસ ખાલી ન હોઇ જેથી નીચે ઉતરી જતાં એ શખ્સ ફરીથી આવ્યો હતો અને મારી પીઠ પાછળ વાંસમાં હાથ ફેરવી કહેલું કે-તું હજી અહિ કેમ ઉભી છો? જેથી કહેલું કે બસ ફુલ છે, આથી તેણે હું તને લીમડા ચોક લઇ જાવ, ત્યાંથી બસ મળી જશે. તેમ કહેતાં હું તેની રિક્ષામાં બેસી લીમડા ચોક જવા નીકળી હતી. ત્યાં ત્રણેક ટ્રાવેલ્સ ઓફિસે તપાસ કરી હતી પણ બસ ફુલ હતી.

આથી તે ચોથી ટ્રાવેલ્સની ઓફિસે લઇ ગયો હતો. જ્યાં એક સિંગલ સોફાની સીટ ખાલી છે તેવુ કહેવાતાં મેં ટિકીટ લીધી હતી. એ વખતે આ શખ્સે ટીકીટના રૂપિયા આપ્યા હતાં અને મારા મોબાઇલમાં ફોન કરી અને ટીકીટમાં નંબર લખાવ્યા હતાં. મેં તેનું નામ પુછતાં તેણે સિકંદર જણાવ્યું હતું.

બાદમાં તેણે મારી ટિકીટ કન્ફર્મ કરાવી કહ્યું હતું કે બસ રાતે પોણા બારની છે. એ પછી ફરી મને રિક્ષામાં બેસાડી હતી અને મારો મોબાઇલ લઇ તે ઓફિસમાં ચાર્જીંગમાં મુકવા ગયો હતો. એ પછી તે રિક્ષામાં આવી બેસી ગયો હતો અને મને કહેલુ કે-હું તને નોકરી અપાવીશ, તું આ બસમાં બેસીને સુરત ન જતી પણ હું કહું એ ગામમમાં .તરી જજે અને ત્યાંથી તું દિલ્હી જતી રહેજે. તને બસ ન મળે તો મને ફોન કરજે. ત્યાંથી નાસિકની બસ કરાવી આપીશ તેમ કહ્યું હતું. મેં તેને હા હું ફોન કરીશ તેમ કહેતાં તે ચા લેવા ગયો હતો. ચા લાવીને મને પરાણે પીવડાવી હતી. બાદમાં તેણે નાસ્તાનું અને મજમવાનું પુછ્યું હતું અને આપણે બંને હોટેલમાં જમવા જઇએ તેવું કહ્યું હતુ. પણ મેં ના પાડી હતી. એ પછી તેણે કોઇ બીજા સાથે અને કોઇ લેડીઝ સાથે ફોનમાં વાત કરી હતી. એ પછી હું ટ્રાવેલ્સની ઓફિસમાં મારો ફોન ચાર્જીંગમાં રાખ્યો હોઇ તે લેવા ગઇ હતી અને ફરીથી મારા ફ્રેન્ડને ફોન કરતાં તેણે હું હમણા આવુ છું.

તેમજ નાસિક રહેતાં મામાને પણ ફોન કરીને હું નાસ્કિ આવુ છું તેમ કહેતાં તેણે મને ફોન કરતી રહેજે, ધ્યાન રાખજે તેમ કહ્યું હતું. એ પછી સિકંદર આવ્યો હતો અને કહેલું કે મારે પણ સુરત જવાનું હતું. પણ મારે કામન ન હોત તો ડબલના સોફામાં બેસાડીને તને નાસિક મુકી જાત. આ પછી મારા ફ્રેન્ડો ફોન આવ્યો હતો. તે વખતે હું રિક્ષામાં જ બેઠી હતી. ત્યાં જ મારા કુટુંબી ભાઇઓ પણ આવી ગયા હતાં. જેથી મેં સિકંદરને કહેલું કે તમે રિક્ષા ભગાવો. આથી તે રિક્ષા ચાલુ કરી નવાગામ તરફ લઇ ગયો હતો. એ દરમિયાન હું ભણું છું એ સંસ્થાના મહિલા કર્મચારીનો મને ફોન આવ્યો હતો અને મારું લોકેશન માંગ્યું હતું. જેથી મેં કહેલું કે મને ખબર નથી કે હું ક્યાં છું. જેથી મેં સિકંદરને ફોન આપતાં મહિલા કર્મચારીએ તેને કહેલું કે તું આને મવડી ચોકડીએ ઉતારી જા.

આથી સિકંદરે રિક્ષા પાછી વાળી હતી અને મને કહેલું કે તારે મારી ઘરે આવવું છે. જેથી મેં ના પાડી જ્યાંનુ કીધુ ત્યાં રિક્ષા લઇ લેવાનું કહેતાં તેણે રસ્તામાં ઓવર બ્રીજ પર મેં રિક્ષા ઉભી રખાવી બાથરૂમ જવા ઉતરી હતી એ વખતે તેણે મારી બસની ટીકીટ લઇ લીધી હતી. તેના મોબાઇલ નંબર ડીલીટ કરી નાંખ્યા હતાં. પછી મને કહેલું કે તારે તારા ઘરેથી ભાગવું હોય ત્યારે મને કહેજે, આપણે બસ સ્ટેશનથી અહિ સુધી જે વાત થઇ તે તારા ઘરનાને ન કહેતી. તેમ કહી તે મની રાવકી સુધી રિક્ષા મારફત મુકી ગયો હતો. જ્યાં મારા કુટુંબીઓ અને સંસ્થાના મહિલા કર્મચારી હાજર હતાં. બાદમાં મેં આ સિકંદરે મારી સાથે જાતીય સતામણી કરી વાંસામાં હાથ ફેરવ્યા હોઇ તેની વાત કરતાં મારી દિકરીએ કરતાં અમે ફરિયાદ કરી હતી. તેમ વધુમાં ફરિયાદીએ કહેતાં પોલીસ ઇન્સપેક્ટર બી. વી. બોરીસાગરની રાહબરીમાં પીએસઆઇ ડી. વાય. મહંતે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી જંગલેશ્વરના સિકંદરને સકંજામાં લઇ તેની વિસ્તૃત પુછપરછ હાથ ધરી હતી. આ ઘટનાએ ચકચાર જગાવી છે. સદ્દનસિબે આ બાળા બચી ગઇ હતી. સિકંદરના ઇરાદા શું હતાં? તેની તપાસ થઇ રહી છે.

# ઘરમાં જાહેરમાં જુગટૂ રમતાં મહિલા સહિત ૭ પકડાયા, બે ભાગી ગયા

## માલવીયાનગર, ભક્તિનગર પોલીસના દેવનગર, એંસીના રોડે દરોડાઃ પીસીબીએ રેસકોર્ષ રોડ પરથી એકને વર્લ્ડ કપના મેચ પર સટ્ટો રમતાં દબોચ્યો



રાજકોટઃ દારૂ જૂગારની પ્રવૃતિ ડામવા પોલીસ સતત દરોડા પાડતી રહે છે. દરમિયાન બે સ્થળે ઘરમાં જાહેરમાં તિનપત્તી રમતાં બે મહિલા સહિત સાત પકડાયા હતાં. બે શખ્સ ભાગી ગયા હતાં. બીજી તરફ એક દરોડામાં મોબાઇલ ફોનની આઇડીમાં વર્લ્ડ કપના મેચ પર સટ્ટો રમતો શખ્સ પકડાયો હતો.

વિગતો જોઇએ તો ટીમ દારૂ જૂગારના કેસ શોધવા પેટ્રોલીંગમાં હતી ત્યારે મીહતી પરથી દેવનગર-૧ રામાપીરના મંદિર પાસે રહેતાં કમલેશ મહેશભાઇ રાઠોડ નામના રિક્ષાચાલકના ઘરમાં દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે કમલેશ તથા દેવનગરના જ વિનોદ છગનભાઇ મકવાણા, રાજનગર ચોક મેઘમાયાનગર-૪ના જયેશ રમેશભાઇ રાઠોડ, કમલેશના પત્નિ વર્ષાબેન તેમજ મોટા મવા શ્રીહાઉસીંગ સોસાયટીના રીનાબેન અરવિંદભાઇ મકવાણાને તીનપત્તીનો જૂગાર રમતાં પકડી લઇ રૂા. ૧૪૨૦૦ની રોકડ કબ્જે કરી હતી. રાત્રીનો સમય હોઇ બંને મહિલાની અટકાયત બાકી રખાઇ હતી. પીએસઆઇ કે. ડી. મારૂ, અજયભાઇ વીકમા, ભાવેશભાઇ ગઢવી સહિતે દરોડો પાડ્યો હતો.

આ ઉપરાંત એસી ફુટ રોડ માધવ હોલની સામે આરએમસીના પાર્કિંગ પાસેના ખુલ્લા પ્લોટમાં જૂગાર રમાતો હોવાની માહિતી પરથી ભક્તિનગર પોલીસ સ્ટેશનના હેડકોન્સ. રમેશભાઇ, યુવરાજસિંહ સહિતે દરોડો પાડી કોઠારીયા સ્વાતિ પાર્ક-દના સુખદેવ કાળુભાઇ ચાવડા, ઢેબર કોલોની ક્વાર્ટરના હનીફ અબ્દુલભાઇ ભુકેડાને પકડી લીધા હતાં. પોલીસને જે બે શખ્સો જીગર પ્રવિણભાઇ મીયાત્રા અને ઇકબાલ જુનાગઢીનો છોકરો શબલો ભાગી ગયા હતાં. પોલીસે જૂગારના પટમાંથી રૂા. ૧૮૮૫૦ની રોકડ કબ્જે કરી હતી. તેમજ રેસકોર્ષ રીંગ રોડ પર આઇઓસીની દિવાલ પાસે ફટપાથ પર ઉભો રહી એક શખ્સ મોબાઇલ ફોનમાં આઇડી પર ક્રિકેટ મેચનો સટ્ટો રમતો હોઇ પીસીબીના એએસઆઇ સંતોષભાઇ મોરી, કોન્સ. દેવરાજભાઇ કળોતરા સહિતે દરોડો પાડી જયેશ પ્રભુદાસભાઇ કંટારીયા (ઉ.વ.૪૫-રહે. હાલ માધાપર ચોકડી નાગેશ્વર એપાર્ટમેન્ટ એ-વીંગ ૨૦૧)ને પકડી લઇ મોબાઇલ કબ્જે કર્યો હતો. આ શખ્સ ટી-૨૦ વર્લ્ડ કપના ઓસ્ટ્રેલીયા-આયર્લેન્ડના મેચ પર રનફેરના સોદા લગાવી આઇડી પર જૂગાર રમતો હતો. આઇડી કોની પાસેથી લીધી તેની તપાસ થઇ રહી છે.

### એક મંદિર ચોરીનો ભેદ ઉકેલી પોલીસ રાજી થતી હતી ત્યાં તસ્કરીયા ફેંકી ગયા બીજો પડકાર

# મનહરપુરમાં ચામુંડા માતાનો મુગટ - ફળાની ચોરી

## આ મંદિરમાં પુજા કરતાં કોળી પરિવારના યુવાને યુનિવર્સિટી પોલીસને જાણ કરીઃ ડી. સ્ટાફ, એલસીબી ઝોન-૨ની ટીમ દ્વારા તપાસનો ધમધમાટ

રાજકોટઃ શહેરમાં પોલીસને તસ્કરીયાઓ વારંવાર પડકારા કરતા રહે છે. હજુ ગઇકાલે જ ગોંડલ રોડના લોહાનગરમાં ખોડીયાર માતાજીના મંદિરમાં થયેલી ચોરીનો ભેદ ગાંધીગ્રામ પોલીસે ઉકેલી લોહનગરમાં જ રહેતાં શખ્સને સોનાના સાડા ચાર લાખની કિમતના મુગટ સાથે દબોચી લીધો હતો.

આ ચોરીનો ભેદ ઉકેલી પોલીસે હાશકારો અનુભવ્યો ત્યાં હવે યુનિવર્સિટી પોલીસને પડકાર મળ્યો છે. જામનગર રોડ મનહરપુરમાં ચામુંડા માતાજીના મઢમાંથી માતાજીનો સોનાનો મુગટ અને ચાંદીના ચાર ફરા મળી એક લાખ બાંસઠ હાજરના દાગીના ચોરી જવામાં આવ્યા છે.

વિગતો પર નજર કરીએ તો લોહાનગરના શ્રીખોડિયાર માતાજીના મંદિરમાંથી સાડા ચાર લાખનો સોનાનો મુકુટ ચોરી થયાની ઘટના બનતા એ-ડિવીઝન પોલીસ, એલસીબી, ડીસીબીની ટીમો કામે લાગી હતી. એ દરમિયાન ગાંધીગ્રામ પોલીસે લોહાનગરના જ શખ્સને પકડી લઇ એ-ડિવીઝન પોલીસે સોંપ્યો હતો. ત્યાં હવે જામનગર રોડ પર મનહરપુર-૧



ગામમાં આવેલા કોળી પરિવારના શ્રીચામુંડા માતાજીના મઢમાં તસ્કરો ત્રાટકી રૂા. ૬૦ હજારનો સોનાનો મુકુટ અને રૂા. ૫૬ હજારના ચાંદીના ચાર ફરા ચોરી જવાયા છે. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે જામનગર રોડ માધાપરની સામે મનહરપુર-૧માં રહેતાં અને મજુરી કરી ગુજરાન ચલાવતાં કોળી યુવાન એકત્રીસ વર્ષના વિજયભાઇ દિનેશભાઇ બાણોધરાની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો છે. તેણે જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહું છુંઉ અમારા ઘર પાસે શેરીમાં શ્રીચામુંડા માતાજીનો મઢ-મંદિર છે જ્યાં હું તથા મારા પરિવારના સભ્યો સેવા પુજા કરીએ છીએ. આ મઢની ત્રણ ચાવી છે.

તેણે વધુમાં જણાવ્યું છે કે આ મંદિરેમાં એક હું, બીજી કુટુંબી ચંદુભાઇ અને ત્રીજી અશ્વીનભાઇ રાખે છે. ગત તારીખ આઠમીના સવારે મેં પુજા કરી હતી. એ જ દિવસે સાંજે સાડા સાતેક વાગ્યે મારા દિકરા આશિષે પુજા કરી હતી. પછી મઢને તાળુ મારી દીધુ હતું. અમારા આ મઢમાં માતાજીને સોનાનો મુકુટ આશરે ચાર ગ્રામનો પહેરાવાયો હતો. તેમજ માતાજીના નામના ચાંદીના ચાર ફરા હતાં જે આશરે ૨૦૦ ગ્રામના હતાં. બીજા દિવસે એટલે તા. ૯ના સવારના સવા છ એક વાગ્યા આસપાસ હું મંદીર ખોલી અને પુજા કરવા ગયો હતો.

ત્યારે કુટુંબી ભાઇ અશ્વીનભાઇ પત્નિ હીનાબેન હાજર હતાં. અમે મંદિરમાં જોતાં માતાજીનો સોનાનો મુકુટ અને ચાંદીના ચાર ફરા જોવા મળ્યા નહોતાં. જેથી અમે પરિવારજનો, કુટુંબીઓને જગાડીને જાણ કરી હતી અને શોધખોળ કરી હતી. પરંતુ મુકુટ કે ફરા મળ્યા નહોતાં. અંતે અમે પોલીસને જાણ કરી હતી. સોનાના મુકુટની કિંમત આશરે ૬૦ હજાર અને ચાંદીના ફરાની કિંમત આશરે ૫૬ હજાર હતી. કુલ રૂા. ૧,૬૦,૦૦૦ની મત્તાની ચોરી થઇ છે. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીઆઇ એચ. એન. પટેલના માર્ગદર્શનમાં એએસઆઇ એચ. પી. ચરમટાએ ગુનો દાખલ કરતાં વધુ તપાસ ફિરોઝભાઇએ ભેદ ઉકેલવા મથામણ શરૂ કરી છે.

### નહિ જેવી વાતે એક બીજાને ઢાળી દેવાનું હવે થઇ ગયું છે સાવ સામાન્યઃ વધુ એક હત્યા

# બે લાખની ઉઘરાણીમાં યુવાનની હત્યા

## લેતીદેતની વાત કરવા માટે બોલાવ્યા બાદ ત્રણ શખ્સો છરીથી તૂટી પડ્યાઃ અન્ય બનાવમાં એક યુવાનને અજાણ્યા શખ્સોએ કર્યો મારી નાખવાનો પ્રયાસ

રાજકોટ, તા. ૧૦

નાના મોટા કહે નહિ જેવા કારણોસર એક બીજાની લોથ ઢાળી દેવાની લોહીયાળ ઘટનાઓ અટકતી જ નથી. હવે બે લાખ રૂપિયાની ઉઘરાણી મામલે ચાલતી તકરારમાં યુવાનને વાતચીત કરવાના બહાને બોલાવાયા બાદ ત્રણ શખ્સોએ છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો છે. તો બીજા બનાવમાં એક યુવાનને અજાણ્યા શખ્સોએ છરીના ઘા મારી મોતને ઘાટ ઉતારી દેવાનો પ્રયાસ કર્યો હતો.

વિગતો પર નજર કરીએ તો હત્યાની ઘટના અમદાવાદમાં શહેરના બોપલ ખાતે આવેલા વકીલસાહેબ બ્રીજની નીચે બની છે. મોડીરાતે એક યુવકની તેના મિત્રોની સાથે છરીના ઘા ઝીંકીને ત્રણ શખ્સોએ ઘાતકી હત્યા કરી દેતા ચકચારમચી ગઈ છે.યુ વકને બસની બહાર લોવાની ત્રણ શખ્સોએ બબાલ કરી હતી અને ત્યારબાદ હિંસક હુમલો કરીને શિવા કલસુવાને મોતનો ઘાટ ઉતારી દીધો હતો. આ અંગે સરખેજ પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી હતી. પોલીસ સુત્રોના કહેવા મુજબ મણીનગર વિસ્તારમાં આવેલા મોતીભાઈની ચાલીમાં રહેતા કિશન કલાસુઆએ સરખેજ પોલીસ સ્ટેશનમાં સુનિલ ખોકરીયા સહિત ત્રણ લોકો વિરૂદ્ધ હત્યાની ફરિયાદ કરી છે. કિશન મુળ રાજસ્થાનનો વતની છે અને પત્નિ મમતા સાથે ભાડાના મકાનમાં રહે છે.

વધુ વિગત મુજબ કિશન ઈસનપુરમાં નોકરી કરે છે જ્યારે તેનો ફોઈનો દિકરો શિવા કલાસુઆ અને સંબંધી શિવા પરમાર સાઉથ બોપલમાં ભાડેથી રહે છે. કિશન પોતાની નોકરી પુરી કરીને ઘરે ગયો ત્યારે રાતે બાર વાગ્યાની આસપાસ તેના કૌટુંબિક ભાઈ રીતેશ કલાસુઆનો ફોન આવ્યો હતો. રીતેશે ફોન પર જણાવ્યુ હતુંકે ફોઈના દિકરા શિવાનો બોપલ બ્રિજ પાસે ઝઘડો થયો છે અને તે ફોન ઉપાડતો નથી.

ભાઈની વાત સાંભળતાની સાથેજ કિશન અને મમતા મણીનગરથી બોપલ જવા માટે રવાના થયા હતાં. બોપલ પહોચ્યા ત્યારે કિશનને જાણવા મળ્યું કે શિવાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કર્યો છે. કિશન મમતા સાથે હોસ્પિટલ પહોચ્યો ત્યારે શિવાને જોઈને તેના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. શીવાના શરીર પર છરીના ઘા વાગેલા હતા અને તેનુ મોત થયુ હતું. શિવાના પરિચિત યુવતી તન્નુ તેમજ સુરેશે જણાવ્યુ કે, શિવા વકીલ સાહેબ



બ્રીજની નીચે સુરેશ અહારીની ટ્રાવેલ્સ બસમાં બેઠો હતો ત્યારે તેના માબાઈલમાં નારાયણ ઉર્ફે રાજકુમારનો ફોન આવ્યો હતો.

નારાયણે શિવાને મળવાનું જણાવતા તેણે તેને વકીલ સાહેબ બ્રિજ નીચે બોલાવ્યો હતો. નારાયણ તેની સાથે ત્રણ લોકોને લઈને આવ્યો હતો અને ટ્રાવેલ્સનો દરવાજો ખખડાવ્યો હતો. સુરેશે દરવાજો ખોલ્યો ત્યારે રાજકુમારની સાથે સુનિલ ખોકરીયા સહિત બે લોકો હતાં. સુનિલ સહિત બે લોકોએ શિવાને બસની બહાર બોલાવ્યો હતો. સુનિલ અને શિવા વાત કરી રહ્યો હતો, ત્યારે એકાએક મામલો બીચક્યો હતો. સુનિલે તેના સાગરીતો સાથે મળીને શિવાને આડેધડ છરીના ઘા ઝીંકવાના શરૂ કરી દીધા હતા. ઈજાગ્રસ્ત શિવા જમીન પર ઢળી પડ્યો હતો જ્યા તેને સારવાર માટે હોસ્પિટલ લાવ્યા હતા ત્યા તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

ઘટનાની જાણ થતાની સાથે પોલીસની ટીમ તાત્કાલીક ઘટના સ્થળે પહોચી ગઈ હતી અને હત્યાનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. શિવાની હત્યા કયા કારણોસર થઈ તે રહસ્ય હજુ સુધી અંકબંધ છે. રાજકુમારના નિવેદન બાદ સમગ્ર હકીકત સામે આવશે. હાલ શિવાની લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી છે.

સરખેજ પોલીસે હત્યાનો ગુનો નોંધીને સુનિલ ખુરકિયા અને જયેશ વર્મા નામના બે આરોપીની ધરપકડ કરી છે. સરખેજ પોલીસની તપાસમાં સામે આવ્યુ છે કે આરોપી સુનિલ ખુરકિયાએ દિવાળી સમયે મૃતકને બે લાખ રૂપિયા ઉછીના આપ્યા હતા. મૃતક શિવાએ તે રૂપિયા પરત ન આપતા આરોપી સુનિલ ઉઘરાણી કરતો હતો. તે દરમિયાનમાં મારામારી ઝપાઝપી થતાં આરોપીએ છરીથી શિવાની હત્યા કરી નાખી હતી.

જ્યારે હત્યાની કોશિષની બીજી ઘટના જોઇએ તો શાહપુર વિસ્તારમાં રહેતા ગૌતમ દાતણીયાએ શાહપુર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હત્યાની કોશિષની ફરિયાદ કરી છે. સોમવારની રાતે ગૌતમ દાતણીયાનો દિકરો અમર ઉર્ફે સબર ઘરે આવ્યો નહી. આથી ગૌતમને એમ થયું હતું કે, અમર ગેરેજની બહાર સુઈ ગયો હશે. ગઈકાલે ગૌતમ અને તેના પરિવાર ઘરમાં હાજર હતા ત્યારે એક વ્યકિત તેમના ઘરે આવ્યો હતો અને કહેવા લાગ્યો હતો કે, તમારો દિકરો અમર રેટીયાવાડી પાસે આવેલા ગેરેજની બહાર લોહીલુહાણ હાલતમાં પડ્યો છે.

ગૌતમ સહિતના લોકો રેટીયાવાડી પહોચી ગયા હતા જ્યા અમર લોહલુહાણ હાલતમાં હતો. અમરને તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા જ્યા તેની હાલત નાજુક છે. ઘટનાની જાણ થતા પોલીસની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. શાહપુર પોલીસે આ મામલે હત્યાની કોશિષનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. મોડીરાતે અમરને કોઈ અજાણ્યા શક્સોએ અગમ્ય કારણોસર બોથડ પદાર્થથી હુમલો કરીને મોતને ઘાટ ઉતારવાની કોશિશ કરી હતી. પોલીસ આરોપીઓને શોધી રહી છે.

લેભાગુઓ સતત નજર માંડીને બેઠા હોય છે ગમે તેની સાથે ઓનલાઇન મિત્રતા કરતાં પહેલા કરજો બસ્સો વખત વિચાર

# છાત્રાને ફસાવી પરણેલા પ્રતિકનું દૂષ્કર્મ

## ખોટુ નામ ધારણ કરી કાચોકુંવારો હોવાનું કહ્યું: લગ્નની લાલચ દઈ સતત દેહ પીંખ્યો: યુવતિએ લગ્નનું કહેતાં ભાંડ ફૂટ્યો: પછી પોતાના નાના ભાઇ સાથે પરણાવી દીધી, એ પછી પણ બળાત્કાર ગુજારતો રહ્યો: કંટાળીને યુવતિએ પોલીસને જાણ કરતાં હવસખોરની થઇ ધરપકડ

રાજકોટ, તા. ૧૨

પ્રેમના નામે ખેલ ખેલી એક યુવતિનું જીવતર બગાડવાની વધુ એક લાલબત્તી સમાન ઘટના સામે આવી છે. જેમાં એક પરણેલાએ સોશિયલ મિડીયા પર ખોટુ નામ ધારણ કરી પોતે કાચો કુંવારો છે તેવુ કહી એક યુવતિને ફસાવી હતી અને અલગ અલગ જગ્યાએ તેણીને લઇ જઇ લગ્નની લાલચ આપી તેનું શોષણ કર્યુ હતું. લાંબા સમય બાદ યુવતિને જ્યારે આ ઢગો પરણેલો હોવાની ખબર પડી ત્યારે તેણે સંબંધ પુરો કરતાં તેણે ધમકી આપી બ્લેકમેઇલ કરી હતી અને પોતાના જ નાના ભાઇના લગ્ન થતાં ન હોઇ તેની સાથે પરણાવી પોતાના જ ઘરે લાવ્યો હતો. આ લગ્ન પછી પણ આ હવસખોરે બળજબરીથી સંબંધ રાખવા ધમકાવી બળાત્કાર ગુજારી લેતાં અંતે યુવતિ પોલીસ પાસે પહોંચી હતી.



ચોંકાવનારી આ ઘટના પર નજર કરીએ તો આ બનાવ સુરતના સિંગણપોર વિસ્તારમાં બન્યો છે. એક બાવીસ વર્ષીય યુવતીને આડત્રીસ વર્ષના પરણેલા ઢગાએ સ્નેપચેટ પર ખોટું નામ ધારણ કરી પ્રમજાળમાં ફસાવી હતી. એક વર્ષ યૌનશોષણ કર્યા બાદ તે પરિણીત હોવાનો ભાંડો ફૂટી જતાં ધાકધમકી અને બ્લેકમેલ કરી નાના ભાઈ સાથે બળજબરી પરણાવી દીધી હતી. જોકે લગ્ન બાદ પણ યુવતીને સંબંધ રાખવા દબાણ અને બળાત્કાર કરતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. પ્રતીક છ મહિના પહેલાં યુવતીને પોતાના નાના ભાઈ સાથે લગ્ન કરાવી પોતાના જ ઘરમાં જ લઇ આવ્યો હતો. નાના ભાઇના લગ્ન નહિ થતાં હોઈ, વાત છુપાવવા માટે એન.જી.ઓ.ની મદદથી બીજી જ્ઞાતિની યુવતી શોધી હોવાનું જણાવી પોતાની પ્રેમિકા હોવાનું બહાર આવવા દીધું ન હતું અને પરિવારને અંધારામાં રાખ્યા હતો.

લગ્ન બાદ યુવતી પોતાના પતિ સાથે વફાદાર રહેવા માગતી હોવા છતાં વાત જાહેર કરી દેવાની ધમકી આપી બળાત્કાર કરતાં ત્રાસેલી યુવતી છેવટે સિંગણપોર પોલીસ મથકે પહોંચી હતી. પોલીસે વધુ માહિતી આપતા કહ્યું કે બાવીસ વર્ષીય કોલેજિયન યુવતીની દોઢેક વર્ષ અગાઉ સ્નેપચેટ પર કન્સ્ટ્રક્શન સાઇટ પર સુપરવાઇઝર તરીકે નોકરી કરતા શખ્સ સાથે મિત્રતા થઇ હતી. ચાલીસ વર્ષીય એક પુત્રીના પિતા પ્રતીકે પોતે અપરિણીત છે એમ કહી પ્રમજાળમાં ફસાવી ફરવાના બહાને શહેરના અલગ-અલગ વિસ્તારોની હોટલમાં લઇ જઈ લગ્નની લાલચ આપી અનેક વખત શરીરસંબંધ બાંધ્યા હતા. બ્યૂટી પાર્લરના કામની સાથે કોલેજમાં અભ્યાસ કરતી યુવતીએ લગ્નની વાત કરતાં પ્રતીકે પોતે પરિણીત હોવાનું અને એક પુત્રીનો પિતા હોવાથી લગ્નનો ઈનકાર કર્યો હતો.

જેથી યુવતીએ પ્રતીક સાથેના સંબંધ પર પુર્ણવિરામ મૂકયું હતું. પરિણીત હોવાની હક્કીત છુપાવનાર નરાધમ પ્રતીકે એકાંત માણ્યું હતું, ત્યારના ફોટો ક્લિક કર્યા હતા, તે તેના ભાઈ અને પિતાને બતાવવા ઉપરાંત સોશિયલ મીડિયા પર વાઇરલ કરવાની ધમકી આપી બદનામ કરવાનું શરૂ કર્યું હતું. ઉપરાંત આરોપીએ યુવતીને કહ્યું કે આપણે જો સાથે રહેવું હોય તો તું મારા નાના ભાઈ સાથે લગ્ન કરી લે અને તું ના પાડશે તો હું ફોટા વાઇરલ કરી દઈશ એવી ધમકી આપી હતી. જેથી પ્રતીકની ધમકીને પગલે યુવતીએ તેના નાના ભાઈ સાથે લગ્ન કર્યા હતા. લગ્ન બાદ છ મહિના સુધી પ્રતીકે યુવતી પર બળાત્કાર ગુજારવાનું ચાલુ રાખ્યું હતું. છેવટે પ્રતીકની રોજબરોજની કનડગતથી યુવતી કંટાળીને ઘર છોડીને ચાલી ગઈ હતી અને હવસખોર પ્રતીકના જઘન્ય અપરાધ અંગે સિંગણપોર પોલીસમાં બળાત્કારની ફરિયાદ નોંધાતાં તેની ધરપકડ કરી રીમાન્ડ મેળવાયા હતાં.

સોશિયલ મિડીયા પર મિત્રો બનાવવા એમાં ખોટુ નથી પરંતુ ખાસ કરીને સગીરાઓ, યુવતિઓએ ગમે તેને મિત્ર બનાવી પછી તેની જાળમાં ફસાઇ પ્રેમમાં અંધ થઇ આગળ વધતાં પહેલા સો વાર નહિ બસ્સોવાર વિચાર કરવો જરૂરી છે. આજના સમયમાં સોશિયલ મિડીયા થકી લેભાગુઓ પ્રેમના ખેલ ખેલી સગીરાઓ, યુવતિઓ, પરિણીતાઓને ફસાવી લઇ તેની જિંદગી બગાડી રહ્યા છે. આવા અનેક કિસ્સાઓમાં હવસખોરો જેલ પાછળ ધકેલાયા છે. આમ છતાં આવી ઘટનાઓ અટકતી નથી તે હકિકત છે. સોશિયલ મિડીયા પર ગમે તેની સાથે આંધળુકીયા કરી આગળ વધતાં પહેલા વિચાર કરશો તો આવા શોષણથી આવા લેભાગુઓની જાળથી બચી શકાશે.

બીજાને છેતરીને પોતાના ખિસ્સા ગરમ કરનારા ઓફલાઇન, ઓનલાઇન કરે છે ફ્રોડ

# ટ્રાન્સપોર્ટ સંચાલકને દંપતિએ લાખોમાં છેતર્યો

## પહેલા પોણા બે લાખ ઉછીના લઇ પાછા આપી દીધા પછી સાડા સત્તર લાખ લઇ લીધા, તેમાંથી સવાચાર દીધા બાકીના તેર લાખ ન ચુકવતાં દાખલ થઇ ફરિયાદ

રાજકોટ, તા. ૧૨

અલગ અલગ પ્રકારે લોકોને છેતરી લેવાની ઘટનાઓ અવિરત પણ પોલીસના ચોપડે એફઆઇઆર સ્વરૂપે ચડી રહી છે. રોજે રોજ આ પ્રકારે ઠગાઇ થતી રહે છે. દરમિયાન એક ટ્રાન્સપોર્ટના વેપારી પાસેથી મિત્રતાના નાતે દંપતિએ સાડા સત્તર લાખ મેળવી લીધા બાદ સવા ચાર લાખ જેવી રકમ પરત આપી બાકીના તેર લાખ ખાઇ જતાં આ ઠગ દંપતિ વિરૂધ્ધ પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસ આરંભી હતી.



વિગતો જોઇએ તો આ ઘટના ભુજ શહેરની છે. શહેરમાં ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા વેપારી પાસેથી મિત્રતાના નાતે દંપતીએ રોકડ,બે કાર અને મોબાઈલ સહીત કુલ રૂપિયા ૧૭.૩૪ લાખનો મુદ્દામાલ મેળવી લીધા બાદ ૪.૩૨ લાખ પર આપી રૂપિયા ૧૩ લાખની ઠગાઈ આચરી હતી.આરોપીએ રૂપિયા ૧૦ લાખના ચેકમાં ખોટી સહી કરેલો ચેક પધરાવી દીધો હતો. પોલીસ સુત્રોએ કહ્યું કે ન્યુ રાવલવાડી રીલોકેશન સાઈટ પર ટોપહીલ સોસાયટીમાં રહેતા ફરિયાદી પ્રશાંત નટવરદાન ગઢવીએ ભુજ શહેર એ ડીવીઝન પોલીસ મથકે મુન્દ્રા રોડ પર સ્વામીનારાયણ નગરમાં રહેતા આરોપી નરેશ ખીમજી ભાનુશાલી અને મોનાલી નરેશ ભાનુશાલી સામે ગુનો નોધાવ્યો હતો.

આ બનાવમાં ફરિયાદીના જણાવ્યા મુજબ આરોપીએ મિત્રતાના નાતે ધંધા માટે ઉછીના રૂપિયા માંગતા ફરિયાદીએ રોકડ રૂપિયા ૧.૯૮ લાખ આપ્યા હતા. તેમજ ટાટા કંપનીની રૂપિયા ૫.૯૦ લાખની ટીયાગો કાર તથા રેનોલ્ટ કંપનીની રૂપિયા ૫ લાખની કાઈગર કાર આરોપીને આપેલી હતી.ત્યાર બાદ આરોપીએ રૂપિયા ૧.૭૪ લાખના ૫ મોબાઈલ લીધા હતા જેની રકમ ફરિયાદીએ ચૂકવી હતી. જે બાદ આરોપીનો નોકળ ૧.૧૬ લાખ ૨ આઈફોન પણ લઇ ગયો હતો.અને ૧.૪૦ લાખના વધુ ૩ મોબાઈલ પણ આરોપીએ ફરિયાદી પાસેથી લીધા હતા.તેમજ રોકડ ૧૬ હજાર સહીત કુલ રૂપિયા ૧૭.૩૪ લાખ ફરિયાદી પાસેથી મેળવી રૂપિયા ૪.૩૨ લાખ ચૂકવ્યા હતા.

પરંતુ બાકી રહેતા ૧૩ લાખ માટે આરોપીએ ૧૦ લાખનો ચેક આપ્યો હતો. જે બેંકમાં જમા કરાવતા સહી ખોટી કરેલી હોવાનું સામે આવ્યું હતું અને આરોપી દંપતીએ રૂપિયા ૧૩ લાખની ઠગાઈ આચરી હતી.જે મામલે પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મિત્રતાના નાતે ઉછીના લીધેલા રૂપિયા મામલે ઠગાઈ આચરવા આરોપીએ એસબીઆઈ બેંકની રૂપિયા ૧.૯૯ લાખની એનઈએફટીની ખોટી રસીદ ફરિયાદીને મોકલાવી હતી તેમજ મોબાઈલ ડીલરને આઈડીબીઆઈની રૂપિયા ૧.૯૯ લાખ અને ઇન્ડસઇન્ડ બેંકની રૂપિયા ૨ લાખની ખોટી રસીદ મોકલાવી હતી જેના રૂપિયા જમા થયેલા ન હતા. આથી અંતે ઠગાઇની એફઆઇઆર દાખલ કરાવાઇ હતી.

ઠગાઇની બીજી એક ઘટનામાં ઓનલાઇન ફ્રોડ થયું હતું. અમરેલીમાં પતિ-પત્ની સાથે સાયબર ગઠીયાઓએ એક લાખની ઠગાઈ કરી હતા.

આ અંગે મહિલાએ અમરેલી સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. અમરેલીમાં અગાઉ પણ પોલીસે સાયબર ફ્રોડના નાણાં બેંક એકાઉન્ટ ભાડે આપી તેમા નાણાં જમા કરાવી સગેવગે કરતા લોકો સામે ગુનો નોંધ્યા હતા.

ત્યારબાદ હવે અમરેલીમાં લાઠી રોડ ભક્તીનગર સોસાયટીમાં રહેતા તૃપ્તિબેન મનીષભાઈ શુકલ સાયબર ગઠીયાઓની છેતરપીંડીનો ભોગ બન્યા હતા. તૃપ્તિબેન શુકલે અજાણ્યા શખ્સો સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેના એસબીઆઇ બેંક અકાઉન્ટ તથા મનીષભાઈ શુકલના એક્સીસ બેંક અકાઉન્ટ જે મોબાઇલમાં ફોન-પે એપ્લીકેશનમાં બંને બેંક અકાઉન્ટ લીંક હતા.અજાણ્યા શખ્સોએ પતિ-પત્નિના બેંક એકાઉન્ટમાંથી રૂપિયા ૧.૦૨ લાખનું ઓનલાઇન ફ્રોડ કરી ઠગાઇ કરી હતી. આ અંગે અમરેલી સીટી પોલીસ મથકમાં અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધાતા પીઆઈ ડી.કે. વાઘેલાએ તપાસ શરૂ કરી હતી. આમ એક તરફ ઓફલાઇન તો બીજી તરફ ઓનલાઇન ઠગાઇ થઇ ગઇ હતી.

# દક્ષિણ મામલતદાર કચેરીએ પૈસા ઉઘરાવી ફોર્મ ભરી દેતો શખ્સ પકડાયો

## મામલતદારે જ પોલીસને જાણ કરતાં માલવીયાનગર પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી

રાજકોટ, તા.૧૨

શહેરની અલગ અલગ સરકારી કચેરીઓમાં પોતાના કામ માટે આવતાં શહેરીજનો, અરજદારોને કચેરીઓના દરવાજે જ વચેટીયાઓ ભેટી જતાં હોય છે. આવા શખ્સો ફોર્મ ભરી આપવાના નામે તેમજ અન્ય કામોમાં મદદરૂપ થવાના નામે નાણા ઉઘરાવતા હોય છે. આવી ગેરકાયદે પ્રવૃતિ ડામવા પોલીસે કમર કસી છે. ગોંડલ રોડ પર આવેલી દક્ષિણ મામલતદાર કચેરીની બહાર અરજદારો પાસેથી ફોર્મ ભરી આપવાના નામે પૈસા ઉઘરાવતાં શખ્સ સામે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.



વિગતો જોઇએ તો માલવીયાનગર પોલીસ સ્ટેશનના હેડકોન્સ. કૃપાલસિંહ ઝાલાની ફરિયાદ પરથી મવડી ૪૦ ફુટ રોડ પર પ્રિયદર્શન સોસાયટીમાં રહેતાં અમિત વિનોદભાઇ પટેલ વિરૂધ્ધ ગુનો દાખલ કરાય છે. આ ઘટનાની વિગત એવી છે કે ગોંડલ રોડ પર આવેલી રાજકોટ શહેર દક્ષિણ મામલતદાર કચેરીના અધિકારીને ફરિયાદ મળી હતી કે કચેરીના મુખ્ય દરવાજે એક વ્યક્તિ જાહેર જનતાને ગેરમાર્ગે દોરી ફોર્મ ભરવાના બદલામાં રૂ. ૫૦-૫૦ ઉઘરાવી રહ્યો છે. મામલતદારશ્રીએ આ બાબતે માલવીયાનગર પોલીસને ટેલિફોનિક જાણ કરતા એ.એસ.આઈ. કેતનભાઈ શેખલીયા અને તેમની ટીમ તુરંત સ્થળ પર દોડી ગઈ હતી. પોલીસે ત્યાં પહોંચી તપાસ કરતાં એક શખ્સ ત્યાં આવતા અરજદારોને રોકીને ફોર્મ ભરવાની કામગીરી કરતો જોવા મળ્યો હતો. પોલીસે તેની પૂછપરછ કરતા તેનું નામ અમિતકુમાર વિનોદભાઈ પટેલ (રહે. શ્રી પ્રિયદર્શન સોસાયટી, મવડી મેઈન રોડ) હોવાનું બહાર આવ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે આ શખ્સ સત્તાવાર મંજૂરી વગર કચેરીની આસપાસ રહીને લોકો પાસેથી છેતરપિંડી આચરી પૈસા પડાવતો હતો. રાજકોટ શહેર પોલીસ કમિશનર દ્વારા તાજેતરમાં એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામા મુજબ, સરકારી કચેરીઓમાં બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ અને ત્યાં બેસીને થતી આર્થિક પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ છે. અમિત પટેલે આ જાહેરનામાનો સરેઆમ ભંગ કરી ગેરકાયદેસર રીતે પૈસા ઉઘરાવતા હોવાનું સાબિત થયું હતું. માલવીયાનગર પોલીસે અમિત વિનોદભાઈ પટેલ વિરૂધ્ધ બીએનએસની કલમ ૨૨૩ મુજબ જાહેર સેવકના કાયદેસરના આદેશનું ઉલ્લંઘન કરવા મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પારકા પ્રદેશમાં જઇ બે પાંદડે થવાના સપનાઓ જોનારા વધુ ચૌદ છેતરાયા

# વિઝાના નામે દંપતિનો પોણા કરોડનો ડામ

## પોતાને ડોક્ટર તરીકે ઓળખાવતા વિદેશ રહેતાં શખ્સે પત્નિ સાથે ઓફિસ ખોલી પી.આર. અપાવવાના નામે નાણા ઉઘરાવ્યા અને ગાયબ થઈ ગયા

રાજકોટ, તા. ૧૨

અનેક એવા યુવાનો, પરિવારો છે જે પોતાના દેશને છોડી વિદેશમાં જઇ નોકરી ધંધા કરી પોતાના જીવતરને વધુ સારુ બનાવવા માટે પ્રયાસ કરતાં હોય છે. જો કે ગમે તેમ કરીને વિદેશ પહોંચી જવાની લ્હાય આવા અનેકને લઇ ડુબી છે. કેમ કે આવા લોકોને શિકાર બનાવવા માટે લેભાગુ કહેવાતા એજન્ટો તૈયાર જ બેઠા હોય છે. વધુ આવા ચૌદ લોકો છેતરાઇ ગયા છે. જેને એક ઠગ દંપતીએ વિદેશના વિઝા આપવાના નામે પોણો કરોડનો ડામ દઇ દીધો છે. છેતરાયેલા આ તમામ હવે પોલીસ પાસે પહોંચતા ઠગ દંપતિને શોધવા પોલીસે મહેનત શરૂ કરી છે.

વિગતો જોઇએ તો અમદાવાદ શહેરમાં રહેતા એક ઠગ દંપતીએ ધ કેરિયર પ્રોફેશનલ્સ નામની ઓફિસ શરૂ કરીને રિક્રુટમેન્ટ, ટ્રેનિંગ, બેક ગ્રાઉન્ડ વેરિફિકેશન, ઈમિગ્રેશન સંબંધિત કામ શરૂ કર આરોપી દંપતીએ ચૌદ લોકોને અલગ અલગ દેશમાં નોકરી અને પીઆર વિઝા અપાવવાનું કહીને ૭૨.૪૫ પડાવીને કામ ન કરીને છેતરપિંડી આચરી હતી. આ મામલે ચાંદખેડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. સોલામાં રહેતા ભાર્ગેશભાઇ પટેલ રિયલ એસ્ટેટનો ધંધો કરે છે. ભાર્ગેશભાઇ અગાઉ ડો. ઉર્જીત કવી સાથે આશ્રમ રોડ ખાતે એક કંપનીમાં નોકરી કરતા હતાં. જે બાદ ઉર્જીતે તેની પત્ની હર્ષિદા ઉર્જીત કવિ સાથે ધ કેરિયર પ્રોફેશનલ્સ નામની ઓફિસ શરૂ કરીને રિક્રુટમેન્ટ, ટ્રેનિંગ, બેક ગ્રાઉન્ડ વેરિફિકેશન, ઈમિગ્રેશન સંબંધિત કામ શરૂ કર્યુ હતું.

પોલીસ સુત્રોએ વિગતો આપતાં જણાવ્યું કે પહેલા ઉર્જીતે ભાર્ગેશભાઇને ઓફિસે બોલાવ્યા હતા. જ્યાં પોતે પત્નિ સાથે ભાગીદારીમાં કેનેડા, ઓસ્ટ્રેલિયા,ન્યુઝીલેન્ડ, યુકેમાં નોકરી સાથેના પીઆર વિઝાનું કામ કરતો હોવાનું કહીને કામ અપાવવાં કહ્યું હતું. જે બાદ ભાર્ગેશભાઇએ અનેક પરિચીત લોકોને ડો. ઉર્જીત કવી અને હર્ષિદા ઉર્જીત કવિની ઓફિસે મોકલ્યા હતાં. પાંચ માસમાં આ ઠગ દંપતીએ નોકરી સાથેના પીઆર વિઝા પ્રોસેસિંગનું તેર લોકોનું કામ હાથમાં લીધુ હતું અને ૬૧.૨૪ લાખ મેળવી લીધા હતા. ઓ બાદ આ તમામ લોકોને ટીપીસી કોર્પ્સ નામની રિસિપ્ટ આપીને છથી આઠ માસમાં પીઆર વિઝાનું કામ થઇ જશે તેવો વિશ્વાસ આપ્યો હતો. બે ત્રણ માસ બાદ આ દંપતીએ સ્પોન્સરશીપ કમ જોબ ઓફર લેટર તથા બાયોમેટ્રિક દસ્તાવેજ, આઇ.ઇ.એલ.ટી.એસ. સહિતના સર્ટિફિકેટ પણ મોકલી આપ્યા હતાં.




## બીજી ઘટનામાં કારીગરની કારીગીરી: સાડા છ લાખની સોનાની માળા લઇ ગાયબ થઇ ગયો

ત્યારબાદ ત્રણ માસમાં કામ થઇ જવાનો વાયદો કર્યો હતો. જોકે, આઠ માસ બાદ પણ કામ ન થતાં તમામ લોકોએ પૈસા પરત માંગ્યા હતાં. પરંતુ દંપતીએ પૈસા પરત ન આપીને કુલ ચૌદ લોકો સાથે બોંતેર લાખ પિસ્તાલીસ હજારની છેતરપિંડી આચરતા મામલો પોલીસ સમક્ષ પહોંચ્યો હતો. ચાંદખેડા પોલીસે આ મામલે ઠગ દંપતી ડોકટર ઉર્જીત કવી અને હર્ષિદા ઉર્જીત કવિ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આવા અનેક લેભાગુઓ એજન્ટો આ રીતે વિદેશ જવા ઇચ્છુકોને છેતરીને કરોડો ઉસેડીગયા છે. આમ છતાં લોકો આ રીતે સતત ફ્રોડનો ભોગ બની રહ્યા છે.

ઠગાઇની અન્ય એક ઘટના જોઇએ તો અહિ કારીગર કારીગીરી કરી ગયો હતો. અમદાવાદ સૈયદપુરામાં કારખાનેદારને ૩૦.૧૪૫ ગ્રામ સોનું આપી તેની સામે ૭૯.૩૨૦ ગ્રામની માળા બનાવડાવી બાકીના ૬.૪૧ લાખનો ચૂનો ચોપડી ફરાર થનાર યુવક સામે લાલગેટ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. સૈયદપુરા ઇસરાર પેલેસમાં રહેતા અઝીઝુલ ઈસ્લામ કાસેમ અલી શેખનું હરિપુરા સોયશેરી-૧માં ઘરેણા બનાવવાનું કારખાનું છે. મુળ બંગાળના અને હાલ કોસાડ આવાસ રહેતા મિન્ટુ શેખ સાથે ઓળખાણ હતી. મિન્ટુ અઝીઝુલ પાસે ઘરેણા બનાવડાવતો હતો. ૧૮-૧૨-૨૦૨૫ના રોજ મિન્ટુએ ફોન કરીને અઝીઝુલને ૩૦.૧૪૫ ગ્રામ સોનાનું બિસ્કિટ આપી માળા બનાવવાનો ઓર્ડર આપ્યો હતો.

જ્યારે અજીજુલે કારીગર પાસે માળા બનાવડાવતા તે.૭૯.૩૨૦ ગ્રામની બની હતી. આ અંગે મિન્ટુને કહેતા તેણે પાર્ટીને માળા આપીને તેમને બાકીનું રૂ.૬.૪૧ લાખનું ૪૫.૮૪૩ ગ્રામ સોનું અપાવવાનું કહ્યું હતું. જેથી અઝીઝુલે તેને માળા આપી હતી. આ માળા મિન્ટુએ આ પાર્ટીને આપી દીધી હતી. બાદમાં બાકીનું સોનું આપવાના માટે બહાના બનાવ્યા બાદ ફોન બંધ કરી નાસી ગયો હતો. અઝીઝુલે ફરિયાદ નોંધાવતા લાલગેટ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# હાઉસિંગ બોર્ડના ક્વાર્ટર મોતની તલવાર

## રાજકોટના પોશ વિસ્તાર અમીન માર્ગ પર આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડના ૫૦ વર્ષ જુના ક્વાર્ટરના રહેવાસીઓ માટે "જાયેં તો જાયેં કહાં" જેવી સ્થિતિઃ મુખ્યમંત્રીને રજૂઆતઃ સરકાર નવી પોલિસી લાવશે?







રાજકોટ, તા. ૧૨

રાજકોટના પોશ વિસ્તાર અમીન માર્ગ પર આવેલી ગુજરાત હાઉસિંગ બોર્ડની ૫૦ વર્ષ જૂની આવાસ યોજના આજે વિવાદનું કેન્દ્ર બની રહી છે. આ યોજના હેઠળ અપાયેલા મકાનોમાં જમીનની કિંમત હાલ કરોડોમાં છે. અહીં અનેક પરિવાર ૪૦-૫૦ વર્ષથી મકાનોમાં વસવાટ કરે છે, પરંતુ સમયની થપાટો વચ્ચે મકાનો હવે અતિ જર્જરિત, જોખમી અને ખખડધજ હાલતમાં આવી ગયા છે.

રહેવાસીઓ જ્યારે પોતાના સ્વખર્ચે મકાનનું રિનોવેશન કે નવું બાંધકામ કરવા માટે મનપાની ટી.પી. શાખામાં પ્લાન પાસ કરાવવા જાય છે, ત્યારે હાઉસિંગ બોર્ડની શરત નડે છે . બોર્ડ દ્વારા એવી શરત મૂકવામાં આવે છે કે જ્યાં સુધી જમીન ફ્રી હોલ્ડ કરવામાં ન આવે, ત્યાં સુધી નવા પ્લાન મંજૂર કરવામાં આવશે નહીં. આ ફ્રી હોલ્ડ પ્રક્રિયા માટે વર્તમાન જંત્રી દર મુજબ મકાન દીઠ રૂપિયા ૧ કરોડ જેવી જંગી રકમ ભરવી પડે તેમ હોવાથી અનેક લોકો મોતની તલવાર સમાન આવાસોમા આશરો લેવા મજબુર બન્યા છે.

આ અંગે છેલ્લા ત્રણ વર્ષથી હાઉસિંગ બોર્ડ કચેરી, રાજનેતાઓ અને છેક મુખ્યમંત્રી સુધી અનેક રજૂઆતો કરી ચૂકેલા સ્થાનિક રહેવાસીઓ જણાવ્યું હતું કે, સરકારની વર્ષ ૨૦૧૯ની જે પોલીસી છે તેમાં જમીનને ફ્રી હોલ્ડ કરવાની ૫ શરતો રાખવામાં આવી છે. જોકે તેમાં મકાનમાં રીનોવેશન કરવા માટે જમીન ફ્રી હોલ્ડ કરવી તેવી કોઈ વાત જ નથી. પરંતુ ગુજરાત હાઉસિંગ બોર્ડના અધિકારીઓ તેનો મનઘડંત અર્થ કરી રહ્યા છે . જેને કારણે અમારા મકાનોના રીનોવેશન કરવા માટેના પ્લાન પાસ કરવામાં આવતા નથી.

આ મુદ્દે આરટીઆઇ કરવામાં આવી હતી.જેમાં, સુરત, અમદાવાદ, તેમજ બરોડામાં આવી કોઈ જોગવાઈ નહીં હોવાનું જાણવા મળ્યું હતું. આ પછી શહેરી વિકાસ વિભાગનાં અધિકારીઓ ઉપરાંત મુખ્યમંત્રી સુધી રજૂઆતો કરી હતી. એટલું જ નહીં રાજકોટનાં ત્રણેય ધારાસભ્યોને સાથે રાખીને અમે મુખ્યમંત્રીને મળીને રૂબરૂ રજુઆત કરવા છતાં સમસ્યા દૂર કરવામાં આવતી નથી. જેથી પીએમઓમાં પણ અમે રજુઆત કરી છે.

હાલમાં તો કેન્દ્ર અને રાજ્યની ડબલ એન્જીન સરકાર મધ્યમ વર્ગના લોકોને હેરાન કરી રહી છે. ત્યારે આ મામલે તાત્કાલિક પગલાં લેવાની માંગ રહેવાસીઓ કરી રહ્યા છે. ગુજરાત હાઉસિંગ બોર્ડ જે જમીન માત્ર ૫૦ પૈસામાં ખરીદી હતી તેના હાલ વર્તમાન જંત્રી પ્રમાણે ૩૫,૦૦૦ માંગવામાં આવી રહ્યા છે. જેને કારણે પ્રતિ મકાન કુલ રૂપિયા ૧ કરોડ ભરવા પડે તેમ છે. જે કોઈપણ સામાન્ય વ્યક્તિ માટે શક્ય નથી. અમારા મકાનો ૫૦-૬૦ વર્ષ જુના થયા છે તેમાં રહેવામાં જીવનું જોખમ છે. છતાં અમને રીનોવેશન કરવા દેવામાં આવતું નથી. આશ્ચર્યજનક વાત એ છે કે હાઉસિંગ બોર્ડ દ્વારા મકાન માલિકો પાસેથી અગાઉ જ જમીનનાં અને ક્વાર્ટરનાં રૂપિયા વસૂલી લેવામાં આવ્યા છે. છતાં હવે જરૂરિયાતના સમયે રિનોવેશન કરવાં દેવાતું નથી. આ અન્યાય અને દાદાગીરી છે.

કેટલાક રહેવાસીઓના આક્ષેપ મુજબ, અગાઉ અનેક લોકોએ મકાનોમાં ફેરફાર કરાવી નાખ્યો છે. તેની સામે કોઈ કાર્યવાહી થઈ નથી અને જે લોકો કાયદામાં રહીને રિનોવેશન કરવાં માંગે છે તેમની સાથે બોર્ડના અધિકારીઓ મનમાની કરી રહ્યા છે. મનપાની ટી.પી. શાખા અમારા પ્લાન મંજૂર કરતી નહીં હોવાથી નાછુટકે જીવના જોખમે ખખડધજ મકાનોમાં રહેવાનો વારો આવ્યો છે. પ્લાન પાસ કરવા માટે નિયમોમાં છૂટાછાટની માગણી કરી છે પણ હાઉસિંગ બોર્ડના અધિકારીઓ કે ઈજનેરો કોઈ પ્રત્યુતર આપતા નથી. આ મકાનો બન્યા ત્યારથી અમે રહીએ છીએ અમારા ટેનામેન્ટોની હાલત બગડી ગઈ છે અને રિપેરીંગ માટે મંજૂરી માંગવામાં આવે ત્યારે સરકાર દ્વારા ફ્રી હોલ્ડ માટે નાણા માંગવામાં આવી રહ્યા છે.

કેટલાક લોકોને તેમના મકાનમાં રહેવું અશક્ય હોવાથી મંજૂરી વગર પણ રીનોવેશન કરવું પડી રહ્યું છે. આવા મકાનધારકો પાસેથી અધિકારીઓ લાખો રૂપિયા લઈ રહ્યા હોવાનો આક્ષેપ પણ રહેવાસીઓ કરી રહ્યા છે અને તાત્કાલિક આ અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવે જેથી અમે ફ્રી હોલ્ડ કરાવ્યા વિના મકાનો રીનોવેટ કરાવી શકીએ. અને મોતના ભયમાં જીવવું પડે નહીં. આ બાબતે વારંવાર રજૂઆતો કરવા છતાં સમસ્યાનો કોઈ ઉકેલ આવતો નથી. જેથી પીએમઓમાં કરેલી રજુઆતનું ૧૭ ફેબ્રુઆરીનાં રોજ હિયરિંગ થવાનું છે. જેમાં આ મામલે પોતાના હિતમાં નિર્ણય આવશે તેવી આશા રહેવાસીઓ રાખી રહ્યા છે . હાઉસિંગ બોર્ડના અનેક મકાનો જર્જરિત થવાની સાથે ઉધઈની પણ સમસ્યા છે. મકાનનું રીનોવેશન કરવું અત્યંત જરૂરી છે. અહીં ઉપર અને નીચેની માલિકી અલગ-અલગ હોવાથી બે ભાગ પાડવાની મંજૂરી પણ માંગી છે. આ માટે વધારાની જે ફી લગાવવામાં આવી છે તે જરાપણ યોગ્ય નથી. આ કારણે હાઉસિંગ બોર્ડમાં મકાનોના કોઈ સોદા પણ થતા નથી. ત્યારે વધારાની ફી હટાવી લઈને અમને રીનોવેશન માટેની મંજૂરી આપવામાં આવે તેવી અમારી સ્પષ્ટ માંગ છે.

### રાજકોટ માટે નહીં આખા રાજ્ય માટે આ પોલિસી છે : હાઉસિંગ બોર્ડ

રાજકોટ જ નહિ પણ આખા રાજ્ય માટે એકસરખા નિયમને પરિપત્ર હોવાનું હાઉસિંગ બોર્ડનાં સુત્રોએ જણાવ્યું હતું. અને કહ્યું હતું કે, બધા જ મકાનો ટેનામેન્ટ સ્વરૂપના છે તેના માટે ફ્રી હોલ્ડ જમીન કરાવવી જરૂરી છે. અત્યારે અમે જંત્રી પ્રમાણે નાણાં લઈએ છીએ. ખરેખર તો જમીનોની કિંમત ખુબ વધી ગઈ છે. છતાં જંત્રીદરે જ નાણાં વસુલાય છે. રાજકોટ, અમદાવાદ,સુરત સહિત તમામ સ્થળે હાઉસિંગ બોર્ડ બનાવેલા ટેનામેન્ટ છે ત્યાં મકાનોના પ્લાન પાસ કરાવતા પહેલા જમીન ફ્રી હોલ્ડ કરાવવાની પોલીસી લાગુ છે. આ રીતે નાણા ભરપાઈ કરનારને ફ્રીહોલ્ડ કરી આપવામાં આવે છે.

### રાજ્ય સરકાર નવી પોલીસી જાહેર કરે તેવો સંભવ

ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાન ધારકો દ્વારા રીનોવેશન કરવાની મંજૂરી માટે ધારાસભ્યોને સાથે રાખી મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, પ્રભારી જીતુભાઈ વાઘાણી અને શહેરી વિકાસનાં અધિકારીઓને પણ રજૂઆત કરવામાં આવી હતી. જેમાં જાણવા મળ્યું હતું કે, આ પ્રશ્ન માત્ર રાજકોટ નહીં પરંતુ અમદાવાદ, બરોડા, સુરત સહિત ગુજરાતના તમામ શહેરોમાં આ પ્રશ્ન છે. સરકાર આ સમસ્યા હલ કરવા પોલિસી પણ તૈયાર કરાઈ રહી છે. જે ટૂંક સમયમાં જાહેર થવા સંભાવના છે

# મીનરલના નામે બેક્ટેરિયાનું વેચાણઃ ૫૫ એકમો સીલ

## ઉનાળામાં વેચાણિયા પાણીના જગ લેતા પહેલા અને બરફ ગોલા ખાતાં પહેલાં ચેતજો





રાજકોટ , તા. ૧૨

રાજકોટમાં મિનરલ વોટરનાં ૯૫ પૈકી ૫૫ નમૂનાઓ ફેલ થતા એકમો સીલ કરવામાં આવ્યાં છે. શહેરનાં તમામ ૨૫૦ વિતરકોને ત્યાં તપાસ કરવાનો આરોગ્ય વિભાગ દ્વારા દાવો કરવામાં આવ્યો છે .રાજકોટ મહાપાલિકાના આરોગ્ય વિભાગે ઉનાળાની કાળઝાળ ગરમીની શરૂઆત થાય તે પૂર્વે પાણીજન્ય રોગચાળાને કાબુમાં લેવા માટે સઘન ઝુંબેશનો પ્રારંભ કર્યો છે. જે અંતર્ગત વિવિધ એજન્સીઓ દ્વારા 'મિનરલ વોટર'ના નામે વેંચાતા શંકાસ્પદ વોટર જગનાં કારખાનામાં તપાસ કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં ૯૫ એકમોમાં તપાસ કરવામાં આવતા કુલ ૫૫ સ્થળના નમુના અનસેફ જાહેર થયા છે. જેને લઈને આ તમામ એકમો સીલ કરી દેવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. આરોગ્ય અધિકારીના જણાવ્યા મુજબ ૪૦ કરતા વધુ એકમો સીલ થઈ ચૂક્યા છે. અને બાકીના એકમો સીલ કરવાની પ્રક્રિયા ચાલુ છે. આગામી દિવસોમાં રાજકોટનાં તમામ ૨૫૦ કારખાનાઓમાંથી પાણીના નમૂનાઓ લઈ જ્યાં કોઈપણ પ્રકારની ખામી જણાશે તેવા એકમો સીલ કરવામાં આવશે.

રાજકોટમાં ફૂડ વિભાગ દ્વારા મિનરલ વોટરના પ્લાન્ટ પર દરોડા પાડીને તેને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. ત્યારે બેડીનાકા વિસ્તારમાં દ્વારિકાધીશ નામે પ્લાન્ટ ધરાવતા કાનાભાઈએ જણાવ્યું કે, અધિકારીઓ દ્વારા પાણીના સેમ્પલ લેવામાં આવ્યા છે અને જ્યાં સુધી રિપોર્ટ ન આવે ત્યાં સુધી પ્લાન્ટ સીલ રાખવાની સૂચના આપવામાં આવી છે. પરમ દિવસે અધિકારીઓ પ્લાન્ટ પર આવ્યા હતા અને સેમ્પલ લઈ ગયા હતા. તેમણે કહ્યું હતું કે રિપોર્ટ આવ્યા બાદ જ સીલ ખોલવામાં આવશે. હાલમાં પ્લાન્ટ બંધ છે. જોકે અમારા પાણીનો રિપોર્ટ પોઝિટિવ આવે તેવી આશા છે. સીલ ક્યારે ખોલવામાં આવશે તેની કોઈ માહિતી અધિકારીઓ દ્વારા આપવામાં આવી નહીં હોવાનુ તેમણે જણાવ્યું હતું.

આરોગ્ય અધિકારી ડો. જયેશ વાંકાણીનાં જણાવ્યા મુજબ, રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા પાણીજન્ય રોગચાળાને નિયંત્રિત કરવા માટે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શહેરમાં પાણીના જગનું વેચાણ કરતા ૯૫ જેટલા એકમોમાંથી પાણીના નમૂના લેવામાં આવ્યા હતા, જેમાંથી ૫૫ નમૂનાઓમાં બેક્ટેરિયાની હાજરી મળી આવતા તે 'અનસેટિસફેક્ટરી' જાહેર કરવામાં આવ્યા છે. હાલ આરોગ્ય વિભાગ દ્વારા અપ્રમાણિત ૫૫ જેટલા પાણીના જગ વિતરકોના એકમો સીલ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. અત્યાર સુધીમાં ૪૦થી વધુ એકમો સીલ કરવામાં આવ્યા છે. તો આગામી દિવસોમાં બાકી એકમો સીલ કરવામાં આવશે. રાજકોટમાં અંદાજે ૨૫૦ જેટલા પાણીના જગ વિતરણ કારખાનાઓ છે, જેમના નમૂનાઓની સમયાંતરે તપાસ કરવામાં આવશે. આરોગ્ય અધિકારીએ તમામ વિતરકોને સૂચના આપી છે કે જો તેઓ રો-મટીરીયલ તરીકે બોરવેલના પાણીનો ઉપયોગ કરતા હોય, તો તેને યોગ્ય ક્લોરીનેશન ટ્રીટમેન્ટ આપ્યા બાદ જ વિતરણ કરવું ખાસ જરૂરી છે. શહેરમાં વોટર સેમ્પલિંગ અને સીલિંગની પ્રક્રિયા હાલ કાર્યરત છે. ખાસ કરીને જે લોકો છ્ઘ, ઝટ અથવા ઝઉજ કંટ્રોલર જેવા ફિલ્ટર પ્લાન્ટ ચલાવે છે, તેમણે સમયાંતરે ફિલ્ટર બદલવા અને દર મહિને પ્લાન્ટનું મેન્ટેનન્સ કરાવવું ફરજિયાત રહેશે. આ ઉપરાંત, જગ દ્વારા પાણીનું વિતરણ કરતા વેપારીઓને પણ સ્વચ્છતા અને હાઈજીન જાળવવા માટે ખાસ તાકીદ કરવામાં આવી છે. આગામી ઉનાળાની ઋતુને ધ્યાનમાં રાખીને બરફના મોટા કારખાનાઓ અને ઋજ્જઅઈ માન્ય પેકેજ્ડ ડ્રિંકિંગ વોટરના એકમોમાં પણ આરોગ્ય વિભાગ દ્વારા નમૂના લેવાની કામગીરી કરવામાં આવશે. હાલમાં આરોગ્ય વિભાગ અને કેમિસ્ટ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ક્લોરિન ટેસ્ટ અને ખઙ્ગ કાઉન્ટની ચકાસણી કરવામાં આવી રહી છે, જેથી નાગરિકોને શુદ્ધ અને સુરક્ષિત પાણી મળી રહે. આ માટે રાજકોટમાં મિનરલ વોટર અને બરફ જેવી ઉનાળામાં ઉપયોગી વસ્તુઓનું ઉત્પાદન અને વેંચાણ કરતા વેપારીઓને ત્યાં ચેકીંગ આગામી દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવશે. નોંધનીય છે કે, મનપા દ્વારા હાલ મિનરલ વોટર જગનું વેચાણ કરતા એકમોની તપાસ હાથ ધરી છે. સાથે સાથે મનપા દ્વારા વિતરણ થતા પાણીના નમુના લેવા માટેની કામગીરી પણ ચાલુ છે. જેમાં મનપાના પાણી વિતરણ વ્યવસ્થાના ૩૭ નમૂનાઓ પીવા માટે અયોગ્ય સાબિત થયા છે. જોકે, તમામ ઝોનમાં કેમિકલ પેરા મીટરના નમૂનાઓ પાસ થયા છે તે એક રાહતના સમાચાર છે. આગામી દિવસોમાં બરફના કારખાનાઓમાં પણ આ પ્રકારનું ચેકીંગ કરવામાં આવનાર છે. આરોગ્ય વિભાગે નાગરિકોને પણ અપીલ કરી છે કે ઉનાળા દરમિયાન પાણી ઉકાળીને પીવું અને શંકાસ્પદ જગ્યાએથી બરફ કે પાણીનો ઉપયોગ ટાળવો જોઈએ.

### અશુદ્ધ પાણી અને બરફ વેચતા એકમો સામે લાલઆંખ

રાજકોટના વેસ્ટ, સેન્ટ્રલ અને ઈસ્ટ ઝોનમાં ફેલાયેલા વિવિધ પાણીના પ્લાન્ટ અને બરફની ફેક્ટરીઓમાં તપાસ દરમિયાન અનેક અનિયમિતતાઓ સામે આવી હતી. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, ઘણા એકમોમાં પાણીની શુદ્ધતા માટેના જરૂરી માપદંડો જાળવવામાં આવતા નહોતા. ઉનાળામાં પાણી અને બરફની માંગમાં તોતિંગ વધારો થતો હોય છે, જેનો લાભ ઉઠાવી કેટલાક વેપારીઓ લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા હોવાનું સામે આવ્યું છે. ચેકિંગ દરમિયાન એકમોમાં સ્વચ્છતાનો અભાવ અને શુદ્ધિકરણની પ્રક્રિયામાં ખામી જોવા મળતા ૫૫ એકમો સીલ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

### પાણીના નમુના અનસેફ જાહેર થયેલા એકમો

વેસ્ટ ઝોનઃ* જીંજલ સેલ્સ (શાસ્ત્રીનગર), દ્વારકેશ ડ્રિંકિંગ વોટર (રૈયાધાર), વિરાજ ડ્રિંકિંગ વોટર, ક્રિશ ડ્રિંકિંગ વોટર (શિતલપાર્ક), દેવરાજ ડ્રિંકિંગ વોટર, ઓમ ચિલ્ડ વોટર (એનિમલ હોસ્ટેલ પાસે), આદિત્ય મિનરલ વોટર, ઝરણાં વોટર સપ્લાયર્સ (શ્યામનગર), રામ આર. ઓ. વોટર, બંસી આર.ઓ. વોટર (રૈયાગામ), શિવ ડ્રિંકિંગ વોટર અને કિસ્મત ડ્રિંકિંગ વોટર સહિતના એકમો. સેન્ટ્રલ અને ઈસ્ટ ઝોનઃ* દ્વારિકાધીશ મિનરલ વોટર (બેડીનાકા), લીઓ ફ્રેશ વોટર (ગીતાનગર), જીવનદિપ એન્ટરપ્રાઈઝ, આશાપુરા વોટર (લક્ષ્મીવાડી), સૈફ્રા ડ્રિંકિંગ વોટર (પોપટપરા), જય દ્વારકાધિશ વોટર (કેવડાવાડી), જય ચામુંડા મિનરલ વોટર (સોલવન્ટ), ભગવતી વોટર સપ્લાયર (ગુલાબનગર), ઉમેશ મિનરલ વોટર અને ક્રિષ્ના આઈસ ફેક્ટરી (ખોખડદડ નદી પાસે) જેવા એકમોનો સમાવેશ થાય છે. ઉપરાંત સહજાનંદ ઈન્ડસ્ટ્રીઝ અને પરમધામ ઈન્ડસ્ટ્રીઝમાં ચાલતા અનેક વોટર પ્લાન્ટ્સ પણ નિયમોના ભંગ બદલ સીલ કરવામાં આવ્યા છે.

## સાત દિવસમાં ખુલાસો આપવા આદેશ : કોંગ્રેસની કાર્ય પદ્ધતિથી નાખુશ પ્રવીણભાઈએ પક્ષ વિરૂદ્ધ કર્યા અનેકવિધ આક્ષેપો

# પ્રવીણ સોરાણીને પક્ષે ફટકારી સોકોઝ નોટિસ



રાજકોટ, તા. ૧૨

ભાજપમાં જે રીતે આંતરિક વિકાસ હોવાનું જોવા મળી રહ્યું છે તેવી જ રીતે કોંગ્રેસમાં પણ ફાટ ફટ થયા હોવાના દ્રશ્યો જોવા મેળ્યા છે. પૂર્વ કોર્પોરેટર અને હાલના પ્રવર્તમાન કોર્પોરેટરના પતિ પ્રવીણ સોરાણી દ્વારા કોંગ્રેસ પક્ષમાં ચાલતા વિખવાદોને ઉજાગર કર્યા છે. જેને લઈને હાલ કોંગ્રેસ પક્ષમાં માહોલ ગરમાયો છે આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ પ્રવીણ સોરાણી વિરુદ્ધ નોટિસ ફટકારવામાં આવી છે અને સાત દિવસમાં ખુલાસો આપવા પણ કહેવાયું છે . કોંગ્રેસ પક્ષની કાર્ય પદ્ધતિ અંગે અનેકવિધ સવાલો પ્રવીણભાઈ દ્વારા ઉઠાવવામાં આવ્યા હતા ત્યારે આગામી સ્થાનિક ચૂંટણીઓમાં કોંગ્રેસને નુકસાન ન થાય તે માટે હવે પક્ષ શું પગલાં લેશે તે પણ સૌથી મોટો સવાલ છે. મળતી માહિતી મુજબ પ્રવીણભાઈ દ્વારા કહેવામાં આવ્યું હતું કે કોંગ્રેસને એક પણ મત નહીં મળે કારણ કે પક્ષના જુજ લોકો પાર્ટીની વિચારધારા થી નહીં પોતાની મનસુખ પ્રમાણે પાર્ટી ચલાવી રહ્યા છે જે પાર્ટી માટે ખૂબ નુકસાન કરતા છે.

કોર્પોરેશનની આગામી ચૂંટણી પૂર્વે કોંગેસમાં આંતરિક વિવાદના લબકારા જોવા મળી જ રહ્યા છે ત્યારે પાર્ટીના કાર્યાલય મામલે શહેર પ્રમુખ તથા પૂર્વ ધારાસભ્ય વિરૂધ્ધ વિધાનો કરનાર આગેવાનને નેતાગીરીએ શોકોઝ નોટીસ ફટકારી છે અને સાત દિવસમાં ખુલાસો માંગ્યો છે.

પ્રદેશ કોંગ્રેસની શિસ્ત સમિતિના ચેરમેન બાલુભાઈ પટેલની સહીથી રાજકોટ કોંગ્રેસના આગેવાન પ્રવિણ સોરાણીને શોકોઝ નોટીસ ફટકારવામાં આવી છે. અને કહેવાયું છે કે પાર્ટીને નુકશાન થાય તેવા વિધાનો સોશ્યલ મીડીયા સહિતના જાહેરમંચ પર કરતા હોવાનું ધ્યાને આવ્યું છે જેનાથી પાર્ટીની છબી ખરડાય છે. ઉપરાંત સમાજમાં પણ પ્રત્યેની ખોટી છાપ ઉભી થાય છે. આ વર્તન સહન ન થઇ શકે અને શિસ્તભંગની વ્યાખ્યામાં આવે છે.

શિસ્તભંગની કાર્યવાહીના ભાગરૂપે પગલા કેમ ન લેવા? તે પ્રકારની શોકોઝ નોટીસમાં સાત દિવસમાં ખુલાસો માંગવામાં આવ્યો છે. નિર્ધારિત સમયમાં ખુલાસો ન થવાના સંજોગોમાં એકશન લેવાની ચિમકી આપવામાં આવી છે. કોંગ્રેસના સૂત્રોએ કહ્યું કે સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પૂર્વે જાહેરમાં અને સોશ્યલ મીડિયામાં વાંધાજનક નિવેદનો સામે પગલા ન લેવાય તો ખોટી છાપ ઉપસી શકે તેને ધ્યાનમાં રાખીને શિસ્તભંગના પગલા લઇને અન્ય અસંતુષ્ટો હોય તો તેને પણ સ્પષ્ટ-કડક મેસેજ આપી દેવાનો વ્યૂહ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગત સપ્તાહમાં પ્રવિણ સોરાણીએ સોશ્યલ મીડિયામાં પોસ્ટ મુકી હતી. પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજ્યગુરુ કોંગ્રેસને પેઢી સમજતા હોવાનું અને આ કારણે અનેક નેતાઓ તેમની માલીકીના કાર્યાલયે જતાં નથી. શહેર પ્રમુખ રાજદિપસિંહ જાડેજામાં કાર્યાલય બદલવાની ત્રેવડ ન હોય તો રાજીનામુ આપી દેવું જોઇએ તેવો પણ પોસ્ટમાં ઉલ્લેખ હતો. ચૂંટણીમાં કોંગ્રેસને એક પણ બેઠક નહીં મળવા જેવા વિધાન પણ કર્યા હતાં.